Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૦૩
તા.૧૯-૦૫-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ સુદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૮ સૂર્યાસ્ત : ૦૭:૧૫

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૨.૬ | વડોદરા | ૪૩.૦ |
| અમદાવાદ | ૪૩.૮ | સુરત | ૩૫ |
| ગાંધીનગર | ૪૨.૨ | નલિયા | ૩૭.૮ |

ચાંદી : ૪૦૩૦૦ સોનું : ૩૨૩૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# 'સુપ્રિમ'ઝટકો : કર્ણાટકમાં આજે બળાબળનાં પારખાં

## સુપ્રીમની ત્રણ જજની બેંચે તર્કદાર દલીલો ઉપર સુનાવણી કર્યા બાદ શનિવારે સાંજે ચાર વાગે ગૃહમાં બહુમતી સાબીત કરવા આદેશ કર્યો : યેદીયુરપ્પા પાસે સંખ્યાબળ એકત્રિત કરવા માટે ખુબ જ ઓછો સમય

બેંગલોર

કર્ણાટકમાં મુખ્યપ્રધાન બીએસ યેદીયુરપ્પાની સામે મોટો પડકાર ઉભો થઈ ગયો છે. કારણ કે તેમને આવતીકાલે શનિવારે સાંજે ચાર વાગે ફ્લોર ટેસ્ટ કરવા માટે કહેવામાં આવ્યુ છે. સુપ્રીમ કોર્ટે આજે કર્ણાટકમાં ગુંચવણના મામલે સુનાવણી હાથ ધરી હતી. આખરે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યુ હતુ કે આવતીકાલે ચાર વાગે બહુમતિ પરીક્ષણ કરવામાં આવનાર છે. કોંગ્રેસના વકીલ સિંઘવી દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે કોઈ પણ વિલં વગર ફ્લોર ટેસ્ટ કરવામાં આવે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે સુનાવણી વેળા કહ્યુ હતુ કે ભાજપ સૌથી મોટી પાર્ટી છે. આ ઉપરાંત બે વિકલ્પ છે. રાજયપાલ વજુભાઈ વાળાના નિર્ણયનુ પણ પરીક્ષણ કરવામાં આવનાર છે. શનિવારના દિવસે જ ફલોર ટેસ્ટ કરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટે સુનાવણી વેળા એમ પણ કહ્યુ હતુ કે પ્રી પોલ અલાયન્સ પોસ્ટ પોલ એલાયન્સ કરતા અલગ છે. જેથી પરીક્ષણ ગૃહમાં ફલોર ટેસ્ટ મારફતે કરાશે. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન યેદીયુરપ્પાના મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કર્ણાટકની રાજનીતિમાં સમગ્ર રાત્રી ગાળા દરમિયાન અભૂતપૂર્વ હાઈડ્રામાની સ્થિતી રહ્યા બાદ ગઈકાલે ગુરૂવારના દિવસે સવારમાં કર્ણાટકના મુખ્યપ્રધાન તરીકે બીએસ યેદીયુરપ્પાએ શપથ લીધા હતા. આની સાથે જ કર્ણાટકમાં ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ રાજયમાં સરકાર કોણ બનાવશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો.

### કર્ણાટકમાં ભાજપના કેજી બોપૈયા પ્રોટેમ સ્પીકર

કર્ણાટક વિધાનસભામાં આવતીકાલે થનાર બહુમત પરીક્ષણ માટે ગવર્નરે પ્રોટેમ સ્પીકર તરીકે ભાજપના એમએલએ કેજી બોપૈયાની નિમણૂંક કરી છે. આ પહેલા કોંગ્રેસના ધારાસભ્ય આરવી દેશપાંડે અને ભાજપના ઉમેશ પટ્ટીના નામને લઈને ચર્ચા રહી હતી. ગૃહના સૌથી સિનિયર ધારાસભ્યને આ હોદ્દા ઉપર રાખવામાં આવે છે. બોપૈયા ત્રણ વખત ભાજપની ટિકિટ ઉપર ધારાસભ્ય તરીકે રહ્યા છે. શકિતપરીક્ષણનું કામ ત્યારબાદ પ્રોટેમ સ્પીકરના નેતૃત્વ અને તેમની દેખરેખ હેઠળ થશે. કોંગ્રેસ પાર્ટીએ બોપૈયાને પ્રોટેમ સ્પીકર બનાવવાનો વિરોધ કર્યો છે. કોંગ્રેસના નેતા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું છે કે, જે કામ ભાજપે કર્યું છે તે નિયમોની વિરુદ્ધ છે. આદર્શ રીતે સૌથી સિનિયર સભ્યને આ હોદ્દા ઉપર રાખવામાં આવે છે. બીજી બાજુ ભાજપના વરિષ્ઠ નેતા પ્રકાશ જાવડેકરે કહ્યું છે કે, કેજી બોપૈયાને ૨૦૦૮માં પણ એજ વખતે રાજ્યપાલે પ્રોટેમ સ્પીકર બનાવ્યા હતા.

## અંકુશરેખા પર પાક. સૈન્યનો ફરી ગોળીબાર : જવાન સહિત પાંચનાં મોત

શ્રીનગર

રમજાનના પવિત્ર મહિના દરમિયાન ત્રાસવાદીઓ સામે કોઈ પણ ઓપરેશન હાથ નહીં ધરવાની જાહેરાત ભારત સરકારે કરી હોવા છતાં પાકિસ્તાની સેના પર તેની કોઈ અસર થઈ નથી. પાકિસ્તાને સરહદ પર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર જારી રાખ્યો છે. પાકિસ્તાનના કૃત્યોના કારણે ફરી એકવાર સાબિત થઈ ગયુ છે કે તે હિંસાને જારી રાખવા માટે ઈચ્છુક છે.પાકિસ્તાની સૈનિકોએ આજે જમ્મુ કાશ્મીરના જુદા જુદા સેક્ટરોમાં અંકુશરેખા પર ભારતીય ચોકીઓ ઉપર ભીષણ ગોળીબાર કર્યો તો. આરએસપુરા, વિશ્વનાથ અને અરણિયા સેક્ટરમાં ભારતીય ચોકી ઉપર ભીષણ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં ચાર નાગરિકો અને બીએસએફના એક જવાનનું મોત થયું છે. જયારે બીએસએફના એક ઓફિસર સહિત અન્ય ૧૨ લોકો પાકિસ્તાનના ગોળીબારમાં ઘાયલ થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જમ્મુ કાશ્મીરની યાત્રા પહેલા સતત ત્રીજા દિવસે પાકિસ્તાને ગોળીબાર કર્યો છે. વડાપ્રધાન આવતીકાલે જમ્મુ કાશ્મીર પહોંચનાર છે. બીએસએફના એક અધિકારીએ કહ્યું છે ક, પિટ્ટલ બીઓપી ખાતે બીએસએફના એએસઆઈને ગોળીબારમાં ઈજા થઈ હતી. તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આરએસપુરા અને અરણિયા સેક્ટરમાં પાકિસ્તાની સૈનિકોએ ભીષણ ગોળીબાર કર્યો હતો. ઈજાગ્રસ્તોને અહીં હોસ્પિટલ ખસેડાયા હતા. બુલેટપ્રુફ વાહનોમાં ઘાયલ લોકોને ખસેડવામાં આવ્યા હતા.

## વિચાર વૈભવ...

### આરાધ્યદેવ: જીવન

એક સ્વાધ્યાયપરાયણ, વિદ્યાર્થી- વત્સલ અને રાષ્ટ્રપ્રેમી શિક્ષક તથા ઓજસ્વી શૈલીના લેખક ગોવિંદરાવ પા. ભાગવતનો જન્મ મધ્ય ભારતમાંથી ગુ- જરાતમાં આવી વસેલા મહારાષ્ટ્રીય કુટુંબમાં થયો હતો. ગાંધીજીએ અસહકારની હાકલ કરતાં મેટ્રિકમાંથી અભ્યાસ છોડીને એ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા હતા ને પછી ગામડાંમાં સ્વરાજના સૈનિક તરીકે કામ કરવા લાગી ગયા હતા. સુણાવમાં રાષ્ટ્રીય શાળા શરૂ થતાં પોતાના મોટા ભાઈ ગોપાળરાવ સાથે તેઓ એ શાળામાં પહોંચ્યા હતા. તેજસ્વી નક્ષત્રમાળા સમું એક વિરલ શિક્ષક- જૂથ એ શાળામાં એકઠું થયું હતું. રવિશંકર મહારાજ એના સ્થાપક હતા. એ શાળાએ આસપાસનાં ગામોમાં જે સંસ્કાર સીંચ્યા હતા. તેનો પ્રભાવ દાયકાઓ પછી પણ વર્તાતો રહ્યો.

શિક્ષકનું કામ સ્વીકાર જ ગોવિંદરાવે પોતાનું ઘડતર શરૂ કર્યું. કવિ 'કાન્ત' નો ' શિક્ષણનો ઈતિહાસ' એમનું 'બાઈબલ' બની ગયું. એમનો આરાધ્યદેવ જીવન હતું. ગમે તે વિષય શીખવતા હોય, વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કરવામાં તેનો કઈ રીતે ઉપયોગ કરવો એ જ તે વિચારતા હોય. પોતે જન્મે મહારાષ્ટ્રીય, પણ મરાઠી કરતાં ગુજરાતી ભાષા ઉપર તેમનું પ્રભુત્વ વધારે હતું.

૧૯૩૫ માં ગાંધીજીને હાથે નડિયાદમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની સ્થાપના થઈ ત્યારે ગોવિંદરાવને ત્યાં બોલાવવામાં આવેલા. ૧૯૪૨ ની લડતમાં વિદ્યાલય બંધ થયું ત્યારે એમણે કમલ પ્રકાશન મંદિર નામે પ્રકાશન સંસ્થા શરૂ કરી. એ વખતે પુસ્તકોના થેલા ઉપાડીને થેલા ઘેર ઘેર જઈ લોકોને સદ્‌વાચનનો શોખ લગાડવા એમણે કરેલા પ્રયત્નો સ્વરાજની લડતના પુરુષાર્થ કરતાં લગારે ઓછા નહોતા.

- નગીનદાસ પારેખ

### તીવ્ર ગરમીથી સામાન્ય લોકોને આંશિક રાહત મળી

## ગરમીના પ્રકોપ વચ્ચે સાંજે હવામાનમાં એકાએક પલ્ટો



અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમીનો પ્રકોપ યથાવત રીતે જારી રહ્યો છે. આજે સાંજે હવામાનમાં એકાએક પલ્ટો આવ્યો હતો. જેથી મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો હતો અને ગરમીથી લોકોને આંશિક રાહત મળી હતી પરંતુ બપોરના ગાળામાં લોકોએ આગઝરતી ગરમીનો અનુભવ કર્યો હતો. રાજયના અનેક ભાગોમાં આજે પણ પારો ૪૪થી ઉપર રહ્યો હતો. આજે રાજયમાં સૌથી વધારે ગરમીનો અનુભવ કંડલા એરપોર્ટ ખાતે થયો હતો. જયાં મહત્તમ તાપમાન ૪૪.૯ ડિગ્રી નોંધાયું હતું. આવી જ રીતે પોર્ટખાતે ૪૪.૬ ડિગ્રી તાપમાન રહ્યું હતું. હવામાન વિભાગ તરફથી આગામી બે દિવસ દરમ્યાન હીટવેવની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. જેથી લોકો વધારે સાવધાન થઈ ગયા છે. અમદાવાદમાં મોટાભાગના લોકો બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી હિટવેવ એક્શન પ્લાનના સંદર્ભમાં કેટલીક સૂચનાઓ પણ જારી કરવામાં આવી ચુકી છે. અમદાવાદ સહિત રાજયમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. અમદાવાદમાં આજે બપોરના ગાળામાં ભરચક રહેતા વિસ્તારો પણ સુમસામ દેખાતા હતા. લોકોએ બપોરના ગાળામાં બહાર નિકળવાનું ટાળ્યું હતું. તબીબો પણ વધુ પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવાની સલાહ આપી રહ્યા છે. અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં બપોરના ગાળામાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાયેલું રહ્યું હતું. લોકોએ બહાર નિકળવાનું ટાળ્યું છે. હવામાન વિભાગ તરફથી સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં હિટવેવની ચેતવણી બે દિવસ માટે જારી કરવામાં આવી છે જેના પરિણામ સ્વરુપે તંત્ર સાવધાન થઈ ગયું છે.

## મોદી આગામી સપ્તાહે ઈન્ડોનેશિયાના પ્રવાસે

### ભારતીય નૌકાસેના માટે મોટી ભેંટ મળે તેવી પણ શક્યતા



નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં જ ઈન્ડોનેશિયાના પ્રવાસે જનાર છે. આ પહેલા જાકાર્તા તરફથી કેટલાક પગલા લેવામાં આવી રહ્યા છે. એમ માનવામાં આવે છે કે, ઈન્ડોનેશિયા તરફથી ભારતીય જહાજોને ઉંડા દરિયાવાળા પોતાના ક્ષેત્ર સબાંગમાં પ્રવેશ કરવાની મંજુરી મળી શકે છે. ભારતીય નૌકા સેનાએ ઈન્ડોનેશિયા તરફથી મોટી રાહત મળવાના સમાચાર દેખાઈ રહ્યા છે. ઈન્ડોનેશિયાના નૌકા સેનાના મામલાના પ્રધાન લુહુચ પંડજૈતાને માહિતી આપતા આ મજબની વાત કરી છે. જો કો સરકારમાં નૌસેના મામલાઓના મંત્રીએ કહ્યું છે કે, ભારત અને ઈન્ડોનેશિયા બંનેએ સાથે મળીને ૨૦૧૭માં નૌસેના અભ્યાસની કામગીરી હાથ ધરી હતી. દરિયાઈ વિસ્તારોમાં સહકાર વધારવા પગલા લેવામાં આવી રહ્યા છે. સબાંગ દરિયાઈ ક્ષેત્ર ભારતના સહકાર માટે ઈચ્છુક છે. સબાંગ કોર્ટ ખુબ જ વિકસિત કોર્ટ પૈકી એક છે. વડાપ્રધાન મોદી આગામી સપ્તાહમાં ઈન્ડોને શિયાની યાત્રા કરનાર છે. અલબત્ત તેમના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી નથી. મોદીની આ પ્રથમ ઈન્ડોનેશિયન યાત્રા છે. તેઓ દ્વિપક્ષીય વાતચીતમાં ત્યાના પ્રમુખ દો વિદોદોને મળશે. જાકાર્તામાં જુદા જુદા કાર્યક્રમોમાં પણ ભાગ લેશે. સબાંગમાં એક હોસ્પિટલનું ઉદ્‌ઘાટન પણ કરશે. સબાંગ અંદમાન અને નિકોબારથી માત્ર ૭૦૦ કિલોમીટરના અંતરે છે. ઈન્ડોનેશિયન સરકાર ઈચ્છે છે કે, ભારત આ ક્ષેત્રમાં ઈકોનોમિક ઝોનમાં પ્રવેશ કરે.

## સાર સમાચાર...

### નેશનલ રોલર મ્યુઝિકલ ચેરમાં ગુજરાતી છવાયા

અમદાવાદ

નેશનલ રોલર મ્યુઝિકલ ચેરર એન્ડ સ્પીડ સ્કેટીંગ ટુર્નામેન્ટનું આયોજન હાલમાં જ ૧૧મી મેથી ૧૩મી મે દરમિયાન નાગપુરમાં કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતમાંથી ૫૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ગુજરાતના ખેલાડીઓએ આ ચેમ્પિયનશીપમાં જોરદાર દેખાવ કરીને પ્રથમ સ્થાન મેળવવામાં સફળતા મેળવી હતી. એકંદરે ૧૯૩ મેડલ જીતવામાં ગુજરાતના ખેલાડીઓ સફળ રહ્યા હતા. ૮, ૧૧, ૧૪, ૧૭, ૧૯ અને ૧૯થી ઉપરની વયના યુવક-યુવતીઓ માટે સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

## બુલેટ ટ્રેનના સુચિત રૂટ ઉપર હાલ પશ્ચિમ રેલ્વેને કરોડોનું નુકસાન

નવી દિલ્હી

મુંબઈ-અમદાવાદના રૂટ પર વર્ષ ૨૦૨૩ સુધી દેશની પ્રથમ બુલેટ ટ્રેન દોડાવવા માટેની કામગીરી ઝડપથી ચાલી રહી છે પરંતુ હાલમાં આ રૂટ પર કરોડો રૂપિયાનુ પહેલાથી જ નુકસાન થઈ રહ્યુ હોવાની વિગત સપાટી પર આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન રાજ્ય ગુજરાતને મુંબઈ સાથે જોડી દેતા આ રૂટની હાલમા જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબેની હાજરીમાં શિલાન્યાસ ની વિધી કરવામાં આવી હતી. પરંતુ એક આરટીઆઈના જવાબમાં રેલવેથી મળેલી જાણકારી મુજબ આ રૂટ ગયા વર્ષે છેક જુલાઈ માસથી નુકસાનમાં ચાલી રહ્યુ છે. આ રૂટ પર તમામ ટ્રેનોમાં આશરે ૪૦ ટકા સીટો હાલમાં ખાલી ચાલી રહી છે. જેના કારણે પશ્ચિમી રેલવેને ભારે નુકસાન થઈ રહ્યુ છે. મુંબઈના આરટીઆઈ કાર્યકર અનિલ ગલગલીની અરજી પર જવાબમાં ભારતીય રેલવે દ્વારા કહેવામાં આવ્યુ છે કે છેલ્લા ત્રિમાસિક ગાળામાં જ તેને આ રૂટ પર ૩૦ કરોડ રૂપિયાનુ નુકસાન થયુ છે. એટલે કે ૧૦ કરોડ રૂપિયા દરેક મહિનામાં નુકસાનમાં છે. વર્તમાન રેલ નેટવર્ક નુકસાનમાં ચાલવાના કારણે બુલેટ ટ્રેનને લઈને પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. ગલગલીએ કહ્યુ છે કે આ રૂટ પર પહેલાથી જ ભારે નુકસાન છે.

## સાસરીયાના ત્રાસથી કાનડાની પરિણીતાએ ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

હિંમતનગર

હિંમતનગર તાલુકાના કાનડાની પરિણીતાએ ગત બુધવારે રાત્રીના સમયે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પરિણીતાના પિતાએ આ આત્મહત્યા માટે દુષ્પ્રેરણ કરનાર પતિ સહિત પાંચ સાસરીયા વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ઈડરના બોલુન્દ્રા ગામના રામસિંહ બાલસિંહ ચૌહાણની પુત્રી વર્ષાબાના લગ્ન ગત તા.૩૦/૪/૨૦૧૮ ના રોજ કાનડાના સંગ્રામસિંહ અગરસિંહ રાઠોડ સાથે સમાજના રીત - રિવાજ અનુસાર થયા હતા.

અનુસંધાન પાના નં.૬

## કર્ણાટકની ઘટનાના વિરોધમાં પાલનપુર ખાતે કોંગ્રેસનાં ધરણાં

### સ્થાનિક ધારાસભ્ય સહિત અન્ય નેતાઓની ગેરહાજરી ચર્ચાની એરણે



સંજય જોષી

પાલનપુર

કર્ણાટકમાં ભાજપને સરકાર રચવાના અપાયેલા આમંત્રણને કોંગ્રેસ લોકશાહીનું ખૂન ગણાવી રહી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસે પાલનપુર ખાતે ધરણા યોજી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળાએ લોકશાહીનું હનન કરી પાછલા બારણેથી ભાજપને સત્તા સોંપી છે. જેનો વિવાદ સુપ્રિમકોર્ટ સુધી પહોંચ્યો છે. ત્યારે આજે કોંગ્રેસે રાજયવ્યાપી ધરણાંનો કાર્યક્રમ યોજયો હતો. જેના ભાગરૂપે પાલનપુર ખાતે પણ બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ દ્વારા ધરણાં યોજી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જોકે, ખુબજ પાંખી હાજરીમાં યોજાયેલા જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્ય સહિત જિલ્લા કોંગ્રેસ પ્રમુખની ગેર હાજરી ચર્ચાની એરણે ચડી હતી

## ગતકડું....

- દેવન વ્યાસ



સાચા ભાગ્યશાળી તો કર્ણાટકમાં ચુંટાયેલ ધારાસભ્યો છે, રાતોરાત તેમની કિંમત પ્રજા સમજી ગઈ હશે ?

## દીઓદરમાં વીજ કરંટથી યુવકનું મોત



અશોક શેઠ

તાલુકા પ્રતિનિધી દીઓદર

ઉત્તર પ્રદેશના જાલોર જીલ્લાના ગીધનખોડ ગામના વતની અને બે વર્ષથી દીઓદરમાં ગણપતિ મંદિરની પાસે શીવનગર સોસાયટીમાં રહેતા અને પાણી પુરીનો વ્યવસાય ધરાવતા વિરેન રામપ્રકાશ બઘેલ (ઉ.વ.૩૦) ગઈકાલે સવારે પોતાના ઘરે સ્નાન કરી રહ્યા હતા તે સમય દરમ્યાન પાણીની મોટરની પાઈપ નીકળી જતાં તેને ફીટ કરવા જતાં જોરદાર કરંટ લાગતાં તેઓ ઘટના સ્થળે ફસડાઈ પડેલ અને મૃત્યુ પામેલ. આ અંગેની જાણ આજુબાજુના લોકોને જાણ થતાં ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડેલ અને ૧૦૮ ને જાણ કરતાં ૧૦૮ના પાયલોટ દિનેશભાઈ નાઈ અને ઈ.એમ.ટી. દેવરામભાઈ જોષીએ ૧૦૮ દ્વારા તાત્કાલીક દીઓદર રેફરલ હોસ્પિટલમાં ખસેડેલ. જયાં ફરજ ફરના ડોક્ટરોએ મૃત જાહેર કરેલ. મૃતકને સંતાનમાં ૩ પુત્રી અને ૧ પુત્રને વિલાપ કરતા છોડી ગયા છે.

JUST FOR EDUCATION
Empower your dream
MBBS in PHILIPPINES
info@justforeducation.com
www.philippinesmbbs.com
+91 6351537742,
079 48906310-11, 48916310

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ. પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

રામઆશરા અન્નક્ષેત્ર ટ્રસ્ટ સંચાલિત
પી.ટી.શાસ્ત્રી વિદ્યાસંકુલ, ઢીમા માટે
નીચે મુજબના શિક્ષકો જોઈએ છે
B.ed. - 5 શિક્ષક (02 ગણિત - વિજ્ઞાન, 03 - ભાષા)
P.T.C. - 4 શિક્ષક
Pre. P.T.C. - 2 શિક્ષક
પ્રિન્સીપાલ - (શૈક્ષણિક ત્રણ વર્ષના અનુભવી)
ઈન્ટરવ્યુ તારીખ : ૨૫/૫/૨૦૧૮ સમય : ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે
સ્થળ : પી.ટી.શાસ્ત્રી વિદ્યાસંકુલ, ઢીમા
(રામઆશરા અન્નક્ષેત્ર, ઢીમા)
સંપર્ક નંબર : ૯૭૧૨૩૦૦૧૪૦
નોંધ : ઉમેદવારે ઓરીજનલ ડોક્યુમેન્ટ તેમજ ઝેરોક્ષ સાથે લેતા આવવું.



લોહાણા -બેસણું
મારા સુપુત્ર ગૌતમ શંકરલાલ રૂપસીભાઈ ઠક્કર નું તા.૧૪/૫/૨૦૧૮ ના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૦/૫/૨૦૧૮ ને રવિવારે સાંજે ૪-૦૦ થી ૬-૦૦ કલાક સુધી નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ-મધુર હોલ, આનંદ નગર રોડ, સેટેલાઇટ, અમદાવાદ
લી.
શંકરલાલ આર. ઠક્કર (પિતા)
દર્શકકુમાર એસ. ઠક્કર (ભાઈ)
રોશનકુમાર એસ. ઠક્કર (ભાઈ)
લતા ગૌતમ કુમાર (પત્નિ)
યશ ગૌતમ કુમાર (પુત્ર)
ધ્યાન ગૌતમ કુમાર (પુત્ર)
- :ફર્મ :- પાર્થ રેસિડેન્સી હોટેલ - અમદાવાદ. - એસ. બેકર્સ. ડીસા. રાજપથ રિસોર્ટ. ડીસા. - હોટેલ ડેઝર્ટ ઈન. થરાદ.
નોંધ : સદ્‌ગતની લૌકિક ક્રિયા (ઘડા) સમાજના રિવાજ મુજબ તાઃ ૨૧-૫-૧૮ ને સોમવારે જલારામ હોલ,સેટેલાઇટ, અમદાવાદ ના સ્થળે રાખેલ છે.

સૂર્યોદય - ૫.૫૮ સૂર્યાસ્ત - ૭.૧૫

## તિથિદર્શન

જેઠ સુદ-૫ શનિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ સુદ :પાંચમ શનિવાર નક્ષત્ર : પુનર્વસુ રાત્રે ૧૨.૨૬ પછી પુષ્ય યોગ :ગંડ કરણ:બવ આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ.વ.ઉ.) સાંજે ૬.૫૫ પછી કર્ક (ડ.હ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**અકસ્માદ્ એવ કુપ્યન્તિ પ્રસીધ્નય નિમિત્તતઃ શીલમ્ એતદ્ અસાધૂનાં અભ્ર પારિપ્લવં થયા**

ભાવાર્થઃ જેમ અસ્થિર રહેતું વાદળ કદીક વીફરે છે અર્થાત્ કોઈ જ કારણ વિના કોપ વરસાવે છે, તો કદાચ કોઈક વખતે અકસ્માતે જ પ્રસન્ન થાય છે. અસાધુ- દુર્જનોનો સ્વભાવ આવો જ હોય છે. દુર્જન- દુષ્ટ - સ્વભાવના લોકો ક્યારે રીઝે અને ક્યારે ખીજે એ નિશ્ચિત ન હોય હસતાં હસતાં વાત કરતાં હોય અને આપણા બોલવાથી કોઈ ગેરસમજ થઈ તો તરત જ ઉશ્કેરાઈ જાય પછી સંબંધ કે મૈત્રી કંઈ જ એમને દેખાતું નથી. આજકાલના સરકારી અધિકારીઓ અને બેન્ક એસટી- રેલવેના કાઉન્ટર પર બેસતા ‘પબ્લિક ડીલિંગ’ કરતા કર્મચારીઓ પોતાના કર્તવ્યમાં આવતી ફરજથી કંટાળી ‘જવાબ’ આપી આપી કંટાળી, થાકી જાય છે અને પરિણામે ઉદ્ધતાઈભર્યા, ઉશ્કેરાટથી જવાબો આપે છે, તો ક્યારેક ‘વિન્ડો’ પણ ઈન્કવાયરી ઓછી હોય તો ફુરસદે સારા જવાબ આપે છે.

અહીં વાદળનો દાખલો આપ્યો છે. વાદળ ક્યારેક છાંયડો, ટાઢક અને ઝીણી બોંછાર પણ વરસાવી આનંદ આપે છે, તો ક્યારેક વાદળ ફાટવાથી થયેલા નુકશાનની વાતો પણ સાંભળવા મળતી હોય છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ઉત્સાહભર્યું વાતાવરણ સર્જાય. યશમાં વધારો થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.) મનની મુરાદ મનમાં રહે. ગૃહવિવાદ ટાળવો.**

**મિથુન : (ક.છ.ઘ.) ભૌતિક મનોકામના પૂર્ણ થાય. વાણી સંઘર્ષ થાય.**

**કર્ક : (ડ.હ.) મોશાળપક્ષ તરફથી લાભ મળે. નાણાંકીય સમસ્યાઓ દૂર થાય.**

**સિંહ : (મ.ટ.)હિતશત્રુઓથી સાવધ રહેવું. કૌટુંબિક સમસ્યાનો સામનો કરવો પડે.**

**કન્યા : (પ.ઠ.ણ.) મહત્વના કાર્ય અટકી પડે. મનમાં ઉદ્વેગ રહે.**

**તુલા : (ર.ત.) જૂની ઓળખાણથી લાભ મળી જાય. આર્થિક બાબતે શ્રેષ્ઠ દિવસ.**

**વૃશ્ચિક : (ન.ય.) આર્થિક લાભ મેળવી શકશો. શુભ સમાચાર મળે.**

**ધન : (ભ.ફ.ધ.) અણધાર્યો બનાવ બને. ચિંતા ભર્યો દિવસ વિતે.**

**મકર : (ખ.જ.) પ્રવાસથી લાભ મળે. અટકેલા કાર્યો પૂર્ણ થાય.**

**કુંભ : (ગ.શ.સ.) વડીલોથી લાગણી રહે. વાહન-મિલ્કતથી લાભ થાય.**

**મીન : (દ.ચ.જ.થ.) આનંદમય દિવસ પસાર થાય. આવક-જાવક સરભર રહે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ભારતના અદ્યતન ઉદ્યોગના પ્રણેતા દીર્ઘદ્રષ્ટા - સર જમશેદજી તાતાની પુણ્યતિથિ છે.

એમનો જન્મ ઈ.સ. ૧૮૩૯માં નવસારી થયો હતો. ભારતમાં ટેક્ષટાઈલ ઉદ્યોગનું આધુનીકરણ એ જમશેદજી તાતાને આભારી છે. એ ઉપરાંત મુંબઈનો વિકાસ, ઊંચી ઈમારતો તથા તાજમહાલ હોટલ દ્વારા અનેક રોનક વધારવા માટે એમણે અથાગ પ્રયાસો કર્યા અને મુંબઈને તેમણે વિશ્વપ્રવાસીઓના નકશા પર મૂકી આપ્યું. મૃત્યુ ૧૯/૫/૧૯૦૪

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૨૧.૦૫.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૬૬૦ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૧૮.૦૫.૨૦૧૮ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૬૦૮ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૩૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૦૫ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૬૩૩ પોઈન્ટ થી ૧૦૬૪૭ પોઈન્ટ, ૧૦૬૬૦ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૬૬૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૧૮.૦૫.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૯૨૦ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૬૦૨૬ પોઈન્ટના પ્રથમ અને ૨૬૨૬૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૫૯૩૩ પોઈન્ટ થી ૨૫૯૦૯ પોઈન્ટ, ૨૫૮૮૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૨૬૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**અમરરાજા બેટરી (૮૧૮) :- ઓટો પાર્ટસ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૭૯૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૭૮૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૮૩૩ થી રૂ.૮૪૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૮૪૮ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**વોલ્ટાસ લિમિટેડ (૫૫૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૫૨૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૫૧૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૫૭૦ થી રૂ.૫૮૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**પેટ્રોનેટ ન્દ્રર (૨૧૯) :- રૂ.૨૦૩ નો પ્રથમ તેમજ રૂ.૧૯૬ ના બીજા સપોર્ટથી PSU ઓઇલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૨૨૭ થી રૂ.૨૩૫ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**DLF લિમિટેડ (૧૯૯) :- રીઆલીટી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૨૦૮ થી રૂ.૨૧૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૧૮૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**NBCC ઈન્ડિયા (૯૫) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૬ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક કન્સ્ટ્રકશન સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૯૯ થી રૂ.૧૦૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ટાઇટન કંપની લિમિટેડ (૯૪૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ એપેરલ્સ અને એસેસરીઝ સેક્ટર નો આ સ્ટોક રૂ.૯૭૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૯૨૭ થી રૂ.૯૦૯ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૯૮૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**જસ્ટ ડાઈલ (૪૪૦) :- રૂ.૪૫૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૬૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૪૨૭ થી રૂ.૪૧૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૪૭૪ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**અરવિંદ લિમિટેડ (૪૦૩) :- ટેક્ષટાઇલ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૪૧૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૩૯૩ થી રૂ.૩૮૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**રિલાયન્સ કેપિટલ (૩૮૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઇનાન્સ સેક્ટરનો આ સ્ટોક રૂ.૪૦૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૩૬૬ થી રૂ.૩૫૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૪૧૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**હિન્દ પેટ્રો (૩૧૩) :- રૂ.૩૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૪૦ ના સ્ટોપલોસે વેચવાલાયક આ સ્ટોક તબક્કાવાર રૂ.૩૦૨ થી રૂ.૨૯૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૩૪૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો **www.nikhilbhatt.in** ને આધીન...!!!

# યુવા સ્ટોક એનાલીસ્ટ નિખિલભાઈ ભટ્ટને જન્મદિનની શુભેચ્છા

ડીસા

ભારતીય શેરબજારના એનાલીસ્ટોમાં જેમનું નામ સફળતાના પ્રથમ શિખરે છે અને સ્ટોકમાર્કેટ સાથે પોતીકો સંબંધ ધરાવતા ગુજરાતના યુવા સ્ટોક એનાલીસ્ટ નિખિલભાઈ ભટ્ટ શેરબજારના એક માત્ર આઈએસઓ ૯૦૦૧:૨૦૧૫ સર્ટિફાઈડ તેમજ સેબી માન્ય રીસર્ચ એનાલીસ્ટ તરીકે શેરબજારમાં ટ્રેડીંગ સંદર્ભે સચોટ અને સંપૂર્ણ રીસર્ચ માહિતી “ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ”, “માર્કેટ સ્કેન“, “માર્કેટ મુવમેન્ટ”, “માર્કેટ ટ્રેન્ડ“ જેવી આર્થિક કોલમોના માધ્યમથી અંદાજીત ૩૦ દૈનિકપત્રો અને ટી.વી. મીડિયા તેમજ સ્ટોક સ્પેશીફીક ટેકનીકલ લેવલને છેલ્લા ૧૭ વર્ષથી રોકાણકારો, ટ્રેડરો અને હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોને સચોટ માર્ગદર્શક બન્યા છે.



સ્વભાવે શાંત, સરળ અને મિલનસાર ઉપરાંત અનેક મિત્રવર્તુળ ધરાવતા નિખિલભાઈ ભટ્ટ શેરબજારના ટ્રેડીગ સંદર્ભે સચોટ અને સંપૂર્ણ રીસર્ચ માહિતી રૂપે શેરબજારમાં ટ્રેડીગ સ્ટેપ્સ જેમ કે નિફ્ટી તેમજ બેન્ક નિફ્ટી ફ્યુચર રેન્જ, ઈન્ટ્રા ડે તેમજ પોઝીશન સ્ટોક સ્પેશીફીક ટ્રેડીગ કોલ્સ તેમજ ઈન્વેસ્ટમેન્ટ કોલ્સ વગેરે સોશિયલ મીડિયાના ભાગરૂપે www.investmentpoint.in તેમજ www.nikhilbhatt.in ના વેબ પોર્ટલ દ્વારા રોકાણકારો તેમજ ટ્રેડરોને ઉપરાંત પેઈડ કસ્ટમરને સ્ટોક માર્કેટ કન્સલ્ટન્ટન્સી સર્વિસીઝ સફળતાપૂર્વક આપી રહ્યા છે.

વિશેષ ઉપલબ્ધી તરીકે છેલ્લા ૮ વર્ષથી એકપણ જાહેરખબર વિનાનું એક માત્ર ગુજરાતી આર્થિક સાપ્તાહિક “ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ” ના તેઓ તંત્રી / માલિક પદેથી શેરબજારની રુખ તેમજ સ્ટોક માર્કેટ સમીક્ષા સંદર્ભે સેબી માન્ય રીસર્ચ એનાલીસ્ટ તરીકેની પોતાની પ્રતિભાશક્તિ સાબિત કરી સફળ એનાલીસ્ટોમાં નંબર ૧નું સ્થાન તેમજ સોશિયલ મીડિયામાં પણ પ્રથમ સ્થાન નોંધાવી રોકાણકારો, ટ્રેડરો અને હાઈનેટવર્થ ઈન્વેસ્ટરોમાં યુવા પ્રતિભાનો સવિશેષ પરિચય અને ઓળખ ધરાવે છે. બિનવિવાદિત આ યુવા પ્રતિભા નિખિલભાઈ ભટ્ટ હાલમાં દિલ્હી સ્થિત કન્ઝુમર કો ઓર્ડીનેશન કાઉન્સીલ (સીસીસી) ફેડરેશનના સંપૂર્ણ માર્ગદર્શન પ્રવક્તા તરીકે ઈન્વેસ્ટર પ્રોટેક્શન કમિટીના ચેરમેન પદેથી રોકાણકારોને સમ્પૂર્ણ માર્ગદર્શક તરીકે સેવારત છે...!!

નિખિલભાઈ ભટ્ટ રાષ્ટ્રીય નિવેશક મંચના “રાષ્ટ્રીય અધ્યક્ષ“ તેમજ આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ મહાસંસ્થાની આંતરરાષ્ટ્રીય બ્રાહ્મણ નિવેશક શાખામાં “રાષ્ટ્રીય અધ્યક્ષ“ પદે સતત કાર્યશીલ રહી સંગઠનની અતિ મહત્વપૂર્ણ જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છે.

તેમની યુવા પ્રતિભાનો ઉતરોતર વિકાસ તેમજ પ્રગતી થાય તેવી જન્મદિન નિમિતે ખુબ ખુબ શુભેચ્છાઓ...!!! નિખિલભાઈ ભટ્ટનો મોબાઈલ નંબર ૦૯૯ ૭૯૩ ૮૦૮૦૮ છે.

# વડોદરામાં ભાગવદ્ કથામાં ટ્રાફિક અવેરનેસના શપથ લેવડાવતા પોલીસ કમિશ્નર



વડોદરા

વડોદરાના ઈસ્કોન મંદિરના પ્રાંગણમાં પરષોત્તમ માસ નિમિતે શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ થયો છે. એસી ડોમ મા આયોજીત આ કથાનો લાભ ભાવિકો તા. ૨૨ સુધી બપોરે ૩ :૩૦ ક.થી સાંજે ૬:૩૦ ક. સુધી લઈ શકશે. કથાનુ શ્રવણ ભાગવત ભૂષણ પુ.શ્રી બાલ વ્યાસ ગોપાલજી મિશ્ર કરાવી રહ્યા છે. કથાનુ આયોજન બીઆરજી ગૃપના ફાઉન્ડર બકુલેશ ગુપ્તા અને ગિરિશ માહેશ્વરી દ્વારા તેમના.પિતૃઓવડોદરાના ઈસ્કોન મંદિરના પ્રાંગણમાં પરષોત્તમ માસ નિમિતે શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ થયો છે.

**અનુસંધાન પાના નં.૬**

# દીઓદર સ્વામીનારાયણ મંદીર ખાતે સત્સંગ કાર્યક્રમ યોજાયો



તા.પ્રતિ. દીઓદર

દીઓદર ખાતે તા.૧૭-૫-૧૮ને ગુરૂવારના રોજ રાત્રે ૮ કલાકે રોહીતકુમાર રમણીકલાલ સોનીના પુત્ર ચિ.પુરબના જન્મદિવસ નિમિત્તે સ્વામી નારાયણ મંદિર દીઓદર ખાતે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં સ્વામી નારાયણ મંદિર અમદાવાદના સંત ચંદ્રપ્રકાશ સ્વામી, ગોપાલદાસ સ્વામી ઉપસ્થિત રહીને સત્સંગ કરવામાં આવેલ. આ પ્રસંગે દીઓદર નાયબ કલેક્ટર એ.ડી. ચૌહાણ સહીત મહાનુભાવો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# ધાનેરામાં પિતૃ મોક્ષાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

હિન્દૂ ધર્મમાં પિતૃ મોક્ષાર્થે અધિક પુરુષોત્તમ માસમાં કરવામાં આવતા દાન પુણ્યનું વિશેષ મહત્વ રહેલું છે. જેથી ધાનેરા ખાતે પણ પિતૃ મોક્ષાર્થે શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન ગૌ સેવા સમિતિ, શ્રીમદ ભાગવત સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું છે. જેના પ્રથમ દિવસે પોથીયાત્રા યોજાઈ હતી જેમાં ભાગવત કથાના કથાકાર વક્તા યશવંત શાસ્ત્રીજી, ધાનેરા નગર પાલિકા પ્રમુખ બળવંતજી રાવ સહિત ગૌ ભક્તો ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને શ્રીમદ ભાગવતજીની આરતી ઉતારવામાં આવી હતી.

# વડાવળમાં દૂધરેજ વડવાળા ધામના કોઠારી મહંતનું સ્વાગત


નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

સમગ્ર રબારી સમાજના આસ્થાનું કેન્દ્ર દૂધરેજ વડવાળા ધામના કોઠારી બાપુ મુકુન્દરામ મહારાજ સહિત અન્ય સંતો વડાવળ ગામમાં પધારતા તેમનું સમગ્ર લોઢા પરિવાર દ્વારા ભવ્ય સવાગત કરાયું હતું.

પ.પૂ. નિર્મોહી પીઠાધીશ્વર અનંત શ્રી વિભુષિત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર શ્રી કનીરામદાસજી બાપુના આર્શીવાદથી વડાવળ ગામમાં લોકફાળા માટે આવેલા કોઠારી મુકુન્દારામ બાપુને દૂધરેજ ધામ વડવાળા મંદિર દ્વારા ચાલતી વિવિધ સેવાકીય શૈક્ષણિક અને સામાજીક પ્રવૃત્તિઓથી દરેક ને વાકેફ કર્યા હતા અને વડવાળા ધામમાં આપેલ દાન દરેક જન સમુદાયને ખુબ ઉપયોગી થઈ રહ્યું છે. ત્યારે વડાવળ ગામના રબારી સમાજના લોઢા પરિવાર દ્વારા બાજરીની બોરીઓનું દાન આપ્યું હતું. આ સાથે દુધરેજ ધામના કોઠારીબાપુ સહિત સંતો અને ઉપસ્થિત ભાવિકોએ ભોજન પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

આ પ્રસંગે દુધરેજ ધામ વડવાળા મંદિરના કોઠારી મુકુન્દદાસ બાપુએ દરેકને વડવાળા દેવના આર્શીવાદ આપ્યા હતા.

# ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મીશન ઈન્ટરશીપ સ્વૈચ્છિક શ્રમદાન કાર્ય યોજાશે

પાલનપુર

ભારત સરકાર યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસ ડીપાર્ટમેન્ટ તથા માનવ સંશાધન વિકાસ મંત્રાલય સંચાલિત નેહરૂ યુવા કેન્દ્ર સંગઠન, ગાંધીનગર દ્વારા ઝોનલ ડાયરેકટર અનિલકુમાર કૌશિકના જણાવ્યા મુજબ સ્વચ્છ ભારત સમર ઈન્ટરશીપ કાર્યક્રમ તા.૦૧-૦૫-૨૦૧૮ થી ૩૧-૦૭-૨૦૧૮ સુધી ભારત સરકારના પેટા જળ અને સ્વચ્છતા મંત્રાલય સાથે સંકલન કરી સ્વચ્છ ભારત સમર ઈન્ટરશીપ કાર્ય ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘મન કી બાત’ રેડીયોમાં જણાવ્યા મુજબ સમગ્ર બનાસકાંઠા જિલ્લો ગંદકી મુક્ત બને સ્વૈચ્છિક ૧૦૦ કલાકથી વધુ શ્રમદાન દ્વારા ગ્રામજનોમાં શૌચાલયની જરૂરીયાત તથા શાળા, આંગણવાડી, જાહેર શૌચાલય નિયમિત સફાઈ કરવી, જાહેર હિતની જગ્યાઓ જેવી કે, મંદિરો, મસ્જીદો, ગ્રામ પંચાયતો, વોટર વર્કસ, પ્રા.શાળાઓ, પોસ્ટ ઓફીસો, રાષ્ટ્રીય કૃત બેંકો વિગેરેની નિયમિત સફાઈ થાય અને આ સમર ઈન્ડર શીપ (ઉનાળો વેકેશન) માં ગ્રામિણ વિસ્તારમાં કરવા માંગતા હોય તેવા યુવાનો, યુવક મંડળો, સખી મંડળો, એન.એસ.એસ., એન.સી.સી., ગ્રામ પંચાયતો, દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, સરપંચો, આશા વર્કર બહેનો, આં. કાર્યકરોએ રજીસ્ટ્રેશન કરાવવું. રજીસ્ટ્રેશન : (ર્ ://જીહ્વજૈ.દ્બઅર્જ્ઙ઼.હ) પર રજીસ્ટ્રેશન કરાવવું. આ કાર્યક્રમમાં ઉમદા યોગદાન આપનાર ટોચના ૩ કાર્યકરોને ૩૦,૦૦૦, ૨૦,૦૦૦ અને ૧૦,૦૦૦ ના રોકડ પુરસ્કારથી નવાજવામાં આવશે.

આ બાબતે નેહરૂ યુવા કેન્દ્ર, પાલનપુર ખાતે વહીવટી અધિકારી અને એકાઉન્ટ કમલેશ શેઠીયાએ પાલનપુર કાર્યાલય ખાતે જિલ્લાના યુવક મંડળો, એન.સી.સી., એન.એસ.એસ. અને એન.વાય.સી કાર્યકરો સાથે મીટીંગનું આયોજન કરી વિગતવાર માહિતી આપી હતી. આ મીટીંગમાં ડી.સી. રાઠોડ, પ્રમુખ જાગૃતિ મહિલા મંડળ તથા અમીચંદભાઈ શ્રીમાળી, ટી.ઓ.ટી., એન.વાય કે., પાલનપુર તથા આર.કે. પલાણી, ટી.ઓ.ટી, એન.વાય.કે., પાલનપુર તથા ડાહ્યાલાલ કરણ તથા નેહરૂ યુવા કેન્દ્રના કર્મચારી અલીશા હિંગોરજાએ ઉપસ્થિત રહી મીટીંગ સફળ બનાવી હતી.

# દયાળુ રાજા

જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ દ્વારકાના રાજા હતા ત્યારની આ વાત છે. તેની દ્વારકા નગરીમાં એક પ્રજ્ઞાચક્ષુ (અંધ) પુરૂષ રહેતો હતો. તેને એક પત્ની અને એક પુત્ર હતા. પિતા-પુત્ર ઘેર ઘેર ભીક્ષા માંગી અને જીવન નિર્વાહ ચલાવતા હતા.

જે નગરીના રાજા ભગવાન શ્રી કૃષ્ણ હોય તે નગરીની પ્રજા દયાળુ હોય એ તો સ્વાભાવિક જ છે. આ પ્રજ્ઞાચક્ષુ (અંધ) એવો પુરૂષ ખૂબ જ સંતોષી અને ભલો હતો અને પોતાના કુટુંબ જેટલું મળી રહે એટલે તે વધુ ભીક્ષા માટે પણ ન ફરતો.

ગામને છેવાડે એક નાનું ઝુપડું બનાવી અને તેમાં એ કુટુંબ રહેતું હતું. પોતાના જીવનમાં સંતોષ અને આનંદ હતો. કુટુંબના ત્રણેય સભ્યોને ત્રણેય સભ્યોને કોઈપણ પ્રકારનું દુઃખ જ ન હતું.

આવા એ કુટુંબમાં એક દિવસ વિચિત્ર બનાવ બની ગયો. તે પ્રજ્ઞાચક્ષુનો પુત્ર સમુદ્ર કિનારે રમવા ગયો. ત્યાં તે રેતીના ઝુપડાં બનાવતો હતો. ત્યારે ત્યાં એક બીજો છોકરો આવ્યો. તેણે આવીને આ પ્રજ્ઞાચક્ષુના પુત્રએ બનાવેલા ઝુંપડાને ભાંગી નાખ્યા ત્યારે વિવેક સાથે પ્રજ્ઞાચક્ષુના છોકરાએ કહ્યું, “ભાઈ, હું માટીના ઝુંપડા બનાવું તેને તું ભાગી નાખે છે તને આમ કરવું શોભતું નથી.”

આ સાંભળી અને છંછેડાયેલો તે છોકરો કહેવા લાગ્યો, “તું જ્યાં જ્યાં ઝુંપડા બનાવીશ ત્યાં ત્યાં હું તોડી નાખીશ. કારણ કે ઝુંપડામાં રહેનારા ગરીબોને હું ધિક્કારૂ છું’ આમ, તેણે ગરીબ છોકરાનો તિરસ્કાર કર્યો.

ગરીબાઈને લીધે તિરસ્કૃત થયેલા એવા તે પ્રજ્ઞાચક્ષુના પુત્રને આ વાત સાંભળી ક્રોધ તો ચડ્યો તેમ છતાં તેણે મન ઉપર કાબૂ રાખી તે છોકરાને કહ્યું, “જો ભાઈ, કોઈ ગરીબની આ રીતે હાંસી ઉડાવવી એ યોગ્ય નથી.”

ત્યારે પેલો છોકરો તેના વિશે જેમ તેમ બોલવા લાગ્યો, એટલે પ્રજ્ઞાચક્ષુના છોકરાને ખૂબ જ ક્રોધ ચડ્યો અને ક્રોધમાંને ક્રોધમાં તેણે પેલા છોકરાને માર માર્યો.

માર મારતા તો મારી ગયો પછી જાણ્યું કે, પોતે કોના છોકરાને માર માર્યો છે ? તે સાંભળી ગભરાઈ અને ત્યાંથી ભાગ્યો અને પોતાના પિતા પાસે ઘેર ઝુંપડીમાં પહોંચી ગયો. પછી પિતાને સઘળી હકિકત કહી સંભળાવી અને કહ્યું કે, “તે છોકરો બીજો કોઈ નહી પણ આપણા રાજા શ્રી કૃષ્ણનો પુત્ર પ્રદ્યુમન હતો.”

આ સાંભળી અને પ્રજ્ઞાચક્ષુ અને તેની પત્ની તો ખૂબ જ વિલાપ કરવા લાગ્યા, “બેટા, તે આ શું કર્યું ? રાજાના પુત્ર ને ક્યારે માર મરાય ? તે આ મોટી ભૂલ કરી છે. બેટા ગમે તેમ તોય રાજા એટલે રાજા. તારી આ ભૂલની સજા આપણને સૌને ભોગવવી પડશે. એટલું જ નહીં પોતાના પુત્રને માર ખાધેલો જોઈ અને બળવાન એવા શ્રી કૃષ્ણ તો આપણને ઘાસની પેઠે ઉખાડી અને ફેંકી દેશે. બેટા, તને આવી કુબુધ્ધિ કેમ સુઝી ?”

આમ, જ્યારે પ્રજ્ઞાચક્ષુ અને તેની પત્ની વિલાપ કરી રહ્યા હતાં ત્યાં તો સાક્ષાત શ્રી કૃષ્ણ તેના પુત્ર અને સૈનિકોને સાથે લઈ પ્રજ્ઞાચક્ષુની ઝુંપડી પાસે આવ્યા. તેમનો કોલાહલ સાંભળી અને પ્રજ્ઞાચક્ષુ, તેનો પુત્ર અને પત્ની ઝુંપડામાંથી બહાર નિકળ્યા અને પ્રજ્ઞાચક્ષુની એવા એ ગરીબ તો થરથર કાંપતા બે હાથ જોડતા મહારાજા શ્રી કૃષ્ણને પ્રાર્થના કરી, “મહારાજ હું અંધ ગરીબ છું અને મારા પુત્ર એ તમારા પુત્રને માર માર્યો તે જાણી મને ખૂબ જ દુઃખ થયું. તેણે અજાણતા જ દોષ કર્યો છે. તો આપ તો વિશાળ હૃદયના છો અને મારા બાળકને અલ્પ બુધ્ધિ જાણી અને આપ ક્ષમા કરો એવી મારી નમ્ર વિનંતી છે.”

એ આગળ કંઈ બોલે તે પહેલાં શ્રી કૃષ્ણ બોલ્યા, હું તમારા ત્રણેયની કર્મ-કથની જાણું છું. માટે જ હું તમારે આંગણે આવ્યું છું. પ્રધુમન આજે નાનો બાળક છે અને તે જો રમતમાં ગરીબ બાળકોના માટીના ઝુંપડા તોડે તો ભવિષ્યમાં તે રાજા થશે ત્યારે જો ગરીબ લોકોની ઉપર પણ આવો જ અત્યાચાર કરે તો ? તેથી મેં તેને સત્ય સમજાવ્યું અને તમને તે જ કહેવા આવ્યો છું કે, તમે આ બાબતે કોઈપણ પ્રકારની જરાયે ચિંતા ન કરતા.”

આમ કહેતા શ્રી કૃષ્ણએ પોતાની યોગ શક્તિ વડે તે પ્રજ્ઞાચક્ષુની બન્ને આંખો ઉપર હળવેકથી હાથ ફેરવ્યો ત્યારે તરત જ તે પ્રજ્ઞાચક્ષુની આંખોમાં દ્રષ્ટિનો સંચાર થયો અને તે બધું જ જોવા લાગ્યો. સામે સાક્ષાત ભગવાન શ્રી કૃષ્ણને જોઈ તેને ચરણોમાં પડી જઈ અને તેમને સાક્ષાત દંડવત પ્રમાણ કર્યા.

ત્યારે ભગવાને તે ગરીબને કહ્યું, આજ દિવસ સુધી તે ખૂબ જ દુઃખ ઉઠાવ્યા છે. હવે આજથી તને કોઈ જાતનું દુઃખ નહી રહે તેવી વ્યવસ્થા કરૂ છુ કહી ભગવાને તેને ઐશ્વર્ય પણ આપ્યું.

આજનું ભજન

ધન્ય એકાદશી એકાદશી,
કરીએ તો વ્રજ સુખ પામીએ.
મારે એકાદશીનું વ્રત સારૂ છે,
એ તો પ્રાણજીવનને પ્યારૂ છે.
એ તો પ્રભુ પાસે લઈ જનારૂ છે, ધન્ય..
કોઈ બારેમાસ કરે એકાદશી,
તેના અંતરમાં વશે અવિનાશી.
નહીં કરશે તે જશે હાથ ઘસી, ધન્ય..
મારે ગંગા ઘાટે જાવું છે,
મારે જમુના જળમાં ન્હાવું છે.
મારે ભવસાગર તરી જાવું છે, ધન્ય..
જેણે એકાદશીના વ્રત કીધાં છે,
તેના પાંચ પદારથ સીધ છે.
તેને પ્રભુએ પોતાના કરી લીધા છે, ધન્ય..
અંબરીષે એ વ્રત કીધું છે,
દંડ દુર્વાસાએ દીધું છે.
રસ “કલ્યાણ” રાયે પીધું છે, ધન્ય..
કનકચંદ્ર સી.વ્યાસ

**સંકલન : શ્રીમતી રમણતારા કે. વ્યાસ**
**મું. અંજાર (કચ્છ)**

# ટોયોટા કિર્લોસ્કરે દેશભરમાં યારિસની ડિલિવરી શરૂ કરી



અમદાવાદ

ટોયોટા કિર્લોસ્કર મોટરે ગતઆજે તેની વર્સેટાઈલ્સ સેડાન યારિસને ભારતમાં લોન્ચ કરીને દેશભરમાં ગ્રાહકોના ઉત્સાહમાં વધારો કર્યો છે. આ વર્ષે લાંબા સમયથી રાહ જોવાતી કાર યારિસ અદ્યતન અને આકર્ષક ડિઝાઈન, આરામદાયકતા, શાઈનિંગ રાઈડ ક્વોલિટી અને ક્વાઈટનેસ, સારી કાર્યક્ષમતા તથા પોતાના કલાસમાં બેજોડ સુરક્ષા અને ટેકનોલોજી સજ્જ છે.

વશ નેશન વન સેલિંગ પ્રાઈઝના વ્યૂહને આધારે યારિસ હવે રૂા.૮,૭૫,૦૦૦ થી રૂા.૧૪,૦૭,૦૦૦ ની આકર્ષક રેન્જમાં દેશભરમાં સમાન કિંમતે ઉપલબ્ધ છે. સમગ્ર ભારતમાં એક્સ - શોરૂમ સ્તરે કિંમત સમાન રહેશે. જોકે, આખર કિંમત લોકલ રો ડ ટેક્સ અને ડ્યુટી મુજબ રહેશે. આ વર્ષની શરૂઆતમાં ઈન્ડિયા ઓટો એક્સપો ૨૦૧૮ માં રજુ કરાયેલી નવી સેડાન ચાર ગ્રેડ અને ૭ સ્પીડ સીવીટી (કન્ટિન્યુઅસ વેરિએબલ ટ્રાન્સમીશન) અથવા ૬ સ્પીડ એમટી (મેન્યુઅપ ટ્રાન્સમીશન) એન્જિનથી સજ્જ છે. અને તે સરળ અને જુસ્સેદાર ડ્રાઈવીંગ ઓફર કરે છે.

ટોયોટાના ક્યુડીઆરના ખ્યાલને આધારે ડિઝાઈન કરાયેલ યારિન ૧૧ ફર્સ્ટ ઈન - સેગમેન્ટ વિશેષતાઓ ઓફર કરે છે, જેમ કે પાવર ડ્રાઈવિંગ સીટ - ૭ એસડીઆર એર બેગ્સ, રૂફ માઉન્ટેડ એર વેન્ટ્સ, ટાયર પ્રેશર મોનિટરિંગ સિસ્ટમ, ફ્રન્ટ પાર્કિંગ સેન્સર્સ તથા તમામ ગ્રેડમાં સીવીટી એક્સ શોરૂમ સ્તરે દેશભરમાં કિંમત સમાન રહેશે. જોકે, લોકલ રોડ ટેક્સ અને કાર પ્રમાણેઓન રોડ કિંમતમાં તફાવત આવી શકે છે. વધુ માહિતી માટે ગ્રાહકો મુલાકાત લે : https://wwwtoyotab-harat.com.

## દુઃખથી ડરે તે નાસ્તિક, દોષથી ડરે તે આસ્તિક : રાજરક્ષિતવિજયજી મ.સા.

ડીસા

તેરાપંથ જૈન ઉપાશ્રય ડુંગરીમાં મુનિહંસબોધિ વિજયજી તથા પંન્યાસ રાજરક્ષિતવિજયજી આદિ મુનિ ભગવંતો પધારતાં ભાવભીનું સ્વાગત કરેલ.

પંન્યાસ રાજરક્ષિત વિજયજીએ જણાવેલ કે, પ્રભુ - મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યો પછી બાવીસ હજાર દેશના આપીને જીવો ઉપર મહાન ઉપકાર કરેલ છે. આ તમામ દેશના (પ્રવચન) નો સાર એક વાક્યમાં આપવો હોય તો... ‘‘હે માનવ!’’ તું તારા દોષ તરફ નજર કર અને બીજાના દુઃખ તરફ ન જર કર’’ આજ સુધીમાં આપણે ઊંધી ચેનલે ચાલ્યા છીએ. આપણા દુઃખ તરફ નજર કરી છે અને બીજાના દોષો જોવાના પ્રયત્ન કર્યો છે. માટે જ આપણે ખૂબ દુઃખી થયા છીએ.

પૂજ્યશ્રીએ કહ્યું કે, આંખમાં મરચાનો કણ પડે તે દુઃખ કહેવાય જ્યારે પરસ્રીને જોઈને આંખમાં વિકારનો કણ પડે તે દોષ કહેવાય. દુઃખ તો આ ભવ પૂરતાં હેરાન કરે જ્યારે દોષ ભવોભવ બરબાદ કરી દે છે. દુઃખભીરૂ બનવાને બદલે દોષ ભીરૂ બનવું જોઈએ. દુઃખથી ડરે તે નાસ્તિક, દોષથી ડરે તે આસ્તિક બીજાના દુઃખ દુર કરવાની ભાવનાથી પણ સંકટો નાશ પામે છે. ગરીબોની દુવા લેવાથી ડૉક્ટરની દવા ખાવાનો વારો આવતો નથી.

આજે તા. ૧૯ મે ના રોજ પૂજ્ય રાજરક્ષિતવિજયજી આદિ વલસાડ શ્વેતામ્બર સોસાયટીમાં પધારશે. પ્રવચન થશે.

# પાલનપુરમાં નવાબીકાળથી ચાલતી અનોખી પાંજરાપોળ મહાજનનો ડેલો

પાલનપુર

પાંજરાપોળની વાત આવે એટલે સામાન્ય ગાય અને ભેંસ યાદ આવે પરંતુ બનાસકાંઠાના મુખ્યાલય પાલનપુરમાં એક અનોખી પાંજરાપોળ છે સૌ વર્ષ જૂની પાંજરાપોળ સરકારી સહાયની દરકાર કરતી નથી. પાલનપુરના તીનબત્તી વિસ્તારમાં જઈએ એટલે મહાજનનો ડેલો નામ સાંભળવા મળે મહાજનનો ડેલો એટલે અહીંની અનોખી પાંજરાપોળ. પાલનપુરના તીનબત્તી વિસ્તારના ખારા વાસમાં આવેલી છે એક અનોખી પાંજરાપોળ નવાબી કાલથી કાર્યરત છે. આ પાંજરાપોળ જે તે સમયના નવાબ સાહેબે પશુઓને કતલખાને જતાં બચાવવા માટે પાંજરાપોળ શરૂ કરેલી જોકે આ પાંજરાપોળમાં માત્ર ગાયો અને ભેંસો જ નહી પરંતુ અહી નીલ ગાય કૂતરા બિલાડી મરઘા જેવા અનેક પશુ અને પક્ષીઓને અહીં વર્ષોથી સારવાર અપાય છે વર્ષોથી અહીયા દેખરેખ રખાય છે નવાબી કાળ પૂર્ણ થયો છેલ્લા કેટલાય વર્ષોથી આ અનોખી પાંજરાપોળમાં સંચાલન જૈન શ્રેષ્ઠીઓ કરી રહ્યા છે જે તે સમયે આ અનોખી પાંજરાપોળ નવાબ સાહેબે શરૂ કરી હતી. તમામ પ્રકારના પશુ અને પક્ષીઓને અહીં આશરો આપવામાં આવતો ત્યારે નવાબી કાળથી આ પાંજરાપોળને વાર્ષિક નવ હજાર રૂપિયાની સહાય મળતી સમયાંતરે વહીવટ બદલાયો ત્યારે સરકાર દ્વારા મળતી સહાય ૧૯૯૫ માં બંધ કરી દેવાઈ જો કે દાનવીર જૈન શ્રેષ્ઠીઓની દાનથી આ કહેવાથી પાંજરાપોળ અને જે મહાજનનો ડેલો કહેવાય છે કે જે પશુ અને પક્ષીઓના રક્ષણ અને સારવાર માટે ખર્ચ અને સારવાર પણ જૈન શ્રેષ્ઠીઓ કરી રહ્યા છે ત્યારે સરકાર એક તરફ પાંજરાપોળોને લાખો રૂપિયાની સહાય આપવાની વાત કરે છે. આ નવાબી કાલીન પાંજરાપોળ માટે વહીવટી તંત્ર અને સરકારનું દુર્લક્ષ્ય છે પાલનપુર ની આ એક અનોખી પાંજરાપોળ છે તમામ પક્ષી અને પશુઓ અહીયા સારવાર સાચવણી અને સંભાળ રખાય છે ત્યારે સરકારે અને વહીવટી તંત્રએ આ પાંજરાપોળને સહાય આપી અને ડેવલોપ કરવાની માંગ ઉઠી છે

મહાજન ડેલામાં આવેલી આ અનોખી પાંજરાપોળના કર્મચારીઓ પણ એ જ પ્રકારે આ પશુ અને પક્ષીઓની સેવા કરી રહ્યા છે. નવાબી કાળની આ પાંજરાપોળ ના અહીના સ્થાનિકો પણ સાક્ષી છે નવાબી કાળની અનોખી પાંજરાપોળમાં તમામ પશુઓને પક્ષીઓની સારવાર અને

અનુસંધાન પાના નં.૬

## દીઓદરમાં ઓરી રૂબેલા તાલીમ યોજાઈ



તાલુકા પ્રતિનિધિ દીઓદર

તા.૧૫-૭-૨૦૧૮થી ઓરી અને રૂબેલાનો પ્રોગ્રામ શરૂ થતો હોઈ તેના માર્ગદર્શન માટે દીઓદરમાં બ્લોક હેલ્થ કચેરી ખાતે તા.૧૮-૫-૨૦૧૮ને શુક્રવારના રોજ તાલુકા હેલ્થ કચેરીના તમામ આરોગ્ય કર્મચારીઓ, સુપરવાઈઝરોની એક મીટીંગ યોજવામાં આવેલ જેમાં તમામને તાલીમ આપવામાં આવેલ.આ તાલીમનું સંચાલન અજયભાઈ મહેતા દ્વારા કરવામાં આવેલ.

## મીઠી - પાલડી હાઈવે ઉપર અજાણ્યા વાહનની ટક્કરે ગૌવંશનું મોત

**વાહન ચાલક ટક્કર મારી ફરારઃ છાશવારે બનતા બનાવોથી જીવદયા પ્રેમીઓમાં રોષ**

પ્રતિનિધિ મીઠી પાલડી

દેશમાં ચારેબાજુ ગૌવંશ તેમજ અબોલ પશુઓ ઉપર અત્યાચારો વધી રહ્યા છે. બીજી બાજુ ધર્મપ્રેમી જનતા દ્વારા આવા અત્યાચારીઓને સજાનો કાયદો વધુમાં વધુ કડક બની રહે તેવી માંગણી પણ કરાઈ રહી છે. છતાં પણ બેફામ રીતે ચાલતા વાહન ચાલકો અબોલ પશુ કે ગૌવંશને ટક્કર મારી મોતને ઘાટ ઉતારી ફરાર થઈ જતાં હોય છે. આવી ઘટનાઓ દિન પ્રતિદિન મીડીયાના માધ્યમથી જોવા જાણવા મળી રહી છે. છતાં પણ તંત્ર આ બાબતે સજાગ નથી. જેથી જીવદયા પ્રેમીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

ગઈકાલ તા. ૧૭/૫/૨૦૧૮ ના રોજ રાત્રિના સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે પુરપાટ ઝડપે એક ગૌવંશ (આખલા) ને ટક્કર મારી ભાગી છુટ્યો હતો, જેથી તે થોડીવારમાં જ તરફડીયા ખાતો મોતને ભેટ્યો હતો.

મીઠી - પાલડીથી ચાર રસ્તા જતાં હાઈવે ઉપર



નવિન દોશી

રોડની સાઈડમાં નિરાંતે બેઠેલ આખલાને ગત રાત્રિના સમયે કોઈ અજાણ્યા વાહન ચાલકે ગફલતભર્યું ડ્રાઈવીંગ કરી ગૌવંશને ટક્કર મારી મોતને ઘાટ ઉતારી રફુચક્કર થઈ જતાં સ્થાનિક તેમજ જીવદયા પ્રેમીઓમાં રોષની લાગણી ફેલાઈ જવા પામી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે નિરંકુશ વાહન ચાલકો છાટકા બનીને અબોલ જીવોના અવારનવાર ભોગ લે છે. ત્યારે ટ્રાફિક તંત્ર બેફામ ઝડપે દોડતા વાહનોની ગતિ ઉપર બ્રેક લગાવે તેવો જનમત પ્રવર્તે છે.

## થરાદની સર્વોદય સોસાયટીના માર્ગે અધૂરી કામગીરીથી હાલાકી

પ્રતિનિધિ થરાદ

નગરપાલિકા દ્વારા બસ સ્ટેશનથી સર્વોદય સોસાયટી જોડતા રસ્તાની કામગીરી થોડા દિવસો પહેલાં હાથ ધરવામાં આવી હતી. પરંતુ તે દિવસને બદલે મધરાત્રે અને પાલિકાના સિવિલ એન્જીનીયરની ગેરહાજરીમાં માત્ર મજૂરોના ભરોંસે કરવામાં આવતાં નગરપાલિકાના તત્કાલિન ચીફઓફિસર સામે નગરજનોમાં આક્ષેપો થવા પામ્યા હતા. તથા જ્યાં સુધી નગરપાલિકા દ્વારા ભરતી બહાર પાડીને કાયમી એન્જિનિયરની નિમણૂક ન થાય ત્યાં સુધી કામગીરી પી.ડબ્લ્યુ.ડી ના સુપરવિઝનમાં કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી હતી.



વિષ્ણુ દવે

જોકે તેમ ન થતાં આ કામગીરી અધૂરી છોડી દેવામાં આવી હતી. પરિણામે એક બાજુ બનાવવામાં આવેલ થોડો અડધો રસ્તો તથા બીજીબાજુ સાઈડ પહોળી કરવા કરવામાં આવેલું ખોદકામ અને કોન્ટ્રાક્ટર દ્વારા રસ્તાની વચ્ચોવચ્ચ કરવામાં આવેલા રેતી કપચીના ઢગલાને કારણે આ રસ્તેથી પસાર થતા નગરની હાઈવે સ્થિત સોસાયટીના રાહદારીઓ અને વાહનચાલકો ભારે પરેશાની વેઠી રહ્યા છે. આ રસ્તા ઉપર જ હોસ્પિટલ અને રહેઠાણ ધરાવતા ભારતીય જનતા પાર્ટીના જિલ્લા માળખાના સદસ્ય સદસ્ય ડોક્ટર કમલેશભાઈ એન્જિનિયર આ અંગે વારંવાર પાલિકા

અનુસંધાન પાના નં.૬

## બનાસકાંઠામાં ગૌધન સાથે માલધારીઓના ધામાં

### ડીસા તાલુકામાં શક્કરટેટીના ભેલાણ કરતા ગાયોને હાશકારો



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડગામ

ઉનાળાના ધોમધખતા તાપમાં બનાસકાંઠા જિલ્લાના રસ્તાઓ પર ગૌધનના ટોળાઓ નજરે પડી રહ્યા છે. વર્ષ દરમિયાન ઉનાળાની ઋતુમાં ઢોરમાલને પાણી અને પુરતા ખોરાકની ખુબ અછત વર્તાતી હોય છે. જેમાંય પાડોશી રાજ્ય રાજસ્થાનમાં ઉનાળા દરમ્યાન ખુબ જ વિકટ સ્થિતિ રહે છે. જેથી તે વિસ્તારના માલધારીઓ પાણી અને ખોરાકની શોધમાં ગૌધનને લઈ નિકળી પડતા હોય છે. જ્યારે વરસાદ થાય ત્યારે જ પોતાના વતનમાં ગૌધન લઈને પાછા ફરતા હોય છે. ત્યાં સુધી જ્યાં ખોરાક અને પાણી મળી રહે ત્યાં કુટુંબ કબિલા સાથે પડાવ નાંખી ગૌધનને બચાવવાનો પ્રયાસ કરતાં હોય છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં ઉનાળાની સિઝનમાં વાવેતર કરેલ ખેતરોમાં પાક લેવાનુ શરૂ થતાં ગૌધનને આવા ખેતરોમાં ખોરાક મળી રહેતાં છેલ્લા કેટલાક દિવસોથી રાજસ્થાન સહિત અન્ય સ્થળો પરથી માલધારીઓએ ધામા નાખ્યા છે. ડીસા તાલુકામાં બહોળા પ્રમાણમાં શક્કરટેટી-તડબુચનું વાવેતર થયેલ હતું.

અનુસંધાન પાના નં.૬

**ડોડગામના ૨૦૦ ખેડુતોએ ટ્રેક્ટરના ૧૫,૦૦૦ ફેરા કરી**

## તળાવની માટી પોતાના ખેતરોમાં પાથરી ખેતરો ફળદ્રુપ બનાવ્યા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના ડોડગામમાં સર્વે નં. ૯૬૦માં ૭ એકર જમીન પથરાયેલ પીપળીયા તળાવને જળ સંચય અભિયાન અંતર્ગત ઉંડુ કરવાનું કામ ચાલી રહ્યું છે. આ ગામની ૩૫૦૦ જેટલી વસતી છે. ગામલોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. આ ગામના તળાવને ખોદવા ૧ હિટાચી મશીન, ૨ જેસીબી, ૫ ડમ્પર અને ૩૫ ટ્રેક્ટરો જોતરાયેલા છે. હિટાચી અને જેસીબી દ્વારા વિનામૂલ્યે ડમ્પરો અને ટ્રેક્ટરોમાં માટી ભરી આપવામાં આવે છે એટલે વહેલી સવારથી જ ગામના ખેડુતો પોતાના ટ્રેક્ટર લઈ તળાવની ફળદ્રુપ માટી લઈ જાય છે. ડોડગામના ૨૦૦ જેટલાં ખેડુતોએ ટ્રેક્ટરના લગભગ ૧૫,૦૦૦ ફેરા કરી તળાવની ફળદ્રુપ કાંપની માટી લઈ જઈ પોતાના ખેતરોમાં પાથરી ખેતરોને ફળદ્રુપ બનાવ્યા છે.

આ અંગે ગામના ખેડુતશ્રી વિરદાસભાઈ સવાભાઈ પટેલે પ્રતિભાવ આપતાં જણાવ્યું કે સરકારે શરૂ કરેલા જળ સંચય અભિયાનથી અમારા ગામના બધા જ ખેડુતો પીપળીયા તળાવની ફળદ્રુપ કાંપની માટી લઈ ગયા છે જેનાથી અમારા ખેતરોમાં હવે ખાતરની જરૂર નહી પડે. તેમણે કહ્યું કે આ તળાવ ઉંડું થવાથી અમારા ગામને પાણીની સમસ્યાથી કાયમી મુક્તિ મળશે.

બીજા ખેડુત અગ્રણીશ્રી રૂપસીભાઈ વાઘાભાઈ પટેલે કહ્યું કે રાજ્ય સરકારે તળાવની માટી મફતમાં લેવાની ખેડુતોને છુટ આપી છે એ અમારા માટે આશીર્વાદરૂપ છે. તેમણે કહ્યું કે તળાવ ઉંડા કરવાની કામગીરી ખુબ સરસ ચાલે છે.

અનુસંધાન પાના નં.૬

## ધાનેરાના મગરાવા ત્રણ રસ્તેથી વિદેશી દારૂ ઝડપાયો



તા. પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા પોલીસે ધાનેરાના મગરાવા ત્રણ રસ્તે વાહન ચેકીંગ દરમ્યાન સ્કોરપીઓ ગાડી ચેક કરતાં વિદેશી દારૂ મળી આવ્યો હતો. તેથી ચાલકની ધરપકડ કરી હતી.

મુળ હકીકત એવી છે કે રાજસ્થાનમાંથી નવા નવા રસ્તાઓથી ગુજરાતમાં વિદેશી દારૂ ઘુસાડવામાં આવી રહ્યો છે. પોલીસ તંત્ર પણ કડક તપાસ કરી રહ્યું છે. ત્યારે ધાનેરા પોલીસના સ્ટાફના જવાનો ઈશ્વરભાઈ, અરજણભાઈ રાયસંગભાઈ વગેરે મગરાવા ત્રણ રસ્તે વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન બાતમીવાળી સ્કોરપીયો ગાડી આવતાં ચેકીંગ કરતાં ગાડીમાંથી રૂા. ૭૬,૮૦૦ ની ૯૭૨ વિદેશી દારૂની બોટલો તથા બે લાખની સ્કોરપીયો ગાડી અને ચાલક ભુરાભાઈ વણાજી પરમાર (ઠાકોર) રહે. યાવરપુરા(ખેડા) તા. ધાનેરાવાળાને અટક કરી પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## અંબાજીમાં ગરાસીયા આદિવાસી સમાજનો સમુહલગ્નોત્સવ

પ્રતિનિધિ અંબાજી

બનાસકાંઠાના અંબાજી આજુબાજુના પહાડી વિસ્તારમાં મોટા ભાગે આદિવાસી સમાજ વસે છે.આદિવાસી સમાજ અન્ય સમાજોથી અલગ પડે છે અને તેમના રીત રિવાજો પણ જુદા છે ત્યારે આદિવાસી સમાજને પણ અન્ય સમાજો સાથે ભેળવવા આદિવાસી સમાજ સુધારણા અભિયાન અંતર્ગત અંબાજી ખાતે ડુંગરી ગરાસિયા આદિવાસી સમાજના સમૂહલગ્ન સમારોહનું આયોજન કરાયું હતું.આ સમૂહ લગ્ન સમારોહમાં ૫૧ યુગલો લગ્ન ગ્રંથિથી જોડાયા હતા.આ અવસરે આદિવાસી સમાજના અગ્રણીઓ તેમજ અન્ય લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવદંપતિઓને સુખી લગ્ન જીવનની શુભકામનાઓ પાઠવી હતી.આ પ્રસંગે અંબાજી ખાતે ગરાસિયા સમાજ દ્વારા ઢોલ નગારા સાથે વિશાળ શોભા યાત્રા પણ યોજાઈ હતી.ઉલ્લેખનીય છે કે મહારાણા પ્રતાપની જન્મ જયન્તિના ભાગ રૂપે આ આયોજન કરાયું હતું.

## ગરમીની મોસમમાં ગરમાળાના ફુલ ખીલ્યાં



નરસિંહ દેસાઈ

હાલ ગરમી તેની ચરમસીમાં તરફ આગળ વધી રહી છે ત્યારે ગુલમહોર અને ગરમાળાના વૃક્ષ પર નવા ફુલો આવતા હોવાથી તેના નવા રૂપરંગ ધારણ કરેલ હોય તેમ ઠેરઠેર જોવા મળે છે ગ્રામિણ વિસ્તારોમાં ઠેરઠેર ગરમાળાના ઉભેલા વૃક્ષો પર પીળા લીલા કલરનાં પાન આવતા વૃક્ષની સુંદરતા દુરથી કંઈક અલગ જ જોવા મળે છે.

## વિઠોદર પાસે વિદેશી દારૂ ભરેલી ગાડી પકડાઈ



ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરે દારૂબંધીનો કડક અમલ કરવા આપેલી સુચનાના પગલે એલ.સી.બી. પી.આઈ. જે.એચ. સિંઘવના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. પોલીસ ડીસા રૂરલ પોલીસ મથકની હદમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમ્યાન ઈકો ગાડીમાં દારૂ આવતો હોવાની બાતમી મળી હતી. તેથી તેમણે વિઠોદર ચોકડી ઉપર નાકાબંધી ગોઠવી હતી. તે દરમ્યાન પુરઝડપે આવતી ઈકો ગાડીનો ચાલક પોલીસને જોઈ ગાડી મુકી નાસી ગયો હતો. પરંતુ પોલીસે વાઘસિંહ શંકરસિંહ વાઘેલા અને પ્રફુલસિંહ મફસિંહ વાઘેલા (બંને રહે. ઝેરડા તા.ડીસા) ને ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ પોલીસે ગાડીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૩૧ બોટલ(કિંમત રૂા. ૧૭,૯૦૦) મળી આવી હતી. તેથી પોલીસે વિદેશી દારૂ અને ગાડી મળી કુલ રૂા. ૨,૧૭,૯૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ ત્રણેય વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વેડંચામાં બંધ કુવા દ્વારા ભૂગર્ભ જળ રીચાર્જનો સફળ પ્રયોગ

### સરપંચોએ ગામની મુલાકાત લઈ સીસ્ટમને વખાણી

પાલનપુર

હાલ બનાસકાંઠા સહિત રાજ્યભરમાં જળસંચય પ્રકલ્પોના કામો ચાલી રહ્યા છે ત્યારે પાલનપુર તાલુકાના સરપંચોએ આજે પાલનપુર તાલુકાના વેડંચા ખાતે સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા ચોમાસામાં વહી જતા વરસાદી પાણીને બંધ કૂવામાં નાખી ભૂગર્ભ જળ રિચાર્જ કરી પાણીની બચત માટે ગોઠવેલી સીસ્ટમની જાત મુલાકાત લઈ આ પદ્ધતિનો ઊંડો અભ્યાસ કર્યો હતો. વેડંચા ગામનાં સરપંચ અશોકભાઈ ફોશીએ દરેક સરપંચોને આ યોજનાનો લાઈવ ડેમો બતાવી આ પદ્ધતિના ફાયદાથી મુલાકાતીઓને માહિતગાર કર્યા હતાં. આગામી સમયમાં પાણીની સમસ્યાને પહોંચી વળવા દરેક ગામોએ આવી રીતે વહી જતાં વરસાદી પાણીને કુવા કે તળાવમાં નાખી રિચાર્જ સિસ્ટમ અપનાવવા પણ તેમણે અનુરોધ કર્યો હતો.છેલ્લાં ત્રણ વર્ષથી વેડંચા ગામમાં આ રિચાર્જ સિસ્ટમથી પાણીના તળઉંચા આવ્યાં હોવાનું જણાવ્યું હતું.વેડંચા ખાતે બસ સ્ટેન્ડ ઉપર ભરાઈ જતાં વરસાદી પાણીને ગામનાં બે બંધ કૂવામાં નાખવા સ્થાનિક ગ્રામ પંચાયતે નજીવા ખર્ચે રિચાર્જ સિસ્ટમ બનાવી બીજા ગામોને પણ પ્રેરણા પુરી પાડી છે.

## થરાદ તાલુકાના મલુપુર ગામે તળાવ ઉંડુ કરવાના કામે ખેડૂતોને વિનામૂલ્યે માટી લઇ જવા વ્યવસ્થા કરાઇ

પાલનપુર

સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત હાથ ધરવામાં આવેલ કામો અન્વયે મલુપુર, તા. થરાદ ગામે તળાવ ઉંડા કરવાના કામમાં ખેડૂતોને માટી ન આપવા અંગે પ્રસિધ્ધય થયેલ સમાચારો બાબતે નિવાસી અધિક કલેકટરશ્રી બનાસકાંઠા દ્વારા સ્પેષ્ટતા કરતાં જણાવાયું છે કે, માંગણીદાર તમામ ખેડૂતોને તળાવમાંથી નીકળેલ માટી વિનામૂલ્યેધ મળે તે માટે સ્વૈણચ્છીક સંસ્થાંને સુચના આપવામાં આવી છે. તેમજ ખેડૂતો દ્વારા કરેલ રજુઆત મુજબ મોડી સાંજ દરમ્યાન પણ માટી લઈ જવા દેવા માટે સંબંધીત કામ કરનાર સ્વૈ ચ્છીક સંસ્થા સાથે સમજુતી કરાવી જરૂર જણાયે મોડી સાંજે તળાવ ઉંડુ કરવાની કામગીરી ચાલુ રાખી ખેડૂતોને ટ્રેકટરમાં માટી ભરાવવા અંગે સમજુતી કરાવવામાં આવેલ છે. તેમજ તે અંગેનો સ્વૈટચ્છીંક સંસ્થાસને આદેશ કરવામાં આવ્યો છે. પ્રાંત અધિકારીશ્રી થરાદથી ખાત્રી કરાવતાં માટી વેચાણ અંગેનો કોઈ જ કિસ્સો બનેલ નથી.

નિવાસી અધિક કલેકટરશ્રી એલ.બી. બાંભણીયા દ્વારા જણાવ્યામ પ્રમાણે જીલ્લારમાં આવા કોઈ બનાવ ન બને તે માટે સંબંધકર્તા લાયઝન વિભાગોને તાકીદ કરવામાં આવી છે અને તે અંગેનું સતત મોનીટરીંગ કરવા સુચના આપવામાં આવી છે.

## કલા શ્રૃષ્ટિ ફાઉન્ડેશન ડીસા દ્વારા પૂ.સંત જનમંગલ સ્વામીને પોંખાયા

ડીસા

સંસ્કારી નગરી ડીસામાં બી.એ.પી.એસ. સંસ્થા સંચાલિત સ્વામી નારાયણ મંદિરના સત્સંગી હરિભક્તો આયોજીત ‘પારિવારિક એકતા’ વિષય ઉપર પાંચ દિવસીય પારાયણના મુખ્યવકતા અને આર્શીવાદ દાતા પૂ. જનમંગલ સ્વામી (પુરાણી) હતા. અનેક દ્રષ્ટાંતો દ્વારા પરિવારમાં એકતા જાળવવા શું કાળજી રાખવી જોઈએ. તેનું સુંદર માર્ગદર્શન આપ્યું હતું. ડીસા સ્પોર્ટસ કલબના વિશાળ મેદાનમાં હજારો હરિભક્તોએ ઉપસ્થિત રહીને પોતાના જીવનને ઉન્નત બનાવવાના સંકલ્પ લીધા.

આ પ્રસંગે ડીસામાં બેટી બચાવો, સ્વચ્છતા જાળવો, જળ



એ જ જીવન, તથા વ્યસન મુક્તિ માટે કાર્યરત સંસ્થા કલા શ્રૃષ્ટિ ફાઉન્ડેશન, ડીસાના પ્રણેતા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ચિત્ર શિક્ષક ચંદુભાઈ એ.ટી.ડી., નાથાલાલ બ્રહ્મક્ષત્રિય તથા આર.એસ.એસ.ના બાળ સ્વયં સેવક મનન ઠક્કર વગેરે મિત્રોએ મંચ ઉપર જઈને સંત શ્રી જનમંગલ સ્વામીને સન્માનપત્ર અર્પણ કરીને આર્શીવાદ મેળવ્યા હતા. નાથાલાલ બ્રહ્મક્ષત્રિય લીખીત પુસ્તક

અનુસંધાન પાના નં.૬


BHARAT SANCHAR NIGAM LIMITED

**ટેલીફોન અદાલત**

પાલનપુર ટેલીકોમ જિલ્લાની વર્ષ 2018-19 ની પ્રથમ ટેલીફોન અદાલત તા.23/05/2018 ના રોજ BSNL ઓફિસ જોરાવર પેલેસ ખાતે રાખવામાં આવેલ છે. જે ગ્રાહકોને ટેલીફોન સેવાથી સંતોષ ના હોય તેઓએ વિગતો સાથે સહાયક મહા પ્રબંધક ઓપરેશન GMTD ની કચેરી, BSNL, પહેલો માળ જોરાવર પેલેસ પાલનપુર - 385001 અથવા ઈમેલ એડ્રેસ sdeoppalanpur@gmail.com ઉપર તા.21/05/2018 સુધી મળી જાય તે રીત પોતાની રજુઆત મોકલી આપવા જણાવવામાં આવે છે.

**ખુલ્લો મંચ**

ગ્રાહક સેવામાં સુધારણા હેતુથી તા.24/05/2018 ના રોજ સવારે 11.00 થી 13.00 કલાક સુધી ટેલીફોન એક્ષચેન્જ અંબાજી, તા.દાંતા ખાતે ખુલ્લા મંચનું આયોજન કરેલ છે. આ ખુલ્લા મંચમાં ટેલીકોમ સેવાઓ જેવી કે નવું ટેલિફોન જોડાણ વિકાસ કાર્યક્રમ વગેરેની ચર્ચા કરવામાં આવશે. ધ્યાન રાખવું કે વ્યકિતગત ફરિયાદ માટે આ ખુલ્લો મંચ નથી. વ્યકિતગત ફરિયાદ માટે અલગ યોજાતી અદાલતમાં ભાગ લેવા વિનંતી છે.

મહા પ્રબંધક દૂરસંચાર જીલ્લા
પાલનપુર દૂરસંચાર જિલ્લો, પાલનપુર - 385001



**Public Notice**

District Banaskantha, Village Rajpur (Deesa), R.s.No.54p2 paiki plot No.34 admeasuring 136.00 sq.mtrs.ie.1463.36 sq.fts. land paiki western side admeasuring 68.00 sq.mtrs.ie. 731.68 sq fts land paiki constructed house is fully owner and possession holder Geetaben Kundanlal Mali, she purchased said Property from Saharbhai Nagjibhai Desai, by his P.A.O.Kundanlal Ukaji Mali dtd. 17-03-2016 by S.No. 1581. He purchased said property from Thakkar Lalitbhai Hargovandas, dtd 14-07-2010 by S. No.6023, He purchased said property from Sheth Vardhmankumar Sureshkumar of Deesa, did 06-04-2009 by S.No. 1659 Said sale deed No. 1659 and R.R. are missing and/or loss in her home

She demand Title Clearance Certificate from me, I issue Public Notice, It is inform to all like persons, Bank, Govt., Semi Govt., institute or any persons has any share, interest, lien, mortgageon this property or any body has any objection or dispute regarding the said Property. It is hereby inform to below mention address and mail within 7 days of this notice. If not received any objection, of any person, or institute, Bank, company, No body has any rights, share, interest on this property, and believing the same. Title Clear certificate issue and then after No any object on will be considered.

Manhar Kumar S. Gurjar
Advocate

At Palanpur
Date : 19-05-2018
Office : 8th, 1th Floor, Gitanjalee Complex, Opp. District Panchayat, At Palanpur, (Mo.) 9426365238,
Mail Id : manhargurjar10@gmail.com

# તંત્રી સ્થાનેથી ...

**ધીરજવાન એટલે જ્યાં સુધી ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી થાક્યા વિના ક્રિયાશીલ રહેનાર મનુષ્ય...**

## પ. બંગાળમાં ચૂંટણી હિંસાને પડકારી શકાઈ નથી

ચૂંટણી રાષ્ટ્રીય સ્તરની હોય કે ગ્રામ પંચાયતની હોય તેમાં હિંસાખોરી થયા વિના રહેતી નથી. તકેદારી માટે ભલે પોલીસનો કાફલો હોય તેમ છતાં હિંસા દરમ્યાન હત્યા સહિત અનેક બનાવો બને છે. હિંસાખોરી કરવામાં મોટાભાગે રાષ્ટ્રીય પક્ષોના સમર્થકો દોષિત હોવાનું મનાય છે. ત્યારે હમણા પં.બંગાળમાં યોજાયેલી પંચાયતોની ચૂંટણીઓમાં ગત સોમવારે યોજાયેલા મતદાન વખતે થયેલી હિંસામાં ૨૪ જણાના મોત થતાં ચૂંટણીપંચે ૫૭૨ બૂથો પર પુનઃ મતદાન કરવાનો આદેશ આપ્યો હતો. ત્યારે મતદાન વખતે તકેદારી માટે મુકવામાં આવેલ પોલીસ હત્યાકાંડ રોકી શકી ન હતી?

આમ પંચાયતી ચૂંટણીમાં મોટેપાયે હિંસા થતાં કેટલાક નારાજ ઉમેદવારોએ ચૂંટણીપંચ સમક્ષ ફરિયાદ કરી ફેર મતદાનની માગણી કરી હતી. જેને પગલે ગત બુધવારે ૧૯ જેટલા જિલ્લામાં ફરી મતદાન કરાવવામાં આવેલ.

આશ્ચર્યની વાત એ છે કે માલદા તથા મુર્શિદાબાદમાં મતદાન સ્થળેથી મતપેટી ઉઠાવી જવાના અને બોમ્બ ફેંકવાના બનાવો બનતા પરિસ્થિતિને યોગ્ય કરવા માટે વધારાના સુરક્ષા દળો મુકવામાં આવેલ. ૨૦૦૩ માં તો સૌથી વધારે લોહિયાળ ચૂંટણીઓ યોજાઈ હતી. એક અંદાજ મુજબ ૭૬ જણાનો ભોગ લેવાયો હતો. તેમાં ૪૫ વ્યક્તિઓ માત્ર મુર્શિદાબાદ જિલ્લામાં જ વધેરાઈ ગયા હતા. એ સમયે ભાજપ અને તૃણમુલ કોંગ્રેસે દસ- દસ અને કોંગ્રેસે ૧૯ જેટલા કાર્યકરો ગુમાવ્યા હતા.

આમ જોવા જઈએ તો પ.બંગાળમાં કાયદો વ્યવસ્થા વર્ષોથી પડી ભાંગી છે. ત્યાંના અંતરિયાળ વિસ્તારોમાં સાંજે બહાર નિકળી શકાય તેવી સ્થિતિ હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા આજદિન સુધી ગંભીરતા દાખવવામાં આવી નથી. સામાજીક દૃષ્ટિએ જોવા જઈએ તો આજે કોલકત્તા જેવા મહાનગરમાં કોઈની સલામતી રહી નથી. ત્યારે પંચાયતની ચૂંટણીમાં જે તે હિંસાના બનાવો બન્યા તેને માટે જવાબદારો વિરૂધ્ધ કાર્યવાહી થવી જોઈએ. મુખ્યમંત્રી મમતા બેનરજી ચૂંટણીમાં હિંસાખોરીને ડામવામાં તદ્દન નિષ્ફળ નિવડેલ છે. અગાઉ ૨૦૦૮ માં પંચાયતની ચૂંટણીમાં એક જ દિવસે ૧૮ જણાએ પોતાના જીવ ગુમાવ્યા હતા. આમ સર્વે કરનારા તમામ પ્રકારનું સર્વે કરે છે. પરંતુ તકેદારી માટેના જે પગલા લેવા જોઈએ તેવા પગલા લેવાતા નથી. પંચાયતી ચૂંટણીઓમાં વિજેતા ઉમેદવારને ચૂંટણી બાદ નાણાં કમાવાની કોઈ મગજમારી રહેતી નથી. કેમ કે પછી આખી ઝીદગી સરકારી ભંડોળ મળ્યા જ કરે છે. ગામડાઓમાં ખેતીની મામુલી આવક પર નભતા લોકોમાં ચૂંટણીઓ એક કમાવાની તક પુરી પાડે છે. જેને ઝડપી લેવા લોકો ગમે તેની હત્યા કરતાં પણ અચકાતા હોતા નથી. બિહારમાં ચૂંટણીઓ દરમ્યાન હત્યાકાંડો સર્જાય છે તે રીતે પં.બંગાળમાં પણ હત્યાના બનાવો સામાન્ય બની ચુક્યા છે. જ્યાં સુધી ખેડુતોને રોજગારીના બહેતર વિકલ્પો નહિ મળે અને રાજકીય કૌભાંડો ઓછા નહિં થાય. ત્યાં સુધી ચૂંટણીલક્ષી હિંસા અટકે તેવું જણાતું નથી. ચૂંટણી હંમેશા શાંતિપૂર્ણ રીતે યોજાય તેવી મતદારો અપેક્ષા રાખતા હોય છે. પરંતુ પંચાયતની ચૂંટણીઓમાં જે તે હિંસાના બનાવો બને છે તે હરહંમેશ યોજનાપૂર્વકના જ હોય છે!

## લઘુકથા -દીવાલ પાછળના સંવાદ

'બાપુને આ શી ટેવ પડી છે ?!

'તુ કઈ ટેવની વાત કરે છે ?'

'નોકરની સાથે બેસીને જમવાની સ્તો ! આપણી ડિગ્નિટીનું શું ? લોકો જાણે તો ? તે દિવસે પારૂલબહેને નજરે જોયું-બાપુ જગુની થાળીમાં આગ્રહ કરીને રોટલી મૂકતા હતા.. પારૂલબહેને આપણા વિશે શું ધાર્યુ હશે?!

કેટલાક સંવાદો દીવાલ પાછળ ઉચ્ચારાતા હોય, પણ હેતુ કોઈને સંભળાવવાનો હોય. દીપા આવા હેતુથી જ એના પતિ સાથે એક સાંજે સંવાદ કરી રહી હતી.

જગન્નાથ દીવાલ પાછળ આ સંવાદ સાંભળી રહ્યા હતા. જીવનના વિવિધ અનુભવોથી ઘડાયેલા જગન્નાથ આવા સંવાદથી ચલિત ન થાય. પણ દીકરાએ પુત્રવધૂની વાતનો કશો પ્રતિકાર ન કર્યો અને સાંભળ્યા કર્યું એ એમને ખટક્યું.

શાણા માણસો એકાદ સંકેતથી પણ પોતાનો માર્ગ બદલી નાખતા હોય છે. જગન્નાથે એમ કરવા વિચાર્યું.

બીજે દિવસે છ વાગ્યે એમણે રસોડામાં ડોકિયું કર્યુ. રસોઈ તૈયાર હતી. એમણે સુરેશને કહ્યુ :'ચાલ સુરેશ, આપણે જમી લઈએ.'

'ના, દાદા. અત્યારે હું રમવા જાઉં છું. આવીને જમીશ.'

જગન્નાથે બીજા પૌત્રને એમની સાથે ભોજન લેવા સૂચવ્યું તો એણે, 'મારે ટ્યુશને જવાનો ટાઈમ થઈ ગયો છે' કહી ભાગવા માંડ્યું.

અને પૌત્રી નિમીષાએ નૃત્ય વર્ગના બહાને દાદા સાથે ભોજન લેવાનું ટાળ્યું.

હવે વારો હતો પુત્ર જયંતનો ઓફિસેથી હમણાં જ આવીની એ બૂટ-મોજાં કાઢતો હતો. પિતાની દરખાસ્તથી ડઘાઈ ગયો હોય એમ એ એમની સામે જોઈ રહ્યો. પછી બોલ્યો 'બાપુ, તમે જાણો તો છો કે હું કલબમાંથી આવ્યા પછી મોડેથી જમું છું.'

'બરાબર છે' કહી જગન્નાથ ચૂપ રહ્યા.છેવટે એમણે પુત્રવધુને કહ્યું: 'શશી, અત્યારે તું મારી સાથે જમીશ ?' પુત્રવધુને જગન્નાથની વાત હાડોહાડ ઉપાહસજનક લાગતાં કશો જવાબ આપ્યા સિવાય મોં ફુલાવીને એ બીજા ખંડમાં ચાલી ગઈ.જગન્નાથના જમવાનો રોજનો સમય વીત્યા પછી જગુએ જગન્નાથને કહ્યું : 'દાદા, જમવાનો સમય થઈ ગયો છે, હોં.''આજે જમવું નથી.''કેમ, તબિયત ઠીક નથી ?'

'સારી જ છે.પણ મારે જમવું નથી. તું જમી લે'તમે ન જમો તો મારેય નથી જમવું. 'કેમ એટલું બધું ?'

'રોજ તમારી સાથે જમવાની ટેવ પડી ગઈ ને !'સહેજ હસીને જગુ બોલી ગયો.'તું ય મારી જેમ કન્ડીશન્ડ થઈ ગયો છે કે શું ?''દાદા, આ કન્ડીશન શું ?''તને નહીં સમજાય' કહી જગન્નાથે કશા છો છ વગર જગુને સમજાવવા માંડ્યું : 'મૂળ તો અમે ગામડાંના, તને ખબર છ ને ?''હા, રંગપુરના.''અહીં આવ્યો એ પહેલાં આખી જિંદગી મેં રંગપુરમાં કાઢી. સંયુક્ત કુટુંબ.

અમે પાંચ ભાઈઓ.. સાંજે સૌ સાથે બેસીને જમીએ. બાપુ પણ ખરા, બા ખીચડી પીરસે. દૂધના વાડકા અલગ,પણ રોટલાની છાબડી કોમન ! સાથે જમવાની આ ટેવ એવી પાકી કે એકલા જમવાનું તો ઉકલે જ નહી અને ઉકલે તો પણ કોળિયો ગળેથી નીચે ઉતરે જ નહીં ! આ થઈ કન્ડીશન્ડ સ્થિતિ, સમજ્યો ?'

દીવાલ પછવાડે શશી જગન્નાથની વાત સાંભળી રહી હતી. કદાચ એને સંભળાવવા જ જગન્નાથે આ સંવાદ રચ્યો હતો !

**મોહનલાલ પટેલ**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## માધુરી દિક્ષીત, ફરાહ ખાન અને મર્ઝી પેસ્તોનજીએ ડીઆઈડી લી'લ માસ્ટર્સ પર 'ચક ધૂમ ધૂમ'નું જાદુ ફરીથી ઉભું કર્યું



ઝી ટીવીના પ્રસિદ્ધ ડાન્સ રિયાલિટી શો ડીઆડી લી'લ માસ્ટર્સ દર સપ્તાહે તેના પ્રતિભાશાળી સ્પર્ધકોના 'બ્લોકબસ્ટર' પર્ફોર્મન્સીસની સાથે સપ્તાહ- દર સપ્તાહ દર્શકોનું મનોરંજન કરી રહ્યા છે. જેવી રીતે સ્પર્ધા વધુને વધુ ઊંડાણપૂર્વક આગળ વધી રહી છે, ત્યારે ટોચના ૮ સ્પર્ધકો બહાર આવીને કેટલાક પાથબ્રેકિંગ પર્ફોર્મન્સીસ રજૂ કરે છે અને તેના આશ્ચર્યજનક મૂવ્સથી દરેકની ઉપર તેની છાપ છોડે છે. આ સપ્તાહને અંતે, ભૂતકાળના બ્લાસ્ટ માટે તૈયાર રહો કારણકે, અત્યંત ભવ્ય અભિનેત્રીઓ માધુરી દિક્ષીત અને રેણુકા શહાને ૨૪ વર્ષ બાદ ડીઆઈડી લી'લ માસ્ટર્સ પર તેની આગામી મરાઠી મૂવી 'બકેટ લિસ્ટ'ને પ્રમોટ કરવા આવશે. હમ આપકે હૈં કોનની આ અભિનેત્રીઓ દર્શકોને તેની યાદોમાં લઈ જશે અને ઉદ્યોગમાં આ સમયગાળા દરમિયાન થયેલા તેમના અનુભવની પહેલા ક્યારેય ન સાંભળેલી કેટલીક વાતો કહેશે.એવરગ્રીન સુંદરી- માધુરી દિક્ષીતએ જ્યારે તે સેટ પર સુંદર બ્લુ સારીમાં પ્રવેશી ત્યારે તેને દરેકના દિલ જીતી લીધા, બતાવી દીધું કે તે બોલિવૂડની ડાન્સિંગ ક્વિન છે. ઉત્સાહ ત્યારે વધી ગયો જ્યારે સ્પર્ધકોએ તેનું દિલ જીતવા માટે તેની સામે પોતાની પ્રતિભા રજુ કરીને શ્રેષ્ઠ ડાન્સ રજૂ કર્યો મર્ઝી, જેઓ પોતે માધુરીના મોટા ચાહક છે, તેને તેના પ્રતિકાત્મક ગીત 'ચક ધૂમ ધૂમ' પર ડાન્સ કરવા માટે વિનંતી કરી હતી.જૂઓ માધુરી દિક્ષીત અને રેણુકા શહાનેને, ડીઆઈડી લી'લ માસ્ટર્સમાં, આ શનિવાર અને રવિવાર રાત્રે ૯ વાગ્યે ફક્ત ઝી ટીવી પર!

## DBWRF દ્વારા હેપ્પી થ્રેડ્ઝ પહેલની રજુઆત

દાઉદી વ્હોરા મહિલાઓ અને તેમની પહેલને વેગ આપવાના પ્રયાસને વ્યૂહાત્મક રીતે સુસંગત બનાવવા માટે દાઉદી વ્હોરા વિમેન્સ એસોસિએશન ફોર રિલિજીયસ ફ્રીડમ (DBWRF) આ નવતર પહેલને મંચ પૂરો પાડશે. આ મંચ નવતર પહેલને આગળ ધપાવવામાં તથા નેટવર્કનું વિસ્તરણ કરવામાં મદદ પૂરી પાડશે અને સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે તે આ પહેલની આગેવાની કરનારી મહિલાઓને ટેકો આપશે.

'હેપ્પી થ્રેડ્ઝ' પહેલ એ DBWRFનું પ્રથમ કાર્ય બની રહેશે. આ પહેલ દાઉદી વ્હોરા સમુદાયની મહિલાઓના 'ડિઝાઈનર્સ' કલેક્ટિવ (સમૂહ) તરીકે કાર્યરત છે, જેમાં મુખ્યત્વે ગૃહિણીઓ હોય તેવી માતાઓનો સમાવેશ થાય છે. તેઓ વિવિધ હસ્તકારીગરીની ચીજવસ્તુઓ બનાવે છે અને આ ચીજોને સ્થાનિક અને વિદેશી એમ બંને પ્રકારનાં બજારોમાં પહોંચાડવામાં આવે છે. ત્રણ વર્ષ અગાઉ શરૂ થયેલી હેપ્પી થ્રેડ્ઝ પહેલે આજે ૩૦૦થી વધુ ડિઝાઈનર્સને તેના છત્ર હેઠળ આવરી લીધાં છે અને સમગ્ર વર્ષ દરમિયાન તેમની ડિઝાઈન્સનાં પ્રદર્શનો ચાલુ રહે છે. "હેપ્પી થ્રેડ્ઝ પહેલ ગૃહિણીઓને વિવિધ કલાત્મક ચીજવસ્તુઓ તૈયાર કરવા માટેની તક પૂરી પાડવાના કાર્ય તરીકે શરૂ કરવામાં આવી હતી, પરંતુ સમય જતાં આ પહેલે સ્થિર વૃદ્ધિ સાધી છે, જે હવે આ મહિલાઓ માટે વિવિધ ઉત્પાદનો તૈયાર કરવાની તક પૂરી પાડતા મંચમાં રૂપાંતરિત થઈ છે. ઉત્પાદનો તૈયાર કરવા બદલ મહિલાઓને વળતર ચૂકવવામાં આવે છે. કાર્યક્રમના સ્વાવલંબી અને વળતર આધારિત મોડલ પરથી તથા ૩૦૦થી વધુ કારીગરોના સતત વિસ્તરી રહેલા નેટવર્ક પરથી તેની સફળતાનું માપન કરી શકાય છે. સાથે જ આ પહેલે નામશેષ થવાના આરે પહોંચેલી ક્રોશે કારીગરીમાં નવા પ્રાણ ફૂંકવામાં પણ સફળતા મેળવી છે અને દાઉદી વ્હોરા સમુદાયમાંથી ઉદ્ભવેલી સુંદર કળા અને સંસ્કૃતિનો વ્યાપક વિશ્વને પરિચય કરાવ્યો છે."દેશભરમાં ફેલાયેલા વિવિધ કારીગરો તેમનાં ઉત્પાદનો સુપરત કરે, ત્યાર બાદ તે ઉત્પાદનોને સુરત ખાતેના વેરહાઉસમાં પોલિશ કરવામાં આવે છે અને તેને આખરી ઓપ આપવામાં આવે છે.

## રન્ઝ બ્લોકચેઈન આધારીત અનુભવો માટે ૧ મિલિયન ડોલર રાઉન્ડ પર પહોંચી

અમદાવાદ

રન્ઝ બ્લોકચેઈન આધારીત ઈકોમર્સ પ્લેટફોર્મને યુએસ ઈન્વેસ્ટર દ્વારા તેના ઈક્વીટી રાઉન્ડમાં ૧ મિલિયન ડોલર સુધી પહોંચાડી બંધ આપેલ છે. આ રાઉન્ડને પેનેમેક્સ કેપિટલ, બિસ્ટ કેપીટલ અને કોલોમ્બીયા એન્જલ્સનો ટેકો હતો.રન્ઝના મુખ્ય સંચાલક ગીરી ડેવન્યોર કે જે ઈવાય એન્ટરપ્યુનર ઓફ ધી યરનો ખીતાબ ૨૦૧૭ના વર્ષમાં જીત્યા હતા અને તે કોલોમ્બીયા યુનિવર્સિટીના વીદ્યાર્થી છે. તેઓ એએમઈઆરઆઈ૧૦૦ના સીઈઓ પણ રહી ચુક્યા છે, કંપની આરંભ થયાના માત્ર ચાર વર્ષમાં જ નાસડેકમાં લીસ્ટ થઈ હતી. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં પીએચડીની પદવી ધરાવતા અર્તિત વેન્ગપેરાવોન્ગ દ્વારા ગીરી ડેવન્યોરને લાવવામાં આવ્યા હતા. રન્ઝ કે જે કોલમ્બીયા યુનિવર્સિટીના ઈનોવેશન અને એન્ટરપ્યુનરશિપ પ્રોગ્રામ હેઠળ આકાર પામી છે અને આ ફંડનો ઉપયોગ બ્લોકચેઈન ફ્રેમવર્કને વિકસાવવા માટે કરવામાં આવશે જે ઈકોમર્સમાં વીશ્વસનીયતા અને પારદર્શકતા વધારવાનું કામ કરશે. તેનું આયોજન એવું પ્લેટફોર્મ તૈયાર કરવાનું છે જે બાયર અને સેલરને પુરતા પ્રમાણમાં કમાન્ડ પુરા પાડે, નહીં કે પ્લેટફોર્મ પોતાના માટે આવા હોલ્ડીંગનો ઉપયોગ કરે, આવું પ્લેટફોર્મ પુરતી વિશ્વસનીયાતા સ્થાપવા માટે સક્ષમ બની રહેશે. રન્ઝ દ્વારા પોતાની ટોકન જનરેશન ઈવેન્ટનું પણ આયોજન કરવામાં આવે છે, આ ઈવેન્ટને ઈનિશ્યલ કોઈન ઓફરીંગ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ઈવેન્ટ મે માસમાં બે ફેઝમાં યોજાશે, જેમાં બાયર માટે ૭૫૦૦૦૦૦૦ ટોકન ઉપલબ્ધ બની રહેશે. પરંપરાગત ઈકોમર્સમાંથી અનુભવી દ્વારા ચલાવવામાં આવતા કોમ્યુનિટી કોમર્સનો બદલાવ નોંધનીય બની રહેશે. આ પૂર્વ કોઈ પણ અન્ય કંપનીએ આ પ્રકારનો અનુભવ કર્યો કે કરાવ્યો નહીં હોય.

## દંતકથા સમાન બ્લુ પ્લેનેટ-૨ માટે ભારતમાં સૌપ્રથમ બ્લુ કાર્પેટ પ્રીમિયરમાં ઝાકઝમાળભરી સ્ટાર સ્ટડેડ સંધ્યા



ભારતની નં. ૧ ફેક્ચ્યુઅલ એન્ટરટેઈનમેન્ટ ચેનલ સોની બીબીસી અર્થ દ્વારા મુંબઈમાં આયોજિત બ્લુ પ્લેનેટ ૨ના ભારતના સૌપ્રથમ બ્લુ કાર્પેટ પ્રીમિયર માટે ફિલ્મ, સોશિયલ મિડિયા અને ટીવી ઉદ્યોગમાંથી નામાંકિત હસ્તીઓની વચ્ચે લાઈટ્સ, કેમેરા અને ભરપૂર એક્શન જોવા મળ્યા હતા. આ ફિલ્મ થિયેટરોમાં ૧૮ મેથી ૨૨ શહેરોમાં ખાસ પીવીઆર સિનેમાઝમાં થશે.લોકપ્રિય ચહેરાઓ અને પ્રભાવશાળીઓમાં અર્જુન રામપાલ, સોનુ નિગમ, દિયા મિરઝા, કોંકણા સેન શર્મા, કલકી કોચલિન, સોહા અલી ખાન, આર બાલકી, સોનાલી બેન્દ્ર, સુમીત વ્યાસ, રાકેશ ઓમપ્રકાશ મહેરા, ઝાયેદ ખાન, રાહુલ બોસ, ભારતી સિંહ, કરણ સિંહ ગ્રોવર, રિત્વિક ધનજાની, આશા નેગી, મિની માથુર, તારા શર્મા, રિદ્ધિ ડોંગરા, કાનન ગિલ, મલ્લિકા દુઆ વગેરેએ બ્લુ કાર્પેટ પર વોક કર્યું હતું અને મહાસાગર પ્રત્યે પોતાની લગની અને પ્રેમનું આદાનપ્રદાન કર્યું હતું. સેલિબ્રિટીઓની સાથે તેમના બાળકો પણ આવ્યા હતા, જેઓ માછલાં, કાચબાઓ અને ડોલ્ફિન્સની ભૂજળની દુનિયાનો હિસ્સો બનીને ભારે રોમાંચિત થયા હતા.બ્લુ પ્લેનેટ ૨ દંતકથા સમાન વારતા છે, જે ભૂજળની અદભુત દુનિયામાં રોમાંટક અનુભવ આપે છે.

૩૯ દેશોમાં ૧૨૫ શોધ સાથે ૪ વર્ષ શૂટ પછી બ્લુ પ્લેનેટ ૨ નિસર્ગના ઈતિહાસના પિતામહ સર ડેવિડ એટનબોરો દ્વારા કથન કરવામાં આવી છે, સંગીત વિખ્યાત કમ્પોઝર હંસ ઝિમરે આપ્યું છે. આ વારતા તમારો શ્વાસ અધ્ધર કરી દે તેવા ભવ્ય વિઝ્યુઅલ્સ સાથે સમરમાં દરેકે જોવા જેવી છે.

## ડીએચએફએલનો એનસીડી ઈશ્યૂ ૨૨ મેના રોજ ખુલશે




અમદાવાદ

નેશનલ હાઉસિંગ બેંક ("એનએચબી")માં રજિસ્ટર્ડ ભારતમાં ખાનગી ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાંની એક હાઉસિંગ ફાઈનાન્સ કંપની દિવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ ("ડીએચએફએલ" કે "કંપની")એ ૨૨ મે, ૨૦૧૮નાં રોજ ડિબેન્ચરદીઠ રૂ. ૧,૦૦૦ની ફેસ વેલ્યુ ધરાવતો સીક્યોર્ડ રીડિમેબલ નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ ("એનસીડી") લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. આ ઈશ્યૂની બેઝ સાઈઝ રૂ. ૩,૦૦૦ કરોડ ("બેઝ ઈશ્યૂ સાઈઝ") છે, જે રૂ. ૯,૦૦૦ કરોડ સુધી અને કુલ રૂ. ૧૨,૦૦૦ કરોડ સુધી ("ટ્રેન્ચ ૧ ઈશ્યૂ લિમિટ") ("ટ્રેન્ચ ૧ ઈશ્યૂ")નું ઓવરસબસ્ક્રિપ્શન જાળવવાનો વિકલ્પ ધરાવે છે, જે ૧૪ મે, ૨૦૧૮ના રોજ ટ્રેન્ચ ૧ પ્રોસ્પેક્ટ્સ દ્વારા ઓફર થયો છે, જે બીજી બાબતોની સાથે સાથે ટ્રેન્ચ ૧ ઈશ્યૂની શરતો અને નિયમો ધરાવે છે ("ટ્રેન્ચ ૧ પ્રોસ્પેક્ટસ"). તેનો અભ્યાસ સંયુક્તપણે ૧૪ મે, ૨૦૧૮નાં રોજ શેલ્ફ પ્રોસ્પેક્ટસ ("શેલ્ફ પ્રોસ્પેક્ટસ") સાથે કરવો જોઈએ. તેનું ફાઈલિંગ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, મહારાષ્ટ્ર, મુંબઈ ("આરઓસી"), સ્ટોક એક્સચેન્જ અને સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ("સેબી")માં થયું છે. શેલ્ફ પ્રોસ્પેક્ટસ અને આ ટ્રેન્ચ ૧ પ્રોસ્પેક્ટ્સ પ્રોસ્પેક્ટ્સ ("પ્રોસ્પેક્ટસ")ધરાવે છે.કંપનીનાં બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ ("બોર્ડ") અથવા એનસીડી પબ્લિક ઈશ્યૂ કમિટી દ્વારા ઈશ્યૂને વહેલા બંધ કરવાનો કે તેને લંબાવવાનાં નિર્ણય લેવાનાં વિકલ્પ સાથે ઈશ્યૂ ૪ જૂન, ૨૦૧૮નાં રોજ બંધ થશે."ભારતમાં નાણાકીય અને ધિરાણ ક્ષેત્રમાં સ્પર્ધાત્મક વાતાવરણમાં સતત વધારો થયો છે, જેમાં છેલ્લાં થોડાં વર્ષો દરમિયાન ડીએચએફએલએ ઊંચી વૃદ્ધિ કરી છે. આ ગાળામાં સમગ્ર ભારતમાં નાણાકીય સર્વસમાવેશકતાની કામગીરીને વેગ મળ્યો છે, જેનાં પ્રત્યે પ્રતિબદ્ધતા દાખવતાં ડીએચએફએલ માટે આ વર્ષો કામગીરીની દ્રષ્ટિએ પ્રગતિકારક રહ્યાં છે અને વર્ષ ૨૦૨૨ સુધીમાં તમામ નાગરિકોને ઘર આપવાનાં સરકારનાં અભિયાનને સારો વેગ મળ્યો છે. ડીએચએફએલ પોતાની સાથે સંકળાયેલા તમામ લોકોનું મૂલ્ય-સંવર્ધન કરવાનો હંમેશા પ્રયાસ કરે છે, જેને અનુરૂપ કંપનીએ ફ્લોટર રેટ એનસીડી પ્રસ્તુત કર્યો છે, જે ઓવરનાઈટ મિબોર માટે માપદંડ છે. એનસીડી સાથે સંકળાયેલા મિબોરમાં રોકાણકારોને એફબીઆઈએલ દ્વારા જાહેર થયેલા ઓવરનાઈટ મિબોર રેટ પર આધારિત વ્યાજ મળશે, જે દરરોજ ભેગું થશે અને તેની વાર્ષિક ધોરણે ચુકવણી થશે.

## દાઉદી વોહરા સમાજે વાનગી સ્પર્ધાના આયોજન દ્વારા પારીવારીક મૂલ્યોની ઉજવણી કરી

દાઉદી વોરા સમાજની સંસ્કૃતિ એને તેની વાનગીઓને એક છત નીચે લાવનારી સ્પર્ધામાં છ નિષ્ણાત પાકશાસ્ત્રીઓ એકઠા થવાથી યાદગાર બની ગઈ હતી. ડીબીડબલ્યુઆરએફના નેજા હેઠળ યોજાયેલી દાઉદી વોહરા વાનગીસ્પર્ધામાં સમાજના લગભગ ૬૦ સભ્યો વાનગીઓ સહિત એકમેકનો સાથ માણવા એકઠા થયા હતા.

સ્પર્ધાની શરૂઆત થતાં પહેલાં મુખ્ય અતિથિ તથા નિર્ણાયક શેફ સંજીવ કપૂરે સૌને પોતાની આગવી વાણીથી પ્રોત્સાહિત કર્યા હતા પછી યોજાયેલી સ્પર્ધામાં સ્પર્ધકોએ પોતપોતાના પાકશાસ્ત્રનું કૌવત રજૂ કર્યું હતું. દાઉદી વોહરા સમાજની ઓળખ જેવા થાળને તૈયાર કરવા માટે સૌએ ખાસ્સી જહેમત ઉઠાવી હતી. પછી કલામરો, ખીમા સમોસાં, ડબ્બા, ગોશ્ત, દાલ-ચાવલ પાલીદુ, મસાલાનાં બટેટાં અને રોટલી જેવી અન્ય વાનગીઓ પણ તૈયાર કરી હતી.સ્પર્ધાની રંગેચંગે પૂર્ણાહુતિ વખતે સંજીવ કપૂર સહિત સમાજના સભ્યોએ સહિયારા થાળનો આનંદ માણ્યો હતો, જે વોહરા સમાજની આગવી સભ્યતા તથા સહિયારા ભોજનના મહત્વના પ્રતીક સમાન હતું.દાઉદી વોહરા સમાજની વાનગીઓ જેવી જ ખૂબીઓ તેના થાળની છે. થાળમાં જમવાની આ પ્રથાનાં મૂળ ઈસ્લામમાં છે, જે સમાનતામાં માને છે અને તેનું પ્રતિબિંબ ભોજન કરવાની રીતમાં ઝળકે છે. સમાજના સભ્યો થાળની ફરતે બેસે છે અને ભેદભાવ વગર સહિયારા ભોજન માણે છે. અન્ય પરંપરાઓથી વિપરીત વોહરા સમાજના પરંપરાગત ભોજનની શરૂઆત ડિઝર્ટ એટલે મીઠી વાનગીથી થાય છે અને પછી મેઈન કોર્સ એટલે કે મુખ્ય ભોજન લેવામાં આવે છે.

વોહરા વાનગીઓમાં ગુજરાતી, અરેબિક, યમની અને પર્શિયન વાનગીઓનો સમન્વય થયો છે. વોહરા લોકોના ઈતિહાસનું પણ તેમાં દર્શન થાય છે.

### વડોદરા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં

## કેન્સર નિદાન માટે એચસીજી ફાઉન્ડેશનમા ફ્રી સ્કીનીંગ એમ્બ્યુલન્સનો પ્રારંભ

વડોદરા

વડોદરાની એચ.સી.જી. કેન્સર હોસ્પિટલ ખાતે એચસીજી ફાઉન્ડેશન અને ઓએનજીસીના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક કેન્સર સ્કીનીગ એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ ઓએનજીસીના સહયોગથી કરવામાં આવ્યો. જે વડોદરાની આસપાસના આંતરીયાળ વિસ્તારમાં રહેતા લોકોમાં કેન્સર પ્રત્યે જાગૃતિ લાવવાની સાથે સાથે નિઃશુલ્ક તપાસ ની સુવિધા આપશે.

આ ઉપરાંત એચ.સી.જી કેન્સર સેન્ટર, વડોદરા દ્વારા હેડ એન્ડ નેક કેન્સર કલીનીક પણ શરુ કરવામાં આવ્યું છે. જ્યાં દર સોમ અને ગુરૂવારે બપોરે ૪ થી ૬ નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે આગામી જુલાઈ ૨૦૧૮ સુધી કાર્યરત રહેશે.

## માત્ર સાત વર્ષની ઉંમરે શ્રી રાજારામજીના મોટા ભાઈ શ્રી રઘુનાથજી સાધુ બની ગયા....

**જ્ઞાન સરિતા**
**-મુકેશ આંજણા**

શ્રી રાજારામજીનું બાળપણ પસાર થઈ રહ્યું હતું.

તેવા સમયે આસો મહિનામાં શિકારપુરા ગામમાં એક સાધુઓની જમાત આવી હતી. તે સાધુઓની જમાતે શિકારપુરાના ગામના મુખ્ય દ્વારથી પ્રવેશ કરીને નજીકમાં ધર્મશાળા બનેલી હતી ત્યાં પોતાનો ડેરો –પડાવ નાંખ્યો હતો.

ગામની ધર્મશાળા રામદેવજીના મંદિર નજીક હતી ત્યાં સાધુઓની જમાતે રોકાવાના સમયે શંખ વગાડ્યો તેનો અવાજ સંભાળીને ગામના બાળકો સાથે શ્રી રાજારામજી અને શ્રીરઘુનાથજી પણ જોવા માટે દોડી ગયા. લાંબા-લાંબા વાળ ધરાવતા જટાધારી સાધુઓને દેખીને બાળકો હસવા લાગ્યા પરંતુ બન્ને ભાઈઓ એક બે વખત હસીને બિલકુલ શાંત થઈ ગયા હતા.

ગામના બાળકો સાધુઓની જમાત જોઈને ખૂબ જ નવાઈ પામ્યા હતા. સાધુઓની આજુબાજુ બાળકોનું ટોળું હતું તેવા સમયે સાધુઓએ પોતાના પગથી જાણે લક્ષ્મણ રેખા દોરી દીધી અને તેને ન ઓળગવા માટે કહ્યું ત્યારે બધા બાળકો નાસી ગયા. ત્યારે શ્રીરાજારામજી અને શ્રીરઘુનાથજી બન્ને ભાઈ બસ આમ જ ઉભા રહ્યા, એક સાધુએ હાથમાં ઝોળી આપી અને તેઓને હવન થેપડી (હવન છાણા) લાવવા માટે કહેવામાં આવ્યું. જયારે બન્ને ભાઈ શ્રીરાજારામજી અને શ્રીરઘુનાથજી હવન થેપડી (હવન છાણા) લઈને જમાતના સાધુઓને આપી તેના સ્વરૂપે પ્રસાદ આપ્યો.

જયારે પ્રસાદ આપ્યા બાદ જમાતના સાધુઓએ બન્ને ભાઈઓને ઘેર જઈને ભોજન કરીને પાછું આવવાનું કહ્યું ત્યારે શ્રી રાજારામજી અને શ્રી રઘુનાથજી ઘેર ભોજન કરવા માટે ગયા હતા.

ધીરે ધીરે સૂરજ ઢળી રહ્યો હતો, સમી સાંજનો સમય હતો.

સાધુઓએ ડેરો નાખ્યો હતો તેની અવનવી શિકારપુરા ગામમાં ચર્ચા થઈ રહી હતી. ગામના લોકોએ ધર્મશાળા પર પહોંચી ગયા. સાધુઓએ ગ્રામવાસીઓને શાંતિપૂર્વક બેસવા માટે આગ્રહ કર્યો ત્યારે ગ્રામજનો પોત-પોતાની જગ્યા લઈને બેસી ગયા. થોડા સમય બાદ સાધુઓએ સાંજની પૂજા ક્રિયા પૂરી કરીને ગ્રામજનોને ઉભા થઈ જવાનું કહ્યું, ત્યાર બાદ આરતી બોલાવવામાં આવી અને પ્રસાદ આપ્યા બાદ સાધુઓએ ગામવાસીઓને આધ્યાત્મિકયુક્ત કથા સંભળાવી હતી.

રાત પડી ચૂકી હતી.

સાધુઓની જ્ઞાન સરિતાની વાતો સંભાળીને ગ્રામજનો પોત-પોતાના ઘેર જવા માટે નીકળી પડ્યા. તેવા સમયે શ્રી રાજારામજી અને શ્રી રઘુનાથજી શાંત ચિત્તે ઉભા રહ્યા. ત્યારે સાધુઓની જમાતમાં આવેલ મોટી દાઢી ધરાવતા જટાધારી સાધુએ બન્ને ભાઈઓને પોતાના પાસે બોલાવ્યા અને પોતાના પરિવાર વિશે પુછપરછ કરી. ઘરની વાત સંભાળી સાધુ મહારાજ બન્ને ભાઈઓને ઘેર જવા માટેની સલાહ આપી હતી.

સુરજના તાજા જન્મેલા બાળક જેવા કિરણો શિકારપુરાની ધરતી પર પથરાઈ રહ્યા હતા. સવારના સમયે પક્ષીઓ કલરવ કરી રહ્યા હતા. તેવા સમયે વહેલા ઉઠીને શ્રી રઘુનાથજી સાધુઓની જમાતમાં પહોંચ્ચી ગયા અને તેઓની સેવા કરવા તન મનથી જોડાઈ ગયા. સતત ત્રણ દિવસ સુધી સાધુઓની સેવા કરી. સાધુઓને શ્રી રઘુનાથજી પ્રત્યે સહાનુભૂતિ થવા લાગી.

સમયનું ચક્ર અવિરત ચાલી રહ્યું હતું.

એક દિવસ એવી ઘટના બની કે હરિંગજીના આખા પરિવારને હચમચાવી નાખ્યો. શ્રી રઘુનાથજી ખૂબ જ ધાર્મિક વૃત્તિ ધરાવતા હતા. માત્ર સાત વર્ષની ઉંમરે શ્રીરઘુનાથજી પ્રભુની ભક્તિ માટે સંન્યાસ લઈ લીધો. ગામમાં જે સાધુઓની જમાત રોકાઈ હતી.તેઓની સાથે ભક્તિના માર્ગ પર નીકળી પડ્યા.

પિતા હરિંગજી અને માતા મોતીબાઈને આટલી કુમળી વયે પુત્ર સાધુ બની ગયો તે બાબત અયોગ્ય લાગી

પરંતુ બધું સંજોગના આધીન થતું હોય છે તેવું માનીને અશ્રુભીની આંખો સાથે પુત્રને વિદાય આપી ત્યારે શ્રી રાજારામજીએ પોતાના મોટા ભાઈ શ્રીરઘુનાથજીને હસી ખુશીથી વિદાય આપી હતી.

ભાઈ શ્રીરઘુનાથજી સંન્યાસ ધારણ કર્યા બાદ આખા ઘરનું કેન્દ્ર બિંદુ શ્રીરાજારામજી હતા. મા-બાપનો પ્રેમ શ્રીરાજારામજી પર અપાર હતો. લાડલા પુત્રને પ્રેમ ભર્યા વાતાવરણમાં ઉછેર કરી રહ્યા હતા.

શ્રીરાજારામજીએ ક્યારે આર્થિક તંગીની જીવન પર કોઈ અસર થવા દીધી ન હતી. દુઃખ, વિષાદ અને અનેક મુશ્કેલીના તડકાને સ્પર્શ કરવા દીધો ન હતો, અલગારી શ્રીરાજારામજીએ કોઈ દિવસ ભૌતિક સુખને મહત્વ આપ્યું ન હતું. મોટાભાઈ શ્રી રઘુનાથજી સાધુ બની ગયા તેનો સહજ રીતે સ્વીકાર કરી લીધો હતો. (ક્રમશ)

**- મુકેશ આંજણા**

## સુરેશચંદ્ર અગ્રવાલના નવા પુસ્તક 'ધી હિન્દુ વેટીકન'નું અનાવરણ



અમદાવાદ

ભારતના જાણીતા લેખક સુરેશ ચંદ્ર અગ્રવાલે હિંદુત્વ માટે એક સર્વોચ્ચ મંડળની સ્થાપના કરવાના મૂળ વિચાર સાથે લખેલા પુસ્તક 'ધી હિન્દુ વેટીકન' રજુ કરી પ્રકાશનના ક્ષેત્રમાં ફરી પ્રવેશ કર્યો છે. વેટીકનની જેમ હિન્દુઓ માટે પણ 'મહા મંદિર' જેવા સર્વોચ્ચ મંડળની સ્થાપના કરવી જોઈએ તેવો વિચાર લેખકે આ પુસ્તકમાં પ્રદર્શિક કર્યો છે.ભારતની સ્વતંત્રતાને ૭૦ વર્ષ થઈ ગયા હોવા છતાં પણ દેશમાં જાતિવાદનું ઝેર પ્રસરાયેલુ છે અને નાગરિકોને તેના કડવા ઘુંટડા ભરવા પડે છે. આ પુસ્તકમાં લેખકે જાતિવાદને દૂર કરવાનો માર્ગ દર્શાવ્યો છે. આ કામગીરી માટે રાજકીય પક્ષો પર મદાર રાખવા કરતા હિન્દુઓ માટે એક સર્વોચ્ચ મંડળ 'મહા મંદિર'ની સ્થાપના કરવી જોઈએ, જેની સ્થાપના થયેથી આ સર્વોચ્ચ મંડળ હિન્દુત્વને લગતી ઘણી કામગીરી હાથ ધરશે, જેમાં ગાય બચાવો ઝુંબેશ અને હિન્દુ સંસ્કૃતિના પ્રસાર અને પ્રચારનો સમાવેશ થાય છે, તેમ અગ્રવાલે જણાવ્યું.

લેખકે વધુમાં જણાવ્યું કેસર્વોચ્ચ મંડળની સ્થાપના એ તાતી જરૂરિયાત છે અને ભારતની હાલની સ્થિતીને ધ્યાનમાં લેતા તેનું મહત્ત્વ વધી જાય છે. આજ સુધી કોઈ પણ વ્યક્તિ વેટીકનની જેમ હિન્દુઓ માટે એક મંડળની સ્થાપના કરવાનો વિચાર લઈને આગળ આવ્યું જ નથી. આ પુસ્તક 'હિન્દુ વેટીકન' ભારતના પ્રવર્તમાન મુદ્દાઓ જેવા કે ગંગાની સફાઈ, રસ્તે રખડતા કૂતરાઓ અને વાંદરાઓના ત્રાસ, શિક્ષણની ખરાબ ગુણવત્તા અને આરોગ્યને લગતી બાબતોનો પણ ઉકેલ આપે છે.

૬૯ વર્ષની વય ધરાવતા સુરેશ ચંદ્ર અગ્રવાલ અમદાવાદ સ્થિત નિવૃત્ત ઉદ્યોગપતિ છે, જેઓ પોતાના સમગ્ર જીવન દરમિયાન ખૂબ રચનાત્મક વિચારધારા સાથે ચાલતા રહ્યા છે. તેઓ ખૂબ જ સારા બ્રીજ પ્લેયલ છે. "ધી હિન્દુ વેટીકન" અને અન્ય આગામી પુસ્તકો તેમના વાચકોને પ્રેરક વાચનસામગ્રી પુરી પાડશે.

એક પોપટ (પક્ષી) અને તેનો માલિક વિમાનમાં સફર કરી રહ્યા હતા. એર હોસ્ટેસને જોઈ પોપટે સીટી મારી, એરહોસ્ટેસે પાછું વળી જોઈ સ્માઈલ આપી.... આ જોઈ પોપટના માલિકે પણ સીટી મારી... એરહોસ્ટેસ નારાજ થઈ ગઈ અને તેણે ફરીયાદ કરી દીધી.... બંન્નેને વિમાનમાંથી બહાર ફેંકી દેવાની જાહેરાત થઈ.. દરવાજા પર પોપટે માલિકને પુછ્યું ઉડતા આવડે છે ?

માલિક : ના પોપટ : તો સીટી શું કામ મારી ??

oooooooo

અમેરિકા : અમારા કુતરા સાઈકલ ચલાવે છે,
ચીના : અમારી બિલાડીઓ બાઈક ચલાવે છે,
જાપાન : અમારા વાંદરા વિમાન ચલાવે છે.
ભારતનો વ્યક્તિ : અમારા આખો દેશ ચલાવે છે.

એક દિવસ એક ભિખારી એક મોટા મંદીર પાસે ભીખ માંગતો હતો કે જયાં ખુબ ધનવાન લોકો દર્શન કરવા આવતા હતા. ભિખારીએ કહ્યું હું ભુખ્યો છું મે બે દિવસથી કાંઈ ખાધું નથી મહેરબાની કરીને મને કાઈ આપો પણ કોઈએ તેની સામે પણ ન જોયું બધા પોત પોતાની કારમાં બેસીને જતા રહેતા હતા.

ભિખારી નારાજ થઈ ગયો ને ચાલવા લાગ્યો થાકીને એક બિયરબાર પાસે બેસી ગયો તે કાઈ જ બોલતો ન હતો છતાં ત્યાંથી બાર આવતા લોકો કોઈ તેને ૧૦૦ તો કોઈ ૨૦૦ કે ૩૦૦ રૂપિયા આપી જતા હતા.

ભિખારીએ તે પૈસા હાથમાં લેતા ભગવાનને કહ્યું તું રહેતા કહા હૈ ઓર એડ્રેસ કહાં કા દેતા હે.....

ooooooo



## મધુવન

**'પાની બદલો, જરા હવા બદલો, જીંદગાની કી યે ફીઝા બદલો,**
**દાગ અપને ન જબ નઝર આયે, જલ્દ સે જલ્દ આયના બદલો'**

શીર્ષક શે'ર માં રાજેશ રેડ્ડીએ બદલવાની વાત કરી છે. પરિવર્તન સંસારનું એક માત્ર સત્ય છે. સઘળું સતત બદલાયા કરે છે. અહીં બીજા થોડા જુદા અર્થમાં પણ એક બે વાતો તરફ ઈશારો છે. લોકો સામાન્ય રીતે બીજાના દોષો અને અવગુણો પર વિશેષ ધ્યાન આપે છે. આંખોની રચના એવી છે કે પોતાના ચહેરા પર બેઠેલી માખી આપણે જોઈ શકતા નથી. આપણને હંમેશાં બીજાના ચહેરાની માખી દેખાય છે. આથી વ્યક્તિએ એક એવો આયનો લઈ આવવાની જરૂર છે. જે પોતાના દોષ આપણી સમક્ષ પ્રગટ કરે ન જાણે કેમ આપણે બીજાઓને સુધારી નાખવા છે, બદલી નાખવા છે, આખું વિવિધતાઓથી સભર જગત આપણે આપણા રંગોથી રંગવું છે. ખરેખર કરવા જેવું કામ હોય તો પોતાની જાતને બદલવાની જરૂર છે. 'નજર કો બદલો નજારે બદલ જાયેંગે'.

**'પરખના મત, પરખને મેં કોઈ અપના નહીં રહતા,**
**કિસી ભી આઈને મેં દેર તક ચહેરા નહીં રહતા'**

બશીર બરૂના આ શે'ર માં સરસ વાત વ્યકત થઈ છે. તમારા હોય એને સમજવાની કોશીશ કરજો, પારખવાની ભુલ ન કરતા. સમયાંતરે સંબંધોમાં પરીવર્તન આવ્યા જ કરે છે. જેમ એક જ આયનામાં ઘણીવાર સુધી એક જ ચહેરો રહેતો નથી.

**'મત ગિનના એબ કીસી કે ભી યહાં**
**આયના હર કીસી કે પાસ હોતા હૈ'**

મનોજસિંહ 'મન' પોતાના આ શે'ર માં બીજાની બુરાઈઓ ન જોવાની વાત વ્યકત કરે છે. માણસની એક સુંદર વ્યાખ્યા મેં કયાંક વાંચી હતી. ખુબી અને ખામીનો સરવાળો એટલે માણસ. 'દિવા નીચે અંધારૂં જ હોય છે' દરેક માણસમાં સારી-નરસી બંને બાબતો નિહીત હોય છે. આપણે શું જોઈએ, આપણે શું એનામાં જોઈ શકીએ છીએ એની કઈ બાબત આપણને સ્પર્શે છે. કઈ બાબતો આપણને પ્રભાવિત કરે છે. એનો આધાર આપણા ઉપર હોય છે. આથી આપણે બીજાની ખામીઓ જોવાને બદલે ખુબીઓ જોવી જોઈએ. ગુલાબના કાંટા જોવા કરતાં એની સુંદરતા અને સુવાસ અનુભવવી જોઈએ.

**'અંદાજ અપના દેખતે હૈ, આઈને મેં વો,**
**ઔર યે ભી દેખતે હૈ, કોઈ દેખતા ન હો'**

'નિજામ' રામપુરીના આ શે'ર નો અંદાજ આગવો અને અલગ છે. પોતાની સુંદર પ્રિયતમા સ્નાનાદિથી પરવારી દર્પણની સામે શણગાર સજતી હોય, એવી કલ્પના જ રોમાંચ જગાવે એવી હોય છે. 'જબ તક ન પડે આશીક કી નજર શૃંગાર અધુરા રહતા હૈ' આયનાની સામે અંગડાઈ લેવી, શરમાવું, નૈન મટકાં કરવાં, પ્રિયતમની કલ્પના કરવી અને વળી એ વાતનું પણ ધ્યાન રાખવું કે પોતાને કોઈ જોતું તો નથી.'

**'આઈને મેં વો દેખ રહે થે, બહારે હુશ્ન**
**આયા મેરા ખ્યાલ તો શરમાકે રહ ગયે'**

'હસરત' મોહાનીના આ શે'ર માં પણ શણગાર સજતી પ્રિયતમના સુંદર વદન પર લજ્જાની લાલીમા પથરાઈ જવાની વાત છે. શરમના શેરડા ફુટવાની વાત છે. શરમ સ્ત્રીઓની સુંદરતાનું સૌથી ઉત્તમોત્તમ આભુષણ છે. ફિલ્મોમાં જોવા મળતી છેલબટાઉ અભિનેત્રીઓ હકીકતની જીંદગીમાં ભાગ્યે જ કોઈને ગમે, જેમાં હાસ્ય, સ્મિત શરમનું સપ્રમાણ મિશ્રણ હોય, એવી વ્યક્તિ સૌને ગમે છે. કવિ રમેશ પારેખની પેલી પંક્તિઓ અચુક યાદ આવે છે કે એક છોકરી ન હોય ત્યારે કેટલા અરીસાઓ સામટા ગરીબ બની જાય છે. અંતે જોઈએ 'ખલીલ' ધનતેજવીનો આ સુંદર શે'ર

**'તે નિકટથી ચંદ્ર જોયો છે કદી ?**
**આયનો લઈ આવ દેખાડું તને..'**

**ધેગાભાઈ એન'સરહદી'**
ગુરૂકૃપા બંગલોઝ-ર નાની પાવડ (થરાદ)
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## એક કાવ્ય

મને સવારમાં સ્વપ્ન આવ્યું
અરે આ તે કોણ આવ્યું ?
સનસનાટી ભરેલા ટાઈટલોથી
અખબાર પાને પાને ઉભરાયું
કર્મ,અકર્મ, વિકર્મ અને દુષ્કર્મના
સારા માઠા સમાચારો એ લાયું
કલમની શાહી, રડવા લાગી
હંસામૃત હમદર્દ મને બચાવો...

**ડૉ.બી.પાટણવાડીયા** (અમદાવાદ)

## વરદાન માગું છું

દીલના વિશાળ મંદીરમાં તારૂં સ્થાન માગું છું
ન માગું સુખ દુનિયાનું હું તો તારો પ્રેમ માગું છું
ઘડીક વરસીને જાય છે કાળું ડીબાંગ વાદળ નાનું
બળે છે કાયા અને માયા તેમાં થોડોક વિરામ માગું છું
ફેલાવવા સુવાસને મારી જગતમાં ધુપસળી થવા માગું છું
કાયમ ખીલતાં રહે ફુલો એવો જીવનમાં ઉદ્યાન માગું છું
તમન્ના એક છે બાકી ઉચ્ચ પદ મળે એવી આશ રાખું છું
જો મળે કીનારો નૈયાનો તો નાનું જહાજ લાંગરવા માગું છું
પ્રેમની ચાહના માગું કાયમ અમર રહે તેવું વરદાન માગું છું
હજારો આવે તોફાનો છતાં ના ખુટે હૈયામાં હામ માગું છું
કર્યું એળે ના જાય તેવી આશ રાખી હૈયાની દાદ માગું છું
કદર કરવાની સૌને શાન બાન આપે તેવી આશા રાખું છું
ભવસાગર તરવામાં તરે તેવી નાની શી નાવ માગું છું
વીરા સૌને સુખશાંતી મળે તેવું અમર વરદાન માગું છું

**વીરાભાઈ સી.ચાવડા** (કાણોદર)

## દરેક વ્યક્તિ પત્નીથી ડરે

અકબર બિરબલની સાથે સાંજે બાગમાં ફરી રહ્યાં હતાં. અકબરે અચાનક બીરબલને પુછ્યું, સાંભળ્યું છે કે તુ તારી પત્નીથી ખુબ જ ડરે છે. તેણે ધીરેથી કહ્યુ કે, માત્ર હું જ નહિ પણ આપણ રાજ્યનો દરેક વ્યક્તિ પોતાની પત્નીથી ડરે છે. મહારાજે, બિરબલ સામે ત્રાંસી નજરે જોતા કહ્યુ કે, તુ તારી નબળાઈને સંતાડવા માટે બધા લોકો પર આરોપ ન લગાવ.

અકબરે કહ્યુ, શું તુ તારી વાતને સાબિત કરી શકે છે? બિરબલે તુરંત જ હા પાડી દિધી. બીરબલે બધા જ પુરૂષોની એક સભા બોલાવવાનો આદેશ રજુ કર્યો.

એક નક્કી કરેલા દિવસે શહેરના બધા જ પુરુષો ત્યાં આવી પહોચ્યાં. બીરબલે બધાને પુછવાનું શરૂ કર્યું કે શું તેઓ પોતની પત્નીથી ડરે છે. મોટા ભાગના લોકોએ કબુલ કર્યું કે હા તેઓ કોઈ ને કોઈ કારણને લીધે પોતાની પત્નીથી ડરે છે. બિરબલે તે બધા જ લોકોને હાથમાં એક એક ઈંડુ પકડાવી દિધું અને બાજુમાં બેસવા માટે કહ્યુ.

આ જોઈને બધાને ખુબ જ આશ્ચર્ય થયું. ત્યારે એક નવયુવાને કહ્યુ કે, પત્નીથી શું ડરવાનું તે તો પગના જોડા સમાન છે. અકબરને થોડીક રાહત થઈ કે, ચાલો કોઈ તો નીકળ્યુ જેણે આટલી વાત કહેવાની હિંમત કરી. બાદશાહે ખુશ થઈને તેને એક કાળો ઘોડો ઈનામમાં આપ્યો.

ઘોડો લઈને તે પોતાના ઘરે પહોચ્યો ત્યારે તેની પત્નીએ હેરાન થતાં પુછ્યું, આ ઘોડો ક્યાંથી લાવ્યાં છો! નવયુવાને આખી વાત પોતાની પત્નીને કરી. પત્નીએ કહ્યું, તમે પણ ! ઘોડો લાવવો જ હતો તો સફેદ ઘોડો લાવવો હતો ને ! નવયુવાને કહ્યું, સારૂ છે હું હમણાં જ જઈને આ ઘોડો બદલાવીને લાવું છું.

થોડી વાર પછી તે દરબારમાં પહોચ્યો અને બીરબલને પ્રાર્થના કરવા લાગ્યો કે મારી પત્નીને આ કાળો ઘોડો નથી ગમતો. તો મને સફેદ ઘોડો આપો. બીરબલે કહ્યું, આ ઘોડો અંદર બાંધી દે અને આ ઈંડુ લઈને ઘરે જા.

બાદશાહે પુછ્યું, શું વાત થઈ? બીરબલે કહ્યું, આ નવયુવાન પહેલા તો કહી રહ્યો હતો કે તે પોતાની પત્નીથી ડરતો નથી પરંતુ જ્યારે તેની પત્નીએ કાળા ઘોડાની જગ્યાએ સફેદ ઘોડો માંગ્યો ત્યારે તે તેને ના પાડી શક્યો નહિ.

બીરબલે કહ્યું, જહૉંપનાહ આની પત્ની ખુબ જ સુંદર છે. તેને તે તો શું કોઈ પણ ના પાડી શકે તેમ નથી. અકબરે કહ્યું, ખરેખર જો આવી વાત હોય તો હું પણ આવી સ્ત્રીને જોવા માંગીશ. તુ કોઈ પણ રીતે તૈયારી કરાવડાવ. હા પરંતુ એક વાતનું ધ્યાન રાખજે આ વાતની ખબર મારી બેગમને ના પડે. બીરબલે હસતાં હસતાં કહ્યું, જહૉંપનાહ તમે એકલા જ બચ્યાં હતાં. તો લો તમે પણ આ ઈંડુ પકડો. છેલ્લે બાદશાહ માની ગયાં કે દરેક પુરૂષ પોતાની પત્નીથી ડરે છે.

## દરીયો

દરીયો સુંદર દરીયો સુંદર
દરીયો સુંદર લાગે રે.
દરીયાની એ માછલી સુંદર
માછલી સુંદર લાગે રે...
દરીયાનો એ કાચબો સુંદર
કાચબો સુંદર લાગે રે...
દરીયાનું એ પાણી સુંદર
પાણી સુંદર લાગે રે....
દરીયાનો એ કાંઠો સુંદર
કાંઠો સુંદર લાગે રે...
દરીયાનું એ જહાજ સુંદર,
જહાજ સુંદર લાગે રે....
દરીયો સુંદર દરીયો સુંદર
દરીયો સુંદર લાગે રે.

**અજય જે.ડાભી** (પાંથાવાડા)

## વીર ભોગ્યા વસુંધરા

કાચા તે શું કામના ભાવમાં ઉતરે ના ખરા
ખોટા થઈ પાછા ફરે વીર ભોગ્યા વસુંધરા
બીકણ તો શું કામના યુદ્ધે ના ઉતરે જરા
લાત ખમી પાછા ફરે, વીર ભોગ્યા વસુંધરા
ઢીલા તેં શું કામના ખેડીના શકે ધરા
સખત કામે તે ડરે, વીર ભોગ્યા વસુંધરા
રોગી તે શું કામના જીવી ના જાણે જરા
બીજા તેનું પેટ ભરે, વીર ભાંગ્યા વસુંધરા
એદી તે શું કામના, ઉઠે ના વહેલા જરા
ભાણરસ પામે નહીં વીર ભાંગ્યા વસુંધરા
પેલા તેં શું કામના વાત ના સમજે જરા
વણસમજ્યે કુદકાં મરે વીર ભાંગ્યા વસુંધરા
રાજ બેઠા શું કામના વાતમાં ઉતરે ના ખરા
માથાનું કરે ખભે તે તો વીર ભાંગ્યા વસુંધરા
વીર બંકા છે કામના સાચવી રાખે સ્વધરા
કાયરનું શુંકામ અહીં વીર ભાંગ્યા વસુંધરા

**મશરૂ પ્રજાપતી**

## અમરપ્રેમ

કલ હોના હો આજ તો હૈ
આજ હોના હો યે પલ તો હૈ
યે પલ હોના હો હમ તો હૈ
હમહો ના હો મગર તુમ તો જરૂર હો
આકાશ કી બુલંદી પે નામ હો આપકા
ચાંદ કી ધરતી પે મુકામ હો આપકા
હમ તો રહેતે હૈ ઈસ છોટી સી દુનિયા મેં
પર ખુદા કરે યે સારા જહાં હો આપકા
આપકે ખ્યાલો સે ફુરસત નહીં મીલતી
હમેં એક પલ કી રાહત નહીં મીલતી
મીલ તો જાતા હૈ સબકુછ બસ
આપ કી એક ઝલક નહીં મીલતી

**સંકલન : રબારી પ્રવીણકુમાર વેલાભાઈ** (નાનાકાપરા)

## બહુમૂલ્ય ઉપહાર

એકવાર એક પાડોશી રાજાએ વિજયનગર પર આક્રમણ કરી દીધું.

મહારાજ કૃષ્ણદેવ રાયે દરબારીઓની સાથે ચર્ચા વિચારણાથી એ યુદ્ધ જીતી લીધું અને નગરમાં વિજય ઉત્સવની ઘોષણા કરી.

તેનાલીરામ કોઈ કારણસર યોગ્ય સમયે એ ઉત્સવમાં આવી ન શકયા. ઉત્સવની સમાપ્તિ પર રાજા કૃષ્ણદેવરાયે કહ્યું, આ જીતનો હું એકલો જ હક્કદાર નથી પરંતુ આ વિજયમાં આપ સૌ દરબારીઓની પણ જીત સમાયેલી છે. આ અવસર પર હુ દરેક દરબારીઓને કાંઈક ભેટ આપવા માગું છું. રાજસિંહાસનની બાજુમાં કેટલીક ભેટો મુકેલી છે. દરેક દરબારી આવીને વારાફરતી પોતાની મનગમતી ભેટ લઈ લે.

પ્રધાનમંત્રી સહિત બધા જ દરબારીઓ એ રાજ સિંહાસનની બાજુમાં મુકેલ ભેટ તરફ દોડી ગયા અને એકબીજાને ધક્કો મારીને કિંમતીમાં કિંમતી ભેટો ઉઠાવવા લાગ્યા. જેટલા દરબારી હતા એટલી જ ભેટો મુકવામાં આવી હતી. ત્યાં જ તેનાલીરામ રાજદરબારમાં આવ્યા ત્યારે દરબારીઓ તેનાલીરામને જોઈને હસવા લાગ્યા અને કટાક્ષપૂર્વકકહેવા લાગ્યા કે હવે આવ્યા છો જ્યારે દુનીયા લુંટાઈ ગઈ.

તેનાલીરામ મહારાજાની પાસે ગયા ત્યારે મહારાજાએ બધી વાત બતાવીને કહ્યું કે તમારા ભાગમાં માત્ર એક જ ભેટ બચી છે જેને તમે લઈ લો. તેનાલીરામે જોયું તો એક ચાંદીની ખાલી થાળી ત્યાં પડી હતી. એમણે શ્રદ્ધાપુર્વક લઈને માથે લગાવી અનેએની ઉપર પોતાની સાથે લાવેલ ખેસ ઢાંકી દીધો.

બધા દરબારીઓ ખુશ થઈ ગયા કે તેનાલીરામને માત્ર ચાંદીની એક ખાલી થાળી જ મળી. જ્યારે એમની પાસે બહુમૂલ્ય ભેટો હતી. તેનાલીરામને થાળી કપડાં વડે ઢાંકતના જોઈને રાજા કૃષ્ણદેવ રાયે પુછ્યું, તેનાલીરામ આ થાળીને આ પ્રકારે કેમ ઢાંકી દીધી ?

તમારૂં માન કાયમ રાખવાને માટે.

શું મતલબ ? મહારાજ ચોંકયા. મારા સન્માનને શું થયું છે ?

મહારાજ ! મેં આજ સુધી તમારી પાસેથી સોના ચાંદીની અશર્ફીયાં અને મોતીભરેલા થાળ જ ભેટ રૂપે પ્રાપ્ત કર્યા છે. જરા વિચારો કે જો હું આ ખાલી થાળને લઈને જાઉં તો પ્રજા શું વિચારશે ? એ જ કે મહારાજનું દેવાળું ફુંકાયું લાગે છે. એટલે જ તેનાલીરામને ખાલી થાળ ઈનામ રૂપે આપેલ છે.

'ઓહ ! તેનાલીરામની ચતુરાઈભરી વાત સાંભળીને મહારાજ ગદગદ થઈ ગયા અને બોલ્યા, જો તેનાલીરામ આજે પણ તને ખાલી થાળ ભેટ સ્વરૂપે નહીં મળે તારી આ થાળી ખાલી નહીં રહે લાવો થાળ આગળ ધરો.

તેનાલીરામે થાળ ઉપરથી કપડું હટાવીને રાજાની સમક્ષ ધર્યો. મહારાજાએ પોતાના ગળામાં પહેરેલો કિંમતી મોતીનો હાર ઉતારીને તેનાલીરામના થાળમાં મુકી દીધો. આ સૌથી મૂલ્યવાન ભેટ હતી જે તેનાલીરામે પોતાની ચતુરાઈથી મેળવી લીધી હતી.

આ જોઈને જેટલા પણ દરબારીઓ તેનાલીરામથી ઈર્ષ્યા રાખતા હતા તે બધા બળીને ખાખ થઈ ગયા.

**કમલેશ કંસારા**

## ડાઘીયાની વફાદારી

ઘણા સમય પહેલાંની આ વાત છે. કચ્છના પ્રદેશમાં ત્યારે વેપાર વાણિજ્યનો ખુબ વિકાસ થયેલો હતો. પરંતુ તે સમયે વાહનવ્યવહારની સગવડ ન હોવાથી માલની હેરફેર ઉંટ ઉપર થતી. અને આવી રીતે ઉંટ ઉપર માલ વહન કરતા લોકોને વણઝારા તરીકે ઓળખવામાં આવતા હતા. તે સમયે આજની ટ્રાન્સપોર્ટ કંપનીઓની જેમ વણઝારાની પોઠો રહેતી. એક જણ પાસે પંદર પચ્ચીસથી માંડીને બસો પાંચ સો જેટલા ઉંટ રહેતા. તેના ઉપર તેઓ કચ્છમાંથી સિંધ તરફ માલની હેરાફેરી કરતા હતા. ક્યારેક તેઓ બનાસના પ્રદેશમાં થઈ રાજસ્થાન તરફ પણ નીકળતા.

આ સમયે લાખા વણઝારાની પોઠની બોલબાલા હતી. વણઝારાની પેઠો રાતના સમયે મુસાફરી કરતી ત્યારે ચોર ડાકુ લુંટારાઓનો ખુબ જ ભય રહેતો. તેથી તેઓ ઉંટોની સાથે ખુંખાર ડાઘીયા કુતરા રાખતા. કચ્છના રણ પ્રદેશમાં દિવસ દરમ્યાન ખુબ જ ગરમી પડતી. તેથી રણની રેતી દિવસે ખુબ જ તપે. પરંતુ રાત્રે ખુબ જ ઠંડક રહેતી. તેથી વણઝારાઓ રાતના સમયે ઉંટો પર મુસાફરી કરતા.

એક દિવસની વાત છે. લાખો વણઝારો તેની પોઠ લઈને કચ્છના રણમાંથી પસાર થઈ રહ્યો હતો. તેને રાજસ્થાનમાં રજવાડાઓને કેટલોક માલ પહોંચાડવાનો હતો. ઉંનાળાની રાત હોવા છતાં રાતભર ઠંડો પવન ફુંકાતો રહ્યો હતો. તેની સામે ઝઝુમતા લાખો વણઝારો દિવસ ઉગતાં સુધીમાં છાણસરા ગામ નજીકમાં આવી પહોંચ્યો. ગામની નજીકમાં શેણી નદી વહેતી હતી. નદીના કિનારે પોઠોને વિશ્રામ કરવાનું ઠરાવ્યું! લાખા વણઝારાના માણસોએ નદીએ લઈ જઈ ઉંટોને પાણી પાયું. અને નજીકમાં ગામ હોવાથી ભોજનની વ્યવસ્થામાં પડ્યા. લાખો વણઝારો એક ઝાડની છાંયામાં બેસીને હોકો ગગડાવતો હતો.

'અરે ! રામ રામ લાખા.'

'રામ..રામ..શેઠીયા ક્યાં રહેવું ?'

'અહીં જ નજીકના વારાહી ગામનો વતની છું. મારૂ નામ ટેકચંદ'

'મારે લાયક કાંઈ કામકાજ ?'

લાખા કામ છે એટલે જ આવ્યો છું. અમારા ગામમાં છેલ્લા કેટલાક સમયથી ચોરોનો ઉપદ્રવ વધી ગયો છે.' ટેકચંદ શેઠે કહ્યું.

'તો હું શું મદદ કરી શકું ?'

'લાખા મેં સાંભળ્યું છે કે તમે સારી જાતના કુતરા રાખો છો. મારે એક કુતરો જોઈએ છે.'

'જુઓ શેઠ બીજું ગમે તે માગી શકો, હું મારા કુતરા તો તમને આપું. લાખાએ કહ્યું.

'લાખા પણ તું માગે તે કિંમત આપવા હું તૈયાર છુ.' ટેકચંદ શેઠ બોલ્યા.

લાખો જરાવાર વિચારમાં પડી ગયો. આમ તો એ એક ચતુર વેપારી હતો ને ! તેની પાસે ચાર ચુનંદા કૂતરાઓ હતા. બધા જ ખુબ વિશ્વાસુ અને ઈમાનદાર હતા. આ કૂતરાઓ લાખાના માલનું જીવના જોખમે રક્ષણ કરતા હતા. અને લાખો પણ સગા દિકરાં કરતાં વિશેષ કૂતરાઓને સાચવતો હતો. તેથી કૂતરાને વેચવાની વાત તેને અજુગતી લાગતી હતી. પરંતુ વારાહી ગામના પ્રતિષ્ઠત શેઠીયાને ના પાડવાની પણ તેને બરાબર લાગતી ન હતી. તેણે પોતાની વેપારી બુદ્ધિ દોડાવી શેઠને કહ્યું.

'જુઓ શેઠ આમ તો મારા કૂતરાઓને હું અણમોલ માનું છું. તેમની વફાદારીની કોઈપણ કિંમત આંકીએ તો તે ઓછી પડે. પણ તમ જેવાનો બોલ હું પાછો ઠેલી શકતો નથી. તમારે જો કૂતરો જોઈતો જ હોય તો આ સામે બેઠો એ ડાઘીયો તમને આપું પણ સો સોનામહોરો લઈશ.' લાખાએ ડાઘીયાને બતાવતા કહ્યું.

'લાખા સો સોનામહોરો આમ તો વધુ કહેવાય છતાં માંગણી મેં કરી અને મેં સ્વીકારી એટલે હવે હું તને સો સોનામહોરો આપું છું. તું મને કૂતરો આપ.' કહી શેઠે કેડે બાધેલી વાંસળી છોડીને સોનામહોરોનો ઢગલો કર્યો.

'લે લાખા ગણી લેં તારી સો સોનામહોરો.' શેઠે કહ્યું.

લાખાએ તેના માણસને બોલાવી કહ્યું. કે ડાઘીયા કૂતરાને શેઠના ઘેર મુકી આવો. તેણે પોતાની સો સોનામોહોર ગણી લીધી. શેઠે રામ રામ કરીને પોતાના ગામનો મારગ લીધો.

દિવસો ઉપર દિવસો વિતવા લાગ્યા. એક દિવસ રાતના સમયે ટેકચંદ શેઠની હવેલીમાં ત્રણ ચોર ઘુસ્યા. અને માલમત્તા લુંટવા લાગ્યા. ડાઘીયાએ આ જોયું. પહેલાં તો એ જોર જોરથી ભસવા લાગ્યો. શેઠનો જીવ પડીકે બંધાઈ ગયો. ને પાંદડીની જેમ ધ્રુજવા લાગ્યા. એક ચોરે ભસતા કૂતરાને જોરથી લાકડી ફટકારી એટલે કૂતરો ઝનૂની ગયો. તેણે ભાગતા ચોરોને કુદી કુદીને બચકાં ભરવા માડયાં. એક પછી એક ચોરોને બચકાં ભરતાં ચોરો લૂંટેલો માલ ફેંકીને ભાગી નીકળ્યા. કૂતરાએ તેના માલિકના લૂંટેલા માલનું પોટલું મોઢામાં લઈને ઘેર આવ્યો. કૂતરાની બહાદૂરી અને વફાદારી જોઈ ટેકચંદ શેઠની આંખોમાં હર્ષનાં આંસુ ઉભરાઈ આવ્યાં. શેઠાણીએ સવારે શીરો બનાવીને ડાઘીયાને જમાડ્યો. કારણ કે ડાઘીયાને કારણે જ તેમની બધી ધનસંપતિ અને દાગીના બચી ગયા હતા.

ટેકચંદ શેઠ ખૂબ ટેકીલા હતા. તેમણે તેમના નોકરને બોલાવ્યો અને કહ્યું.

'ભાઈ લાખા વણઝારાએ આપણને આ ડાઘીયો માત્ર સો સોનામહોરોમાં આપ્યો હતો.

પણ તો આજે મારો અને મારા કુંટબનો જીવ બચાવ્યો. અને મારી જીંદગી ભરની કમાણીને પણ લૂંટાતી બચાવી છે. તેથી તેણે મારી સો સોનામહોરોનો બદલો ચુકવી દીધો છે. માટે લે આ ટીઠ્ઠી કૂતરાને ગળે બાંધીને મોકલી આપ.

નોકરે કૂતરાને ગળે ચીઠ્ઠી બાંધી દીધી અને તેને ગામની બહાર મૂકી આવ્યો. ડાઘીયો ખુબ જ હોંશીયાર હતો. તે રસ્તો સુંઘતો ચાલવા લાગ્યો હતો.

તે દિવસે લાખા વણઝારાની પોઠે આલુવાસ નામના ગામની નજીક પડાવ કર્યો હતો. લાખો વણઝારો ભોજન લીધા પછી આરામ કરતો બેઠો હતો. તેની બાજુમાં ભરેલી બંદુક પડી હતી.

લાખાએ જોયું કે ડાઘીયો કૂતરો પાછો આવી રહ્યો છે. આ જોઈ લાખાને ગુસ્સો આવ્યો. તેને થયું કે કૂતરો નમક હરામ નીકળ્યો. તેથી ગુસ્સામા આવેશમાં બંદુક ઉઠાવી.

ધાંય..ધાંય.. ગોળીઓ છોડી.

ડાઘીયો વિંધાઈ ગયો. તેના શરીરમાંથી લોહીની શેરો છૂટી જરાકવાર તરફડીયાં મારી ડાઘીયો સદાને માટે શાંત થઈ ગયો. પોતાના પ્યારા કૂતરાને તરફડીયાં મારતો જોઈ લાખાની આંખો ભીંજાઈ ગઈ. અચાનક તેની નજર કૂતરાની ડોક પર પડી. તેની ડોક પર ચીઠ્ઠી બાંધેલી હતી.

લાખાએ ઘુટણીયા ભેર બેસીને ડાઘીયાના ગળામાંથી ચીઠ્ઠી છોડી લીધી.અને વાંચી ત્યારે લાખો ભાંગી પડ્યો. કારણ કે ચીઠ્ઠીમાં ટેકચંદ શેઠે ડાઘીયાના ભારોભાર વખાણ કર્યા હતાં.

લાખો પસ્તાવો કરીને રડવા લાગ્યો. પરંતુ હવે તેનું કાંઈ વળે તેમ નહતું. તેનો પ્યારો વફાદાર ડાઘીયો આ દુનિયા છોડી ગયો હતો.

બાળમિત્રો ! ત્યારબાદ લાખાએ તેના પ્યારા વફાદાર ડાઘીયાની યાદમાં તે જગ્યાએ એક તળાવ ખોદાવી પોતાના પાપનું પ્રાયશ્ચિત કર્યું. જે આજે ડાઘાસર તળાવને નામે ઓળખાય છે. બનાસકાંઠા જિલ્લાના સાંતલપુર તાલુકામાં આલુવાસી ગામ નજીક તે આવેલ છે.

**નટવર હેડાઉ**

## સાસરીયાના...

પાના નં .૧ ચાલુ

દરમ્યાન પતિ સંગ્રામસિંહ અગરસિંહ રાઠોડ, સસરા અગરસિંહ, સાસુ વસંતબા, વડ સસરા ચંદ્રસિંહ, જેઠ મેહુલસિંહ રાઠોડ દ્વારા દહેજની માંગણી કરી વર્ષાબાને ત્રાસ આપતા હતા. આ અંગે ત્રાસીને વર્ષાબાએ ગત બુધવારે રાત્રે સાસરિમાંજ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે વર્ષાબાના પિતા રામસિંહ ચૌહાણે પુત્રીને આત્મહત્યા માટે મજબુર કરનાર પતિ સહિત સાસરિના પાંચ શખ્સો વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલ. પરિણીતાના મૃતદેહનું હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં પી.એમ. કરવામાં આવેલ.

## વડોદરામાં ભાગવદ્...

અનુસંધાન ૨ નુ ચાલુ..

એસી ડોમ મા આયોજીત આ કથાનો લાભ ભાવિકો તા. ૨૨ સુધી બપોરે ૩ :૩૦ ક.થી સાંજે ૬:૩૦ ક. સુધી લઇ શકશે. કથાનુ શ્રવણ ભાગવત ભૂષણ પુ.શ્રી બાલ વ્યાસ ગોપાલજી મિશ્ર કરાવી રહ્યા છે. કથાનુ આયોજન બીઆરજી ગૃપના ફાઉન્ડર બકુલેશ ગુપ્તા અને ગિરિશ માહેશ્વરી દ્વારા કરવામા આવ્યુ છે.આ કથા દરમિયાન વડોદરા શહેરના પોલીસ કમિશ્નર મનોજ શશીધરને ટ્રાફિક એક સંસ્કાર હોવાથી તેનું પાલન સ્વયંભૂ જ થવુ જોઈએ કહી ટ્રાફિકના નિયમોનું પાલન કરવા સહુને પ્રતિજ્ઞા લેવડાવી હતી.

## બનાસકાંઠા જિલ્લામાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જે ખેતરોનુ ભેલાણ થતાં ગાયોને આવા ખેતરો તરફ હંકારી જતા માલધારીઓ ગૌધનના ટોળા સાથે ઠેરઠેર નજરે પડી રહ્યા છે. આ વર્ષે તો બનાસકાંઠા જિલ્લામાં આવેલા પાંજરાપોળ અને ગૌશાળામાં રહેલી ગાયોને પણ ઘાસચારાની ખુબ જ મોટી તંગી જોવા મળતાં સરકાર સમક્ષ બાયો ચડાવતા સરકારને ગાયોના નિર્વાહ માટે ઘાસચારો પુરો પાડવાની ફરજ પડી છે. તેવા સમયે બહારના માલધારીઓ પણ ગૌધનને બચાવવા બનાસકાંઠા જિલ્લામાં ધામા નાખ્યા છે અને ગાયોના મોટા મોટા ટોળા પાણી અને ઘાસચારાની શોધમાં આમતેમ રસ્તાઓ પર જોવા મળી રહ્યા છે. શક્કરટેટી બાદ બાજરીના ખેતરોમાં ગાયોને ખોરાક મળી રહેશે. જેથી માલધારીઓએ જિલ્લામાં ધામા નાખ્યા છે.

આ બાબતે રાજસ્થાનના ભીનમાલના માયારામ દેવાશીએ જણાવ્યું હતું કે અમો અમારી ૩૦૦ ઉપરાંત ગાયોને લઈ પાણી અને ઘાસચારાની શોધમાં લાંબી મંજીલનો રસ્તો કાપી ડીસા તાલુકામાં આવ્યા છીએ અને એક મહિના સુધી ગાયોની સાથે અમારા કુટુંબ કબિલો આ વિસ્તારોમાં રહીને અમારૂ ગુજરાન ચલાવીશું. વતનમાં વરસાદના સમાચાર મળશે ત્યારે અમો અમારા ગૌધનને લઈ પરત અમારા વતન તરફ પરત જઈશું.

## તળાવની માટી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

પરંતુ અમારી રાજય સરકારને વિનંતી છે કે વરસાદ ન થાય ત્યાં સુધી આવા જળ સંચયના કામો ચાલુ રહે તો હજી ખેડુતોને વધારે ફાયદો થશે.

આ જ ગામના ખેડુતશ્રી ભેમજીભાઇ સતાભાઇ પટેલે કહ્યું કે તળાવ ઉંડા કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જેનાથી સિંચાઇની સગવડો વધશે. તેમણે કહ્યું કે ખેડુતોને તળાવના કાંપની ફળદ્રુપ માટી અને સિંચાઇ માટે પાણીની સગવડ મળવાથી કૃષિ ક્ષેત્રે પણ ઉત્પાદન વધશે. આમ આ અભિયાન અમારા માટે ખુબ ઉપયોગી સાબિત થશે.

## થરાદની સર્વોદય...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તથા કોન્ટ્રાક્ટરનું ધ્યાન દોરી પડતી મુશ્કેલીઓ નિવારવા તાત્કાલિક કામ પૂર્ણ કરવાની રજૂઆત જિલ્લાકલેક્ટરને પણ કરી હતી સાથે-સાથે બેફામ વાહનો ચલાવતા ચાલકોને નિયંત્રણમાં લેવા માટે ફાઈબરના સ્પીડબ્રેકર મુકવાની પણ માંગણી કરી હતી.

## પાલનપુરમાં સરકારી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

એક પ્રકારની જાળવણીના સ્થાનિકો પણ સાક્ષી છે ત્યારે હવે આ પાંજરાપોળને સરકાર હસ્તગત કરી અને એક પ્રાણી સંગ્રહાલયના રૂપે ઉભરી આવ્યા એવી માંગ સ્થાનિકો કરી રહ્યા છે.

નવાબ કાલીન મહાજનની પાંજરાપોળ વર્ષોથી અહીં કાર્યરત છે સો વર્ષ ઉપરાંતની આ પાંજરાપોળમાં આજે અનેક વિધ પશુ પક્ષીઓ ની સારવાર થાય છે ત્યારે ૧૦૦ વર્ષ ઉપરાંતની આ પાંજરાપોળ કોઈની મોહતાજ નથી ત્યારે સરકાર દ્વારા અહી ડેવલોપ કરી સહાય માંગ ઉઠી છે.

## કલા શ્રૃષ્ટિ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

'મારું જીવન નૃત્ય આનંદ' તથા ચંદુભાઈ એ.ટી.ડી. લીખીત પુસ્તક 'દીકરી બચાવો' જનમંગલ સ્વામીના કરકમળોમાં અર્પણ કરવા ગયા ત્યારે ચંદુભાઈના દોહિત બાળ ચિત્રકાર કવીશએ દોરેલાં સુંદર ચિત્રો નિહાળીને સ્વામીએ બાળ કલાકારને આર્શીવાદ આપ્યા હતા.

રબારી સમાજના અગ્રણી સામાજિક કાર્યકર ગફુલભાઈ દેસાઈ તથા સાહિત્યકાર બળદેવભાઈ રાયકાએ પણ સ્વામી જીને સન્માનપત્ર અર્પણ કરીને ધન્યતા અનુભવી હતી.

બી.એ.પી.એસ. સંસ્થા સંચાલીત સ્વામી નારાયણ મંદિર, ડીસાના સંચાલક પરમ ભગવદીય સંત પૂ. ઉત્તમપ્રિય સ્વામી તથા સંત નિશ્ર સેવા સ્વામીએ કરેલા આવા સુંદર આયોજન બદલ લેખક અને ચિંતક ભગવાનદાસ બંધુ ભારત વિકાસ પરિષદ, ડીસાના મહામંત્રી જયેશભાઈ દેસાઈ તથા અનેક હરિભક્તોએ ખૂબ જ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## જળ સંચય...

પાના નં .૮ ચાલુ

અને સુજલામ સુફલામ યોજનાથી બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારમાં હરિયાળી પથરાઇ છે અને સુખાકારી આવી છે. બનાસકાંઠા જિલ્લામાં મોટા પ્રમાણમાં તળાવો, ચેકડેમો ઉંડા કરવાનું અને નદીઓનું ડીશિલ્ટિંગ કરવાનું કામ ચાલે છે. મંત્રીશ્રી પટેલે પાણીનું મહત્વ સમજાવતાં જણાવ્યું કે પશુ, પક્ષી, માણસ કે કોઈપણ જીવસૃષ્ટિનું અસ્તિત્વ પાણી વિના શક્ય જ નથી ત્યારે પાણીના મહત્વને સમજી જળ અભિયાનરૂપી મહાન લોકસેવાના આ કાર્યમાં આપણે સૌ સાથે મળી જળ અભિયાનને સફળ બનાવીએ. તેમણે કહ્યું કે પાણીને પ્રભુનો પ્રસાદ સમજી તેનો વિવેકપૂર્વક ઉપયોગ અને જળ સંચય કરીએ તો આપણી આવનારી પેઢીઓને પાણીની કોઇ તકલીફ નહીં પડે.

## પાલનપુરમાં ફૂડ...

પાના નં .૮ ચાલુ

માત્રની કાર્યવાહી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, કેરીના આજ વેપારીઓના ગોડાઉનમાં ગતવર્ષે પણ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જ્યાંથી કેરીના સેમ્પલ પણ લઇ જવામાં આવ્યા હતા. પરંતુ તેનો રિપોર્ટ શુ આવ્યો ? સાચે જ કેમિકલથી કેરીઓ પકવવામાં આવી હોય તો જાહેર આરોગ્ય સાથે ચેડાં કરનારા જવાબદાર વેપારીઓને સજા કેમ ન થઇ ? કે પછી દરોડાનું નાટક કરી વેપારીઓ પાસેથી નાણાં લઇ તપાસની ગોદડી ગોટે વાળી દેવામાં આવી ? તેના અનેક પ્રશ્નો ચર્ચાની એરણે ચડ્યા છે.

## થરાદના લુણાલ...

પાના નં .૮ ચાલુ

સાથે આવીને તપાસ કરતા તીજોરીમાં રહેલ શ્રદ્ધાળુઓ દ્વારા નવીન મંદિરના ફાળા માટે દાનમાં રોકડમાં આપવામાં આવેલ રૂપિયા દોઢ લાખ તથા ચાંદીના અંદાજિત બે કિલો વજનના ચોરસો તથા ઘોડાઓની ચોરી કરી ગયા હતા. આ બનાવથી સરહદી પંથકમાં ફફડાટ સાથે ચકચારની લાગણી ફેલાવા પામી હતી. રામદાસભાઈ નથાભાઇ પટેલની ફરિયાદના આધારે થરાદ પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી એફ.એસ.એલ. તથા ડોગ સ્કવોડની મદદ લઇ વધુ તજવીજ હાથ ધરી હતી.

## પાલનપુર અને...

પાના નં .૮ ચાલુ

તાલુકાના ભોયલ ગામની ગુરૂગ્રીન સોસાયટી તેમજ પાલનપુર તાલુકા પોલીસ મથકની હદમાં આવેલી ધવલપાર્ક સોસાયટીમાંથી આ મુદ્દામાલની ચોરી કરી હોવાનું કબુલ્યું હતુ. જે તમામની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કાંકરેજના ચાંગા...

પાના નં .૮ ચાલુ

ખેડૂતોએ વારંવાર મામલતદાર ઓફીસમાં રજુઆતો કરી છતાં તંત્રના લગતા વળગતા અધિકારીઓ કોઇ ધ્યાને લેતા નથી. આ અભિયાન તારીખ ૧/૦૫/૨૦૧૮ થી ૩૧/૦૫/૨૦૧૮ સુધી ચાલુ રાખવાનુ છે. છતાં કોન્ટ્રાકટર પોતાની મરજી માફક કામ કરી રફુચક્કર થઈ ગયો છે. માંડ વીસ થી ચાલીસ ફૂટ જેટલું ખોદકામ કરી બંધ કરાતા ગામ લોકો રોષે ભરાયા હતા અને મીડિયા સમક્ષ રજૂઆત કરી ન્યાય માટે માગણી કરી હતી. ત્યારે તંત્રના અધિકારીઓ આવા કોન્ટ્રાકટર વિરુધ્ધ પગલાં ભરી કોઈ અન્ય કોન્ટ્રાકટર ને કામ આપી રાબેતા મુજબના કામ કરાવે એવી અમારી ગામ લોકોની માંગણી છે. હવે જોવું એ રહ્યું કે તંત્રના અધિકારીઓ ચાંગા ગામનું તળાવનું ખોદકામ ચાલુ કરાવશે કે નહી ??? આ જળસંચય અભિયાન લોકોના કહયા મુજબ ધનસંચય અભિયાન અધિકારીઓની મીલી ભગતથી સાબીત થઈ રહયું છે.

## કોતરવાડા નર્મદા...

પાના નં .૮ ચાલુ

સ્ટાફ અને જી.ઇ.બી.ની ટીમે કેનાલ ઉપર ગેરકાયદેસર કેનાલમાં નાખવામાં આવેલ પાણીની પાઈપોના ટોટા કાપી નાખતા ખેડૂતોએ તંત્ર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો આ બાબતે ખેડુતોએ ભારે રોષ ઠાલવતા જણાવ્યુ હતુ કે એક બાજુ ગુજરાત સરકાર દ્વારા દરેક વિસ્તારમાં પાણી પહોંચાડવા નર્મદા કેનાલ ચાલુ કરવામાં આવી છે જેથી ખેડૂતો હરિયાળી ખેતી કરી શકે પરંતુ અમોએ આ ઉનાળુ પાકનું વાવેતર કરેલ હોઈ હવે માત્ર થોડા પાણીની જરૂરિયાત છે. એવા સમયેજ નર્મદા વિભાગના અધિકારીઓએ અમારા કનેકશન કાપી નાખ્યા છે જેથી અમારે પાણીના અભાવે ભારે નુકસાન વેઠવાની નોબત આવી છે.

## બનાસ મેડિકલ...

પાના નં .૮ ચાલુ

બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી સામે થયેલ વ્યક્તિગત આક્ષેપોનો રદિયો આપતા માવજીભાઈ દેસાઈએ જણાવ્યું કે શંકરભાઈ ચૌધરી બનાસ ડેરીના ચૂટાયેલા નિયામક મંડળના સભ્ય હોવાથી તેઓ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે યોગ્યતા ધરાવતા હોવા છતાં જિલ્લાના હિતમાં તેઓએ ટ્રસ્ટના શરૂઆતના તબ્બકે જ રાજીનામું આપી દીધું હતું. એટલે મેડિકલ કોલેજ માટે ટ્રસ્ટે કાર્યવાહી શરુ કરી તે સમયથી લઇ અત્યાર સુધી શંકર ચૌધરી આ મેડિકલ કોલેજના ટ્રસ્ટી તરીકે જ નથી એટલે વિરોધીઓ દ્વારા કરવામાં આવતા મનઘડંત આક્ષેપો બિલકુલ જુઠા, તથ્ય હીન અને આધાર વગરના છે. તેમજ રાજકીય હેતુથી પ્રેરિત છે અને કોઈક તત્વોના ઈશારે સ્વાર્થી હેતુઓ માટે ખોટા બહાના હેઠળ વિરોધ કરવામાં આવે છે. તેમણે જણાવ્યું છે કે સદર ટ્રસ્ટના મંજૂર થયેલા બંધારણમાં એવી જોગવાઈ છે કે બનાસ ડેરીના આદ્યસ્થાપક શ્રી ગલબાભાઈ નાનજીભાઈ પટેલની સ્મૃતિમાં બનાસકાંઠા માટે જનસેવાની પ્રવૃત્તિઓ કરવામાં આવશે અને ટ્રસ્ટીઓ તરીકે બનાસ ડેરીના નિયામક મંડળના ચૂટાયેલા સભ્યો જ ટ્રસ્ટી તરીકે રહે છે. એ પ્રમાણે આ ટ્રસ્ટ કોઈ એક વ્યક્તિનું ટ્રસ્ટ છે જ નહી અને ભવિષ્યમાં પણ આ ટ્રસ્ટ કોઈ એક વ્યક્તિ કે કોઈનું બનવાનું નથી. એટલે આ મુદ્દે પણ તથ્યહીન જુઠાણું ચલાવવામાં આવી રહ્યું છે.

ટ્રસ્ટને ખાતરી છે કે બનાસકાંઠાની જનતા બનાસકાંઠાના હિતમાં ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતા સારા કામોને વધાવી રહ્યા છે અને રાજકીય હેતુથી પ્રેરિત આધાર વિહીન વિરોધીયોને જાકારો આપી દેશની સર્વોચ્ચ સંસ્થાઓ જેવી કે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા અને રાજ્યની લોકપ્રિય સરકાર સામે પણ જે આક્ષેપો કરવામાં આવે છે તે જનાદેશના અપમાન સમાન છે અને સર્વોચ્ચ સંસ્થાઓને ઉતારી પાડવા સમાન છે. ટ્રસ્ટી મંડળ આ બાબતને સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

## પાલનપુરમાં જાહેરમાં ...

પાના નં .૮ ચાલુ

આવી છે દરમિયાન હજુપણ પાલનપુરમાં કેટલીક સોસાયટીના રહીશો દ્વારા ઘર વપરાશના ગંદા પાણીનો જાહેરમાં નિકાલ કરવામાં આવી રહ્યો છે. જ્યાં ગંદા પાણીનો જાહેરમાં નિકાલ કરતાં રહિશો સામે પુનઃ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંગે પાલનપુર નગરપાલિકાના સેનિટેશન ઈન્સપેકટર લાલજીભાઈ સોલંકીએ જણાવ્યું હતુ કે, શહેરની જુદીજુદી સોસાયટીમાં ગંદા પાણીનો જાહેરમાં નિકાલ કરવામાં આવતો હોવાથી ત્યાં ગંદકી થવાથી માખી- મચ્છરોનો ઉપદ્રવ થવા સાથે રોગચાળો ફાટી નીકળવાની દહેશત રહે છે. આવા રહીશો સામે નગરપાલિકા દ્વારા અવાર- નવાર કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત ૭૦ રહિશોને નોટિસ આપવામાં આવી છે.

## થરાદ નગરપાલિકાના...

પાના નં .૮ ચાલુ

શહેરી ગૃહ નિર્માણ વિભાગના સંયુક્ત સચિવે ચીફ ઓફિસરની બદલીની સૂચના જાહેર કરી છે. જેમાં ગુજરાતના રાજ્યપાલના હુકમથી તાત્કાલિક અસરથી વહીવટી અનુકૂળતા માટે થરાદ નગરપાલિકાના મુખ્ય અધિકારી મયુરભાઈ જોષીની વલ્લભ વિદ્યાનગર ખાતે બદલી કરી દેવાઈ છે અને તેમની જગ્યાએ કુમારી વલ્લભ વિદ્યાનગરથી રોશનીબેન પટેલને થરાદ નગરપાલિકા ખાતે મુખ્ય અધિકારી તરીકે મુકાયા છે. આમ થોડાક મહિનાઓમાં જ ફરજ દરમિયાન ભાજપના શાસકપક્ષને સહયોગ ન આપી નગરમાં કામગીરી પ્રત્યે દુર્લક્ષ સેવવા બદલ પાલિકાના મુખ્ય અધિકારીની બદલી કરાયાની આ પ્રથમ ઘટના ચર્ચાસ્પદ બનવા પામી છે.

## નિયમ વિરૂધ્ધ...

પાના નં .૮ ચાલુ

તાત્કાલિક ઉપરોક્ત સ્થળે દોડી ગયા હતા. જ્યાં નિરીક્ષણ કરી બિન અધિકૃત પાણીનું જોડાણ દૂર કરી પંચાયતને નળ કનેકશન માટે નાંખેલ લાઈનમાંથી જોડાણ કરવા તાકીદ કરી હતી. અને વડગામ ગ્રામ પંચાયતની હદમાં પંચાયતની પરવાનગી વગર કોઈપણ બિન અધિકૃત પલ્મ્બરોએ નળ કનેકશન જોડાણ કરવા નહી તેવી સુચના આપવામાં આવી છે.

## વાવ-સૂઈગામ...

પાના નં .૮ ચાલુ

બાબતે કે.પી.ગઢવી એ મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરેલ છે. વાવ અને સૂઈગામ તાલુકાના ખેડુતો છેલ્લા ૪ વર્ષમાં અતિવૃષ્ટિનો ભોગ બનેલ છે. જમીનો પણ ખારી થઈ ગયેલ છે ચોમાસુ અને શીયાળુ પાક પણ ક્ષારવાળી જમીનના લીધે નિષ્ફળ નીવડે છે. જેથી કરીને ૨૦૧૬ ના વર્ષનો બંને તાલુકામાં બાજરી અને એરંડાના પાકનો ૧૦૦ ટકા વિમો ચૂકવી ક્ષાર નિવારણ માટે ખેડૂતોને આર્થિક મદદ કરવા વાવ તાલુકા ખરીદ વેચાણ સંધના ચેરમેન કે.પી. ગઢવીએ મુખ્યમંત્રીને પત્રલખી રજુઆત કરી છે.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૩૦૦**
રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૩૦૦
સોનુ તોલો ૩૨૦૦૦-૩૨૨૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૨૦૦**
પામોલીન ૧૧૮૦
સોયા રીફાઈન ૧૪૧૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૫૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૬૦-૧૫૦૦**
સીંગતેલ ૧૫ લી.૧૩૮૦
**સીગતેલ ૫ લી. ૪૬૩-૪૬૫**
તિરૂપતી કપા. ૧૩૬૦
૫ લીટર ૪૩૨
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૨૦૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૧૫૦
૫લી. અંકુર સીંગતેલ ૪૬૫
**૧૫ લીટર સનફલાય ૧૩૩૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૪૦
૫ લી. ૩૪૫
૨ લી. ૧૬૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦

ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦

દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૪૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૨૮૫૦-૨૯૦૦**
**ખાંડ એમ. ૨૯૫૦-૩૧૦૦**
ખાંડએલ. ૩૦૫૦-૩૧૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૪૨૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૧૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૮૦-૧૨૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૫૦૦-૬૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીબુ ૭૦૦-૧૦૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૫-૧૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૨૨૦-૨૬૦
**ભીંડા ૨૦૦-૩૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૧૪૦૦
ટીંડસા ૫૦૦-૮૦૦
ગવાર ૨૪૦-૫૦૦
બાદશાહ બટાકા ૩૪૦-૪૦૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : .......................જ.તા. ................ઉ.વ.
પરિચય: ....................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ........................................

## ગઝલ

ધરતી આજે આટલી તૃપ્ત રહી,
નક્કી સ્નેહવર્ષા ગુપ્ત રહી.
ના બની શક્યો હુ મનુજ પુરેપુરો,
જિન્દગી મારી ખામી યુક્ત રહી.
ખુબ ઝંઝોડી એને મે તમારા સમ,
તોય લાગણીઓ સુશુપ્ત રહી.
યાદ સાથે વાદળો ગોરંભાયા,
આન્ખો આન્સૂ મુક્ત રહી.
ખોવાઈ છે વેદના કોઈ શોધો,
દર્દ ની ઝંખના લુપ્ત રહી.

**અનવર જુનેજા વડગામ**

## મોરપીંછ

ગલી-ગલી ભટકતી હું, ને મળ્યું મને એક મોરપીછ,
હતું સાવ બેરંગ, ન હતો રંગ કે ન રૂપ ,
હતું સાવ એકલું, ઉદાસ, ગમગીન ને આંસુભરેલું.
લૂછયા મે આંસુ ને કહ્યું 'ચાલ તને બતાવું મોરપીછ'
લઈ આવી તેને બ્રજ-ગોકુળમાં ને વૃંદાવનમાં,
સોળ કળા એ ખીલી વિચરતો વનોમાં,
વર્ષાકાળે નુત્ય કરતો ને વેરતો રંગીન મોરપીછ,
પૂછ્યું મે 'શું તું આ ગલીનું છે બેરંગ મોરપીછ?'
અહી જ્યાં રમતો કાનુડો ગોપ-બાળા સંગ,
કદમકેરી ડાળે ચડી જમુનાકાંઠે ચીર હરતો,
પુનમ ની રાતે વ્રજગોપના સાથે રાસ કરતો.
'શું તું આ દિવ્યભૂમિ નું છે મોરપીછ?'
નહી-નહી હું તો છું કલિયુગ નું મોરપીછ
વર્ષા ની રાહમાં મારો મોર બન્યો બેભાન,
ખરી આવ્યો, હું તો તેની કળા માંથી,
ને થયો હું બેરંગ, ઉદાસ ને ગમગીન મોરપીછ.
ગર્વ ઉતારવા માનવી નો હવે કોણ આવે?
ચારે કોર હિંસા, આંતક ના ફરમાન આવે,
આબરૂ લૂટયા ના કિસ્સાઓ આવે,
હું તો છું બેરંગ, ઉદાસ ને ગમગીન મોરપીછ.
મને જોઈએ માનવ ની માનવતા ને દયા,
રામ ને કૃષ્ણ ની દયા અને માયા,
હું ભટકી રહ્યું આ અવની પર એકલું મોરપીછ,
હું તો છું બેરંગ, ઉદાસ ને ગમગીન મોરપીછ.

**માધવી આશરા 'ખત્રી' ભાવનગર**

## તરાપો

સમંદર બનીને સરે છે તરાપો
બધી રેત લઈને વહે છે તરાપો
કદી ગીત ગાતો ઉડે છે હવામાં
કદી મૌન થાતો મળે છે તરાપો
કદી સાત પાતાળ ઉતરી જતો તો
કદી વાંભ ઉંચો ચઢે છે તરાપો
કદી એકલો તો કદી ટોળકીમાં
જુદી નાચ તાલો કરે છે તરાપો
અરે નીર સાથે ઠરે છે શિયાળે
વળી ગ્રીષ્મ વચ્ચે બળે છે તરાપો
કદી કામ અર્થે કદી નામ અર્થે
હજારો સંબંધે ઢળે છે તરાપો
કદી ભેખડો ઉંચકીને નશામાં
કદી બ્હાવરો થઈ બને છે તરાપો
ઘરેથી જતો હોય છે સૌને નમીને,
તહીં પાંપણોમાં રડે છે તરાપો
કદી બંધ નાકે અજાણ્યો બને તો
ભરી પ્રેમ ભીતર ભળે છે તરાપો

**મંગળ રાવળ સ્નેહાતુર**

## સાગર તર્યા કરૂં

કયાં છે મધુરાં સ્વપ્ન લઈ આંખે ફર્યા કરૂં
છું માનવી હું સ્નેહનો સાગર તર્યા કરૂં
આ બાળકોનો સ્નેહ મને ભીંજવ્યા કરે
ને આખરી પડાવે હું ડગલાં ભર્યા કરૂં
આ બાળકો જુએ છે નવા સ્વપ્ન રાત દિ
આંખોમાં ચિત્ર રોજ નવા ચીતર્યા કરૂં
ઝાકળની જેમ મારે હવે જીવવું નથી
છું માનવી સુરજથી હું શાને ડર્યા કરૂં
આખું જગત આ ડુબી ગયું ભ્રષ્ટાચારમાં
ઈમાન ધર્મ મારો કરમ હું કર્યા કરૂં

**યુસુફ ગુંજાવી**

## ખાતાં પીતાં ખાતાવાળા

દેશમાં તો ચારેબાજુ ભ્રષ્ટાચાર થાય છે
ખાતા વાળા ખાતાં પીતાં કેવા જાહેર થાય છે ?
પટાવાળા થવા માટે પાંચ લાખ થાય છે
પીએસઆઈ માટે પેટીયું બોલાય છે
રૂપિયાવાળાને તો બધે રામ રમી થાય છે
નાણાં રે વિનાના બધા નાથીયા કુટાય છે..
તલાટી કે ટીડીઓ ને ટેસડા દેખાય છે
ગામડાનો ખેડુ માણા મનમાં મુંઝાય છે
સહકારી ભરૂં તો ય વિમો કયાં અપાય છે ?
પ્રથમીનો પોઠી કેવો લાચાર દેખાય છે ?
દારૂના નશામાં ઘણાં ટીલી લીલી થાય છે
મર્ડર કરીને મોટાં મોટાં છુટી જાય છે
દિકરીને દહેજને માટે ઝેર પાય છે
ગામે ગામ દ્રૌપદીની આબરૂ લુંટાય છે
શહીદો જ્યાં સરહદે ગોળીથી વીંધાય છે
દેશના લોકોને જાતા જાતા કે તા જાય છે
લોહી દઈને મેળવેલી આઝાદી લુંટાય છે
ભઈલા ગણ્યા તા એ બધા ફસાઈ જાય છે

**સાંઈરામ દવે**

## આનંદ સે લેલો...!

ખુશીયાં હૈ ચારો ઓર તુમ દુઃખી મત ફરો
લુંટ લો ઈસ ખુશીયાં કો,
ફીર દગા કીસી કા મત કરો
કુછ ભી હૈ તુમ્હારી પાસ તો
દુસરો કો દિયા કરો
દુઃખ નહીં દેના કીસી કો
દુખ કો ભી ઈસી તરહ લુંટા કરો

**બી.જે.હડીયલ**

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

રખેવાળ

## ઉમતા ગામની સીમમાંથી ત્રણ જુગારીયા ઝડપાયા

મહેસાણા

વિસનગરના ઉમતા ગામની સીમમાંથી ગંજીપાનાનો જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાયા છે. તેમની પાસેથી જુગારનું સાહિત્ય, રોકડ રકમ મળી કુલ રૂા. ૪૦,૪૨૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ છે. જાણવા મુજબ વિસનગર તાલુકા પોલીસે ગત સોમવારે બાતમીના આધારે ઉમતા ગામની સીમમાં ગંજીપાનાનો જુગાર રમતા ત્રણ જણા ઝડપાયા હતા. પોલીસે જુગારના સ્થળેથી રોકડ રકમ, જુગારનું સાહિત્ય, બાઈક, મોબાઈલ મળી કુલ રૂા. ૪૦,૪૨૦ નો મુદ્દામાલ જપ્ત કરેલ છે.

## સરસ્વતી તાલુકાના રવિયાણા અને કોઈટા ગામે તળાવ ઉંડા કરવાના કામનો શુભારંભ



સિધ્ધપુર

રાજ્ય સરકારની મહત્વાકાંક્ષા વાળી સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત સરસ્વતી તાલુકાના રવિયાણા અને કોઈટા ગામે હયાત તળાવ ઉંડા કરવાનું ખાતમુહૂર્ત જીઆઈડીસીના ચેરમેન બલવંતસિંહ રાજપૂત ના હસ્તે કરવામાં આવ્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે આગામી સમયમાં પાણીની વિકટ સમસ્યાઓ સર્જાશે તે માટે અત્યારથી જ આપણે જાગૃત થવું પડશે અને ભાવી પેઢી માટે પાણી જાળવી રાખવું પડશે.આ પ્રસંગે હજ કમિટીના ચેરમેન કાદરી, જીલ્લા પ્રભારી મયંકભાઈ નાયક, જિલ્લા પ્રમુખ મોહનભાઈ પટેલ, સિધ્ધપુર તાલુકા પંચાયતના પ્રમુખ વિક્રમસિંહ ઠાકોર, તાલુકા ભાજપ પ્રમુખ સોવનજી ઠાકોર, બંને ગામના સરપંચ સભ્યો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| પીલૂડા | | બાજરી | ૨૪૧-૨૭૦ |
| રાયડો : | ૭૦૦ થી ૭૨૫ | જવ | ૨૯૨-૨૯૬ |
| એરંડા : | ૭૫૫ થી ૭૭૫ | ગવાર | ૭૦૦-૭૨૫ |
| જીરું : | ૨૮૦૦ થી ૩૧૩૧ | રાયડો | ૬૫૦-૭૨૨ |
| સુવા : | ૭૮૬ થી ૭૮૬ | એરંડા | ૭૫૫-૭૭૩ |
| ઈસબગુલ : | ૧૨૩૫ થી ૧૪૮૦ | સુવા | ૮૫૦-૯૦૩ |
| રાજગરો | ૯૦૦ થી ૯૦૦ | ઈસ. | ૧૦૫૦-૧૪૪૦ |
| અજમો : | ૧૨૩૦ થી ૧૬૫૦ | જીરૂ | ૨૭૦૪-૨૯૦૦ |
| વરીયાળી | ૧૨૩૧ થી ૧૨૪૧ | રાજગરો | ૧૦૨૬-૧૨૨૨ |
| ચીકુડી : | ૧૨૪૦ થી ૧૩૫૦ | ચીકુડી | ૧૧૮૦-૧૨૮૩ |
| રજકો | ૨૫૨૧ થી ૨૫૨૧ | અસાળીયો | ૭૩૯-૭૭૫ |
| ગવાર | ૭૨૦ થી ૭૨૦ | વરીયાળી | ૧૦૦૫-૧૨૯૫ |
| તલ | ૧૦૫૧ થી ૧૦૫૧ | તલ | ૧૨૬૦ |
| મેથી | ૪૨૨ થી ૪૨૨ | તારામીરા | ૭૮૦ |
| બીજડા | ૯૦૦ થી ૯૦૦ | અજમો | ૧૦૯૫-૧૫૫૦ |
| ડીસા | | અન્ય | ૭૮૦-૧૨૮૩ |
| ઘઉં | ૩૨૫-૩૮૬ | ભીલડી | |
| બાજરી | ૨૩૫-૨૫૭ | એરંડા | ૭૬૦-૭૭૬ |
| રાજગરો | ૧૧૭૧-૧૨૬૦ | રાયડો | ૬૯૫-૭૧૧ |
| વરી. | ૧૧૭૦-૧૧૭૫ | રાજગરો | ૧૧૦૦-૧૨૩૯ |
| તમાકુ | ૧૦૨૧-૧૩૭૫ | બાજરી | ૨૪૦-૨૫૩ |
| રાજગરો | ૧૧૮૦-૧૨૭૩ | ઘઉં | ૩૦૬-૩૦૮ |
| સુવા | ૮૧૫ | થરા | |
| ઈસ. | ૧૩૦૨ | જીરૂ | ૨૫૯૦-૩૨૨૬ |
| એરંડા | ૭૬૫-૭૭૫ | એરંડા | ૭૬૩-૭૮૨ |
| રાયડો | ૭૦૦-૭૨૧ | રાયડો | ૭૦૫-૭૨૦ |
| નેનાવા | | ઘઉં | ૩૧૫-૪૬૦ |
| રાયડો | ૬૮૫-૭૨૩ | બાજરી | ૨૩૦-૨૬૫ |
| એરંડા | ૭૫૫-૭૭૧ | વરી. | ૧૧૬૦-૧૭૦૦ |
| સરસવ | ૭૬૦-૮૨૧ | ગવાર | ૬૮૦-૭૦૦ |
| ઘઉં | ૩૩૫-૩૯૧ | સિધ્ધપુર | |
| બાજરી | ૨૭૦-૩૫૦ | વરી. | ૧૧૭૫-૧૨૭૫ |
| ધાણા | ૮૦૦ | રાયડો | ૬૬૦-૭૫૧ |
| અજમો | ૧૨૫૧-૨૧૫૧ | એરંડા | ૭૩૦-૭૭૪ |
| ગવાર | ૭૨૦-૭૨૭ | ઘઉં | ૩૧૦-૪૬૫ |
| અસાળીયો | ૬૭૦-૭૦૦ | જવ | ૨૮૦-૩૧૦ |
| મેથી | ૪૫૦ | સવા | ૮૨૫-૯૨૭ |
| તારામીરા | ૭૮૩-૮૩૦ | કપાસ | ૭૦૦-૯૦૦ |
| રજકો | ૫૫૧-૧૨૦૦ | બાજરી | ૨૧૦-૨૭૨ |
| સુવા | ૮૩૫-૮૮૯ | પાટણ | |
| ચીકુડી | ૧૦૦૦-૧૩૧૧ | જીરૂ | ૨૩૭૫-૨૮૭૫ |
| વરી. | ૧૧૫૨-૧૩૫૫ | વરીયાળી | ૧૦૮૨-૧૫૦૧ |
| જીરૂ | ૨૬૨૭-૩૦૧૧ | મેથી | ૩૯૦-૬૭૨ |
| ઈસ. | ૧૦૭૦-૧૬૩૦ | સુવા | ૫૪૫-૯૫૩ |
| પાલનપુર | | રાયડો | ૬૬૫-૭૭૫ |
| ઘઉં | ૩૧૨-૪૨૨ | એરંડા | ૭૫૦-૭૭૦ |
| બાજરી | ૨૩૩-૨૫૪ | ઈસ. | ૯૮૦-૧૦૫૦ |
| એરંડા | ૭૬૦-૭૭૩ | અજમો | ૮૦૦-૧૨૦૧ |
| રાયડો | ૭૧૧-૭૨૧ | ઘઉં | ૩૧૫-૩૭૨ |
| વરી. | ૧૨૨૦-૨૩૦૦ | બાજરી | ૨૨૭-૨૬૩ |
| રાજગરો | ૯૩૬-૧૨૭૧ | અસાળીયો | ૪૪૫ |
| લાખણી | | ગવાર | ૬૬૦-૭૦૮ |
| એરંડા | ૭૬૦-૭૯૨ | કપાસ | ૭૦૦-૧૦૫૧ |
| રાયડો | ૬૮૦-૭૧૫ | થરાદ | |
| સુવા | ૮૫૦ | રાયડો | ૭૧૦-૭૪૭ |
| વરી. | ૧૧૦૦-૧૪૯૨ | એરંડા | ૭૫૮-૭૭૦ |
| બાજરી | ૨૬૦ | જીરુ | ૨૪૦૦-૩૧૦૦ |
| ગવાર | ૭૦૦-૭૨૧ | વરીયાળી | ૧૦૨૫-૧૩૦૧ |
| ચીકુડી | ૧૨૦૦-૧૩૬૫ | ચિકુડી | ૧૦૦૦-૧૩૦૦ |
| ઈસ. | ૧૦૫૦-૧૩૪૮ | ઈસબગુલ | ૧૩૦૦-૧૭૦૦ |
| પાંથાવાડા | | અજમો | ૧૦૦૦-૨૪૦૦ |
| ઘઉં | ૨૬૦-૨૮૧ | રજકો | ૨૨૦૦-૨૬૦૦ |
| ગવાર | ૬૮૦- ૭૨૦ | મેથી | ૪૫૦-૯૦૦ |
| રાજગરો | ૧૦૭૬- ૧૨૩૦ | સોવા | ૮૦૦-૮૭૩ |
| જીરૂ | ૨૭૩૫-૨૭૩૫ | ગવાર | ૭૦૦-૭૨૦ |
| ઈ.ગુલ | ૧૧૦૦- ૧૨૮૧ | રાહ | |
| વરીયાળી | ૧૧૪૯-૧૧૪૯ | રાયડો | ૭૦૦-૭૧૫ |
| એરંડા | ૭૫૦- ૭૭૦ | એરંડા | ૭૫૫-૭૬૫ |
| રાયડો | ૭૦૨-૭૨૮ | ચિકુડી | ૧૨૦૦-૧૩૦૫ |
| ધાનેરા | | સોવા | ૮૦૦-૮૪૦ |
| ઘઉં | ૩૦૫-૩૬૩ | બાજરી | ૨૬૦-૨૯૦ |

## લગ્નનાં ૧૫માં દિવસે પરણિતાએ આપઘાત કરી લેતા ચકચાર મચી

હિંમતનગર

હિંમતનગર તાલુકના કાનડા ગામમાં એક પરણિતાએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. જો કે તેને ક્યાં કારણોસર આત્મહત્યા કરી તે જાણવા નથી મળ્યું.

ઘટનાની વિગત અનુસાર આ પરણિતાના હજુ ૧૫ દિવસ પહેલા જ લગ્ન થયા હતા અને હજુ તો તેની મહેંદીનો રંગ પર ઉતર્યો ન હતો. ત્યાં તેને અચાનક ગળેફાંસો ખાઈ લેતા પરિવારમાં શોકોનો માહોલ છવાય ગયો છે. જો કે પરણિતાએ ક્યા કારણોસર આત્મહત્યા કરી છે. તે હજુ સુધી જાણવા નથી મળ્યું.

હાલ તો પોલીસે પરણિતાના મૃતદેહને પીએમ માટે હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. અને સમગ્ર મામલે ઉંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે.

## બહુચરાજીના વેણપુરામાં પરિણીતાનો ગળે ફાંસો ખાઈને આપઘાત

ચાણસ્મા

બહુચરાજીના વેણપુર ગામ ખાતે એક પરિણીતાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી દેતાં ચકચાર મચી છે, આ અંગે બહુચરાજી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ ચલાવેલ છે.

વેણપુર ખાતે રહેતા ૨૫ વર્ષીય દક્ષાબેન ભરતજી ઠાકોરે ગત બુધવારે ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. આ ઘટનાની જાણ તેણીના પરિવારજનોએ બહુચરાજી પોલીસને કરતા પોલીસે ઘટનાસ્થળે દોડી આવીને લાશનો કબજો લઈ તેને પીએમ માટે સરકારી હોસ્પિટલ મોકલી આપી હતી. ગામના વિરમજી પ્રધાનજી ઠાકોરની જાણવા જોગ આધારે પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કોન્ટ્રાક્ટરની બેદરકારીને કારણે બાળકી બોરવેલમાં પડી, ૨૦ ફૂટ ઊંડો ખાડો કરી બાળકીને બચાવાઈ

(જી.એન.એસ) બહુચરાજી

ખુલ્લાં પડેલાં બોરવેલમાં રમતાં રમતાં બાળકો પડી જવાના કિસ્સામાં બહુચરાજીની આ ઘટના થોડી જુદી છે. કારણ કે નાવીયા ગામમાં એક બોરવેલમાં પડેલી બાળકી કોન્ટ્રાક્ટરની બેદરકારીના કારણે પડી ગઈ હતી.આ બાળકી રમી રહી હતી તે દરમિયાન બોરવેલમાં પડી ગઈ હતી અને ૨૦ ફૂટ ઊંડે ફસાઈ ગઈ હતી. રેસ્ક્યૂ ટીમે બાજુમાં ૨૦ ફૂટ ઊંડો ખાડો કરીને બાળકીને બચાવી હતી અને બોરવેલમાંથી બહાર કાઢી હતી. બાળકીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામા આવી છે. જ્યાં બાળકીની તબિયત સ્થિર હોવાનું જણાવાયું હતું.

મહેસાણા જિલ્લાના બહુચરાજીમાં એક બાળકી બોરવેલમાં પડી ગઈ હતી. સદભાગ્યે બોરવેલમાં પડી ગયેલી બાળકીને રેસ્ક્યૂ કરી લેવામાં આવી છે. આ ઘટના બહુચરાજીના હંસલપુર અને નાવીયા ગામ વચ્ચે બની હતી.

આ સમગ્ર ઘટનામાં કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે આવી છે. કારણ કે આ બોરવેલને ખુલ્લો રાખવામાં આવ્યો હતો.

## માણસા આનંદીમાંના વડલે રાહતદરે નોટબુક – ચોપડાનું વિતરણ

માણસા

શ્રી વિઘ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના માનદ્ મેનેજિંગ ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ વ્યાસે એક અખબારી યાદી દ્વારા જણાવ્યું છે કે માણસા તેમજ આસપાસના ગામોના પ્રજાજનો માટે દરવર્ષની જેમ આ વર્ષે પણ રાહતદરે નોટબુક – ચોપડાનું વિતરણ ચાલુ કરવામાં આવ્યું છે. જે લોકોને પોતાના બાળકો માટે નોટબુક ચોપડાની જરૂરિયાત હોય તેઓએ એક ડઝનના રૂ. ૨૦૦/- (અંકે રૂ. બસો પુરા)ના ભાવથી નોટબુક ચોપડા મેળવી લેવા વિનંતી છે. શ્રી દિનેશભાઈ વ્યાસે વધુમાં જણાવ્યું હતું કે આ નોટબુક ચોપડા ૫૪ જી.એસ.એમ. મોટી સાઈઝ અને ૧૫૨ પેઈજના છે જે બજારકિંમત કરતા ૫૦ ટકાથી પણ વધુ રાહત ભાવથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આપવામાં આવશે. ચોપડા મેળવવાનું સ્થળ આનંદી મૉનો વડલો, માણસા મકાખાડ રોડ,મલાવ તળાવ પાસે, માણસા છે. ફોન નં ૮૧૨૮૯૮૦૦૦૭ છે (દિનેશભાઈ વ્યાસ) માનદ્ મેનેજીંગ ટ્રસ્ટી

## રાધનપુર તાલુકાના ધોળકડામાં તળાવ ઊંડું કરવાની કામગીરીનો શુભારંભ



કમલ ચક્રવર્તી

રાધનપુર

ગુજરાત સરકારના સુજલામ સુફલામ જળસંચય અભિયાન અંતર્ગત રાધનપુર તાલુકાના ધોળકડામાં તળાવ ઊંડું કરવાની કામગીરીનો નાળીયેર વધેરીને શુભારંભ કરવામાં આવ્યો હતો.પ્રાંત અધિકારી એસ.ડી.ગીલવા,પાટણ જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મી,ભણસાલી ટ્રસ્ટના તનેસિંહ સોઢા,જિલ્લા પંચાયત સદસ્ય બાબુભાઈ આહીર, સરપંચ રાજુભાઈ આહીર,માજી સરપંચ શંકરભાઈ આહીર સહિતની ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર અને ભણસાલી ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ગામ તળાવ ઊંડું કરવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.જિલ્લા ભાજપ મહામંત્રી પ્રવીણભાઈ મહાલક્ષ્મીના જણાવ્યા મુજબ જળસંચય અભિયાન અંતર્ગત તળાવ ઊંડું થઈ ગયા બાદ ગામ લોકોને પાણીનો લાભ મળશે. અને ખાસ કરીને પશુધન માટે આ પાણી આશીર્વાદરૂપ નીવડશે. રાધનપુર-સાંતલપુર અને સમી તાલુકાઓમાં ભાજપના પદાધિકારીઓની દેખરેખ હેઠળ તળાવો ઊંડા કરવાની કામગીરી ચાલી રહી છે.

## રાધનપુર તાલુકાના દેવમાં હિમજા માતાજીને ૪૦ ફૂટની ધજા ચડાવાઈ



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર તાલુકાના દેવ ગામે પૌરાણિક એવા હિમજા માતાજીના મંદિરે પ્રથમ જ વાર ૪૦ ફૂટ લાંબી ધજા ચડાવવામાં આવી છે,મંદિરના પૂજારી મૌલિકભાઈ ત્રિવેદીના જણાવ્યા મુજબ અધિક માસ નિમિત્તે અત્યાર સુધીની સૌથી મોટી ધજા ચડાવવામાં આવી છે,જે દેવ ગામમાં જ રહેતા દિનેશભાઈ દરજીએ સિલાઈકામ કરીને દૈદિપ્યમાન ધજા બનાવી છે.જે ધજાને શ્રદ્ધાળુઓ હવામાં લહેરાતી જોઈને હાથ જોડીને નમન કરે છે.

## મોઢેરા નજીક ફેકટરી માલિકને છરી બતાવી રૂા.૨.૮૩ લાખની લૂંટ

ચાણસ્મા

બહુચરાજી તાલુકાના મોઢેરા નજીકના વિજાપુરડા ગામે ગઈકાલે વહેલી સવારે એક ખેતરમાં આવેલી કેમીકલ્સ ફેકટરીને નિશાન બનાવી તેના માલિકને છરી બતાવી ૧૦ થી ૧૧ જેટલા ઈસમોએ એક પીકઅપ ડાલામાં જૈવિક ખાતરની ૪૭ જેટલી બેગો પીકઅપ ડાલામાં ભરીને લઈ જઈ રૂા. ૨૮૩૦૦૦ ની લૂંટ ચલાવી આરોપીઓ નાસી છૂટયા હતા. જે અંગેની ફરિયાદ મોઢેરા પોલીસ સ્ટેશને નોંધાતા પો.સ.ઈ. આર.કે. પટેલે લૂંટની ફરિયાદ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવની વિગત જાણવા મળે છે તે મુજબ વિજાપુરડા ગામની સીમમાં પટેલ વિરમભાઈ શીવરામદાસ રહેવાસી વિજાપુરડા ભાગીદારીથી ખોડીયાર કેમીકલ્સની ફેકટરી ધરાવે છે. અને આ ફેકટરીમાં જૈવિક ખાતરનું ઉત્પાદન કરે છે. ગઈકાલે રાત્રિના સમયે ફેકટરીના માલિક અને તેમના મજુરો સુતા હતા તે દરમ્યાન વહેલી સવારે એક નંબર વગરના પીકઅપ ડાલા સાથે કોઈ અજાણ્યા ૧૦ થી ૧૧ જેટલા ઈસમોએ આવી છરીની અણીએ ફેકટરી માલિકને ઈજા કરી તેમજ હાજર મજુરોની ઉપર ગોદડા ઢાંકી લઈ ગણતરીના કલાકોમાં જ જૈવિક ખાતરની ૪૭ બેગ લઈને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. જેની અંદાજીત કિંમત રૂા.૨૮૩૦૦૦ થાય છે. આ અંગેની ફરિયાદ પટેલ વિરમભાઈએ મોઢેરા પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં પોલીસે અજાણ્યા ઈસમો વિરૂધ્ધ લૂંટનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરનો ૩૧ વર્ષીય મેહુલ જોશી માઉન્ટ એવરેસ્ટ સર કર્યો



સતીષ ભટ્ટ

હિંમતનગર

પહેલો ગુજરાતી બન્યો છે. ૧૯મીએ સવારે ૪.૩૦ વાગે મેહુલે એવરેસ્ટની ૮૮૪૮ મીટરની ઊંચાઈ સર કરી છે. મેહુલને સ્કૂલમાં એવરેસ્ટ અંગે પૂછાયેલા સવાલનો જવાબ ન આવડતાં એવરેસ્ટ સર કરવાની પ્રેરણા મળી હતી. ટ્રેકિંગ કેમ્પના આયોજક કમલેશ અને શેખરે જણાવ્યું કે, મેહુલ અને અન્ય સાહસિકો પરત આવતી વખતે અત્યારે પહેલા બેઝ કેમ્પપર છે. ૩ દિવસ પછી નેપાળ પહોંચશે. હિંમતનગરમાં મેહુલની સિદ્ધિની ખબર પડતાં ફટાકડા ફોડવામાં આવ્યા હતા.

૬ એપ્રિલે દેશના ૩૬ લોકોની શરૂ થયેલી માઉન્ટ એવરેસ્ટ સમિટમાંના ૧૧ લોકોએ ૧૬ મેએ એવરેસ્ટની ઊંચાઈ સર કરી છે. દવાઓનો વેપાર કરતો મેહુલઅગાઉ ડાયાબિટીસ, ડિપ્રેશન અને હાઈ બીપીથી પીડાતો હતો. મેહુલના પિતા પ્રવીણજોશીએ ફોનઉપર ‘રખેવાળને કહ્યું કે, ‘અમે બૅન્ક લોન અને લોકો પાસેથી પૈસા ઉછીના લઈને દીકરાને એવરેસ્ટ મોકલ્યો હતો. દીકરાએ એવરેસ્ટ સર કર્યો તેની ખબર પડી ત્યારે ખુશીના આંસુ આંખમાંથી રોકાતાં નહોતાં.’૧૯મી તારીખે એવરેસ્ટ સર કરવાના બીજા પણ વિક્રમ નોંધાયા છે. ગુંડગાવના અજીત અને દિયા બજાજ પહેલાં ભારતીય પિતા-પુત્રી છે જેમણે એવરેસ્ટ સર કર્યો હતો. દિયા સવારે ૪.૩૦ કલાકે શિખર પહોંચી હતી. તેની ૧૫ મીનીટ પછી પિતા અજીત બજાજ ત્યાં આવ્યા હતા. એવરેસ્ટ સર કરવાનું સ્વપ્ન દિયાનું હતું જે એવો સંદેશ આપવા માંગતી હતી કે, કોઈપણ છોકરી સરખી તક મળે તો એવરેસ્ટ સર કરી શકે છે. ૧૯મીએ જ નિગ્મા નુરુ નામના નેપાળી શેરપાએ ૨૨મી વખત માઉન્ટ એવરેસ્ટ સર કરીને નવો વિક્રમ સ્થાપ્યો છે.

મેહુલે સર કરેલાં શિખર રશિયાનું ઈલબુઝ શિખર-૫૬૪૨મી. લેહનું સ્ટોક કાંગરી - ૬૧૫૩ મી. ઉતરાખંડનું માઉન્ટ થેલું - ૬૦૦૫મી.: ઉતરાખંડનું મા.ભગીરથી-૬૫૧૨ મી ઉતરાખંડનું મા. સતોપંથ-૭૦૭૫ મી.પિતા-પુત્રીએ સાથે અને નેપાળી શેરપાએ ૨૨મી વખત શિખર સર કર્યું.

## ચાણસ્મા તાલુકામાં ચાલતી જળસંચય યોજનાની કામગીરીની ડિરેક્ટરે લીધેલી મુલાકાત



ચાણસ્મા

સુજલામ સુફલામ યોજના નીચે ચાણસ્મા તાલુકામાં હાલમાં ત્રણ ગામોના તળાવો ઉંડા કરવાની કામગીરી શ્રમિકો દ્વારા ચાલી રહી છે. જેની ગતરોજ મનરેગા યોજના ડિરેક્ટરે ઓચિંતી મુલાકાત લઈ જળસંચયની કામગીરીની તપાસણી કરી સંતોષ વ્યક્ત કર્યો હતો. તપાસણી દરમ્યાન મજુરોએ કામગીરીના દિવસો વધારવા અને દૈનિક મજુરીના દરમાં વધારો કરવા રજુઆત કરી હતી.જળસંચયની કામગીરીના ભાગરૂપે ચાણસ્મા તાલુકાના સેઢાલ, સેવાળા અને ખારી ધારીયાલ ગામોના તળાવ ઉંડા કરવાની કામગીરી ચાલી રહી છે. આ યોજનામાં મનરેગા અંતર્ગત શ્રમિકો મજુરી મેળવી રહ્યા છે. જે કામોની મનરેગા યોજનાના ડિરેક્ટર શંભુભાઈ બી. દેસાઈએ ઓચિંતી મુલાકાત લીધી હતી. ચાલતા કામોની સમીક્ષા કરી જરૂરી સુચન કર્યુ હતું.તેમની સાથે ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારી કે.એસ.ત્રિવેદી અને મનરેગા એ.પી.ઓ. જ્યોતિબેન પટેલ હાજર રહ્યા હતા. મનરેગા યોજના અંતર્ગત મજુરોને એક વર્ષમાં ૧૦૦ દિવસ રોજગારી આપવામાં આવે છે. જેથી કામગીરીના દિવસો વધારવા માગણી કરવામાં આવી હતી. જ્યારે દૈનિક મજુરી રૂા. ૧૫૮ ચુકવાય છે. જે રોજગારીમાં વધારો કરવા પણ રજુઆત કરાઈ હતી. ગામના રસ્તાઓનું માટીકામ કરવા ટ્રેક્ટર જેવા સાધનોનો ઉપયોગ કરવાની છુટ આપી તેના ખર્ચને મંજુરી મળે તેવી રજુઆતને પગલે અધિકારીએ ઘટતુ કરવાની ખાતરી આપી હતી.

## મહેસાણામાં જાહેરાતનાં બોર્ડ લગાવવા થાંભલો ભાડે મળે છે...!!!

(જી.એન.એસ) મહેસાણા

મહેસાણા શહેરમાં સ્ટ્રીટલાઈટનાં થાંભલા પર જાહેરાતનાં બોર્ડ લગાવવાનાં કૌભાંડમાં હવે પાલીકાની વિચિત્ર જોગવાઈ જાણવા મળી છે. પટેલ જ્વેલર્સનાં જાહેરાતનાં કૌભાંડમાં એજન્સીને ભાડું તેમજ પેનલ્ટીથી બચાવવા માટે પાલીકાએ જાહેરાતનાં બોર્ડનાં બદલે માત્ર થાંભલા ગણાવીને એક થાંભલા પર ગમે તેટલાં જાહેરાતનાં બોર્ડ લગાવી શકાય તેવો લૂલો બચાવ કર્યો છે. પાલીકાની આ વિચિત્ર જોગવાઈનાં કારણે એટલું કહી શકાય કે એક થાંભલા પર જોઈએ તેટલાં જાહેરાતનાં બોર્ડ લગાવીને એજન્સી કૌભાંડ કરી શકે છે.

મહેસાણા શહેરમાં સ્ટ્રીટલાઈટનાં થોડા થાંભલા પર જાહેરાતનાં બોર્ડ લગાવવાની મંજૂરી મેળવીને વધારે થાંભલાઓ પર જાહેરાતનાં બોર્ડ લગાવી દીધાનાં કૌભાંડનો નવગુજરાત સમયે પર્દાફાશ કર્યો હતો. આ અહેવાલ સંદર્ભે પાલીકા પ્રમુખે જાહેરાતનાં બોર્ડનો સર્વે કરાવીને જરૂર જણાયે એજન્સી પાસેથી પેનલ્ટી સાથે ભાડાની વસૂલાત કરવાનો આદેશ કર્યો હતો. પરંતુ જમીન ભાડા શાખાનાં કર્મચારીઓએ સર્વે કર્યા બાદ ૪૧૮ જાહેરાતનાં બોર્ડ ગણાવવાનાં બદલે ૧૬૮ થાંભલાઓ પર જાહેરાતનાં બોર્ડ લગાવ્યાનો પાલીકા પ્રમુખને રીપોર્ટ કર્યો છે.

તેથી પાલીકા પ્રમુખે જમીન ભાડા શાખાનાં કર્મીઓની માફક જાહેરાતનાં બોર્ડ નહી પરંતુ એજન્સીએ થાંભલો ભાડે લીધો હોવાનો રાગ આલાપીને માત્ર ૧૮ થાંભલાનું ભાડું તેમજ પેનલ્ટી લેવાનો નિર્ણય કર્યો હોવાનું કહીને પાણીમાં બેસી જતાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યાં છે.